

જેની શતાબ્દી આ માસમા ઊજવાઈ રહી છે એ 'આર્યસમાજ'ના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીનું શ્રી રવિશંકર રાવળે કરેલું તૈલચિત્ર તથા એમની સહી

સંસ્થાપક · રવિશંકર રાવળ

સળંગ અંક ૬૧૬


આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૨મું · અંક ૪થો · એપ્રિલ ૧૯૭૫ · તંત્રી: બચુભાઈ રાવત

મયૂરી
(રંગીન વૂડકટ)
કલાકાર
ચન્દ્રેશ્વર શુક્લ



રાજસ્થાનનું
રંગભર્યું લોકજીવન
ત્યાંની વિવિધ ચિત્રરીતિઓમાં
સદા ય પ્રકટ થતું રહ્યું છે.
ત્યાંનાં ગામડાંમાં
ગારમાટીની ભીંતો પર
આલેખાતાં માંડણાંમાંથી
પ્રેરણા લઈ કરેલા
આ ચિત્રસર્જનમાં પણ
એ શોભનોના નિરૂપણ સાથે
ગ્રામ નારીના
આલેખનમાં પણ એની
ઢળકતી છટા ઉતારવાનો
પ્રયાસ છે.
(બ્લૉકો • કલાકારના સૌજન્યથી)

નીચે
આદમનો જન્મ
આ વર્ષે જેમની ૫૦૦મી
જયંતી ઊજવાઈ રહી છે
એ પ્રતિભાવંત કલાકાર
માઇકેલૅન્જેલોની એક
જગવિખ્યાત કૃતિ.
(જુઓ આ અંકની 'કલાવાર્તા')



આંતરમાં

એપ્રિલ ૧૯૮૫ • અંક ૬૧૬

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક


'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

પ્રાચીન સિક્કા વિષે

જાન્યુઆરી અંકમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના 'પ્રાચીન સિક્કા' વિષેના લેખ સાથે ચીનના બે ધાતુના સિક્કાઓનાં રેખાંકન આપવામાં આવ્યાં છે તે હકીકતમાં સિક્કા (coins) નથી પણ વિનિમયના માધ્યમ (unit of barter) છે. ઉપરાંત, તેમાંથી જે ફરસી આકારનું રેખાંકન છે તે જ ચીનનું માધ્યમ છે.



આ સાથે એક ફોટોગ્રાફ મોકલું છું. તેમાં દર્શાવેલાં બંને વિનિમયનાં માધ્યમો મારા અંગત સંગ્રહમાં છે. આ બંને ધાતુનાં માધ્યમો, જેમાંનું મોટું ચાંદીનું અને નાનું પિત્તળ-કાંસુ-મિશ્રિત ધાતુનું છે, તે ચીનમાં નહિ પણ મૅકૉંગ નદીના ખીણ-પ્રદેશમાં આદિવાસી સમાજમાં વિનિમયનાં માધ્યમ (Tribal currency) તરીકે લગભગ પાંચસો વર્ષ પહેલાં પ્રચલિત હતાં. અંગ્રેજોએ આ પ્રકારનાં ધાતુનાં વિનિમય-માધ્યમોને તેના આકાર પર આધારિત 'Boat Money' અને / અથવા 'Tiger tongue money' નામ આપ્યાં હતાં. ઉપર્યુક્ત માહિતી મેં બૅંગકૉક મ્યૂઝિયમ (થાઈલૅન્ડ)માંથી પ્રાપ્ત કરી હતી.

(મુંબઈ) —જગદીશ ગાંધી

બહાદુરશાહની કબરના ચિત્રમાં

'બહાદુરશાહની કબર'ના મારા પત્રમાં મુદ્રણદોષ થયો લાગે છે. શ્રી માધવજી કોટક માટે તેઓ શેઠ કરમશીભાઈ જેઠાભાઈ સોમૈયાના 'પુત્રવત્' હોવા વિષે મેં લખેલ છે. છાપવામાં 'પુત્ર' છપાયું છે. તેઓને જમાઈ કે જમાત ન વર્ણવતાં, પુત્રવત્ એટલે 'પુત્ર જેવા' શબ્દનો ઉપયોગ મેં કર્યો છે.

(જલગામ) —હરખચંદ મૂળજી

મત્સ્યેન્દ્રનાથની મૂર્તિ

'કુમાર' ૬૧૩માં શ્રી મધુસૂદન ઢાંકી દીવમાંથી પ્રાપ્ત મત્સ્યેન્દ્રનાથની મૂર્તિના કાળનિર્ણય બાબતે જે ઉત્તર વાળે છે એને હું સ્વીકારી શકતો નથી. કારણો આ પ્રમાણે છે: શ્રી ઢાંકીને દશમા શતકમા પદ્માસન પ્રાકૃત થતા તેવું જાણમાં નથી પણ મને જાણ છે કે તેરમા-ચૌદમા શતકમાં નાથ સંપ્રદાયની મૂર્તિઓમાં સપ્રમાણ પદ્માસનો થતાં હતાં! હવે આ મૂર્તિને તેરમા શતકની કહો તો એમાં ડભોઈના મહુડી-દરવાજાની નાથમૂર્તિઓ સમું પદ્માસન અનિવાર્ય બની રહે, જે અહીં નથી. શ્રી ઢાંકી દશમા શતકનાં સૌષ્ઠવ અને લાલિત્યને આ મૂર્તિમાં અનુપસ્થિત જુએ છે તેમ હું તેરમા શતકની નાથમૂર્તિઓમાં જોવા મળતાં લક્ષણોને અહીં સ્થિત જોઈ શકતો નથી. એ તો બહુ સ્પષ્ટ છે કે ઈ. સ.ની તેરમી સદીમાં નાથમૂર્તિની કલાપરંપરા ગુજરાતમાં શરૂ થઈ ગઈ છે, જેની સાથે આ મૂર્તિને કોઈ પણ રીતે બેસાડી શકાય તેમ નથી. વળી ડભોઈના મહુડી-દરવાજામાં પ્રાપ્ત નાથમૂર્તિઓ પછીના સમયમાં પણ આને લઈ જઈ શકાય તેમ નથી, કારણ કે એક પરંપરા એક ધર્મસંપ્રદાયમાં રૂઢ થયા પછી તેનું અનુકરણ જ તે સંપ્રદાયમાં થાય છે. દીવની મત્સ્યેન્દ્રનાથ-મૂર્તિનું નીચેનું માછલું પણ આ મૂર્તિને દશમી સદી પછી આ બાજુ આવવા દે તેમ નથી. જો આ પહેલાં આપણી પાસે નાથમૂર્તિઓ નોંધાએલી ન હોત તો પ્રશ્ન જુદો બનત; પણ ડભોઈની તેરમી સદીની નાથમૂર્તિઓ આપણી સામે જ છે ત્યારે આ મૂર્તિનો કાળનિર્ણય મુશ્કેલ નથી. ડભોઈની નાથમૂર્તિઓની પરંપરામાં આ આવી શકે તેમ નથી. આથી એ પરંપરાની આગળ જ આને મૂકવી હું યોગ્ય ધારું અને તેમ કરવામાં, મેં અગાઉ કહ્યું તેમ, પદ્માસન તથા ઉપર કહ્યું તેમ મત્સ્યનું અંકન સહાયભૂત જણાય છે. આ મૂર્તિ તેરમી સદીની નાથમૂર્તિઓના પૂર્વજ સમી છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

કૅન્સરનો ઉપાય

કૅન્સરનો એક સચોટ દેશી ઉપાય મળ્યો છે. સરગવાની છાલ, પુનર્નવાની છાલ, સાટોડીનાં મૂળ કે તેની છાલ અને વાયવરણાની છાલ, આ ત્રણે વસ્તુ ૫૦-૫૦ ગ્રામ લઈ બશેર પાણીમાં ઉકાળી અરધો શેર પાણી રહે, તે દિવસમાં સવારસાંજ બે વખત પીવું. ને તેનો કૂચો વધે તેને વાટી લુગ્દી બનાવી ગળાના ગાંઠા પર મૂકી પાટો બાંધવો તેનાથી કૅન્સરના જંતુઓનો નાશ થાય છે અને ગાંઠો પણ ગળી જાય છે.

આ ઉપાય લાઈટ લીધા પહેલાં બહુ જલદી અસર કરે છે અને લાઈટ લીધા પછી થોડો સમય લાગે છે. સુરતમાં એક ડૉક્ટરે પારલામાં આ પ્રયોગ બે-ત્રણ દર્દીઓને સારા કરતાં મેં મારા પૂનાના એક ગ્રાહક પર તે પ્રયોગ શરૂ કરાવ્યો. તેમણે લાઈટ લીધી ન હતી. તેઓ ને તદ્દન આરામ થઈ ગયો છે.

હાલમાં મારા સંબંધીએ પ્રયોગ શરૂ કર્યો છે, જેમણે ૧૮ લાઈટ લીધી છે તો પણ એક માસમાં ૫૦ ટકા જેટલો આરામ થયો લાગે છે.

આ ઉપાય સાથે તેલ, મરચું, ખટાશ જેવા પદાર્થો બંધ કરી ઘી, દૂધ જેવો સાત્ત્વિક ખોરાક લેવો. તેમાં પણ ખાસ કરીને ગાયનાં ઘી-દૂધ વધુ ઉપયોગી નીવડશે.

કૅન્સરથી પીડાતા દર્દીઓ જરૂર આ પ્રયોગ શરૂ કરી આરામ મેળવી શકે તેમ છે. આ વિષેની વધુ માહિતી સમય ૩ થી ૭ વચ્ચે ફોન નંબર ૩૨૬૯૦૩ પરથી મળી શકશે.

ગોકળદાસ મનોરદાસ, કે. મહેન્દ્રકુમાર ઍન્ડ કં. ૧૯૨, વડગાદી, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ-૩.

ચન્દ્ર પર પ્રથમ પગ મૂકનાર

નવેમ્બર માસના 'કુમાર'માં ચંદ્ર વિષેના લેખમાં ત્યાંની ધરતીપર પ્રથમ પગ મૂકનાર તરીકે નીલ આર્મસ્ટ્રૉંગ ને માઇકેલ કૉલિન્સનો તથા આલ્ડ્રિન કમાન્ડ મૉડ્યુલમાં રહ્યાનો ઉલ્લેખ છે. મારી જાણ પ્રમાણે આર્મસ્ટ્રૉંગ સાથે આલ્ડ્રિન હતો અને કમાન્ડ મૉડ્યુલમાં કૉલિન્સ.

(કરલી) —ચ. મા. પટેલ

[*આપની જાણ ખરી છે. અમારી ભૂલ છે.]

જૂના અંકો ૧

મારે 'કુમાર'ના ૧૦૧થી ૨૦૦ સુધીના અંકો સારી સ્થિતિમાં સચવાએલા છૂટક અથવા પાકી બાંધેલી ફાઈલોમાં ખરીદવા છે. નીચેને સરનામે લખશો: હંસરાજ વૃન્દાવન કાપડિયા, ૫, જૂની હનુમાનગલી, કાલબાદેવી, મુંબાઈ-૨.

મારે અંક નંબર ૫૮૬, ૫૮૭, ૫૮૮, જોઇએ છે. અનિલ શુકલ, 'હર્ષનિવાસ' ૭, જયરાજ પ્લૉટ, રાજકોટ.

૨

અમારે 'કુમાર'ના ૩૯૦ થી ૫૦૦ સુધીના અંકો વાજબી કિંમતે કાઢી નાખવાના છે. ઈચ્છા' હોય તેમણે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો: પ્રાઈમ ટ્રેઈડર્સ, ૫૧ ગણેશવાડી, ઝવેરી બજાર, મુંબાઈ-૨

૧૯૫૪ કે ૧૯૫૫થી હું 'કુમાર'નો ગ્રાહક છું. છેલ્લાં ૧૯-૨૦ વર્ષના 'કુમાર'ના અંકો મારી પાસે છે. (કોઈક અંક ખૂટતો હોય એવું બનવા સંભવ છે.) મારે તે બધા અંકો કાઢી નાખવા છે. ડૉ. રમણલાલ હી. ગાંધી, ૨૭ કલ્યાણ સોસાયટી, મોડાસા, જિ. સાબરકાંઠા.

મારી પાસે 'કુમાર'ના જૂના અંકોની, અંક ૪૯૭ થી ૫૬૬ સુધીની આઠ પાકી બાંધેલી ફાઈલો છે, જે કોઈ શાળા, ગ્રામપંચાયત, કૉલેજ અથવા પુસ્તકાલયને અથવા તો 'કુમાર'ના જૂના અંકો એકઠા કરવા ઈચ્છતી વ્યક્તિને વાજબી ભાવે આપવાની છે. જૂના અંકો તદ્દન નવા જેવા જ છે.-ભાનુ મહેતા, ૨૭ જ્યુબિલી કૉલોની, ભુજ (કચ્છ).

અવળું ખમીર/ધીરુ પરીખ

• ગાન •

સૂસવતા વાય છે સમીર!
ડાળ સંગ બાંધ્યો સંબંધ લોક જાણે,
ને મન મારું ફૂણેરા ફરકાટો માણે:
મૂળ થકી જીવનના આવત સંદેશ એને
નસનસમાં વ્હેતું હું પાંદડું અમીર —સૂ૦
જાણું ના એમ લીલો વૈભવ હણાયો
ને તો ય મારા/સપનાનો મહેલ શો ચણાયો!
પીળી પૂંજીને લૈ ભોંય પરે ભટકું તો
હરખાતું મુક્તિનું અવળું ખમીર —સૂ૦

જશે/શિલ્પિન્ થાનકી

• ગઝલ •

લીલોતરી કશી ય મૌનની નહિ બચે—
શબ્દો બધે જ તીડ બની વિસ્તરી જશે!

આખર નગર મહીં અવાજ ક્યાં સુધી રહે?
દીવાલ શબ્દની કદીક જર્જરી જશે!

ઝરણું સ્મરણ તણું ય વહે કેટલે લગી?—
જો લાગણી બરફ બની સ્વયમ્ ઠરી જશે.

હજી/હરીશ મીનાશ્રુ

• શિખરિણી •

હજી આ પા થૈને ઘર ભણી જતાં સાંજુક સમે
અટૂલાં નૈનોમાં છલકઈ જતી સોબત વીતી...
ભરાએલા કંઠે હજી ગણગણું ગીત અધૂરું—,
તમારી ભેળું જે કદીક ટહુક્યો વંન વગડે
લીલાં એકાંતોના વિવશ તલસાટે મયૂર શો!

હજી યે શેઢેથી પગરવ-ભીરુ કોક સસલું
છલંગે કે થાતું, વીંટળાઈ જશે વેલ શું મને
અચિંતું બી જૈને અમથું અમથું કોઇ હમણાં!
રૂંવે રૂંવે જાણે મદિલ હૂંફ લૈ ટેરવું મૂગું
ગૂંથી લેશે ઝીણું ભરત કિનખાબી વચનનું...
...અને ભીના વાને નીરવ સીમ આખી ધરુજશે!

વિખેરું દર્દીલાં ડગ વિજન કેડી પર, સખી,—
તમારા શ્વાસોની સુરભિત છટા લૈ અહીંતહીં
વિખૂટાં સ્વપ્નો શી હજી ય ફરકે ગદ્ગદ હવા...!

મુદા મનોહર/પ્રિયકાન્ત મણિયાર

• ગાન •

ઓળખ ના લવલેશ:
વ્હાલા તો ય વિશેષ!
સૂરજ શોધે દિવસે તમને શોધે શશિયર રાતે,
નભ પથરાયા તલખે તમને તારલિયા સહુ ભાતે;
ઝરણ ચરણનાં કલરવ કરતાં ભમતાં દેશ-વિદેશ!
ઓળખ૦

અષાઢ-અંબર સપ્ત રંગનાં મેઘધનુમાં ફૂટ્યા!
ધીખતી ધરાના પ્રાણ તલખતા અમૃતધારે છૂટ્યા!
ઊંચાંનીચાં શૈલશિખરમાં મળતા કૈં નિર્દેશ!
ઓળખ૦

પુષ્પપુષ્પનાં દલ દલ ઊઘડ્યા, વિહંગ વેગે ઊડતાં;
ઓસબુંદના આકારોમાં શૂન્ય સ્વરૂપે બૂડતા;
આંખ ઓળખે પલટાતા ત્યાં વરણાગી બહુ વેશ!
ઓળખ૦

ભોર થયો ને ભાળ મળી ગઈ જળમાં જાદુ જોઉં,
પલના એ તો પર્વત તો યે મલકત મોજે મોહું;
મુદા મનોહર! હર્ષ રૂપની સાગર તો તુજ શેષ!

પ્રેમબીન/જયંતીલાલ મહેતા

• મંદાક્રાંતા •

પ્રાતઃકાળે નયન ખૂલતાં ગૃહનાં દ્વાર ખોલી,
દોડી આવું પુલકિત ઉરે આગલા ખંડમાં હું.
'રાધે કૃષ્ણ!' પ્રિય કૂજી રહી પિંજરે પાળી મેના,
જાગે મારા હૃદયતલમાં શ્લોક કૈં પ્રાર્થનાના.

સંધ્યાટાણે રવિ ડૂબી જતાં વ્યોમહૈયે ઉજાણી:
તારાઓને નીલ ગગનમાં વેરતી રાતરાણી;
મેના બોલે પ્રિય વચન ત્યાં કર્ણ માધુર્ય રેડે,
ઉત્કંઠાની હૃદયસરમાં ઊર્મિઝંઝા જગાવે.

ને ત્યાં સર્વે ધ્વનિ ડૂબવતો વ્હાલસોયો બનેલો
સ્વામીનો એ પદરવ સુણું, ઊર્મિઘેલો ઉછાળો
હૈયે, નેત્રે, વદન સઘળે નૃત્ય જાણે કરંતો.
સામે જાતી ચપળ ગતિથી, હોય ફૂટી ન પાંખો!

જૂનો નિત્યે પરિચિત છતાં નિત્ય લાગે નવીન,
હૈયા કેરું રણઝણી ઊઠે ઊર્મિથી પ્રેમબીન.



જીવનભર જેમણે ભારતીયતાનો આગ્રહ રાખ્યો, ઓછું ભણ્યા છતાં જેમણે મરાઠી ભાષામાં ઉત્તમ અને પ્રેરણાત્મક સાહિત્યસર્જન કર્યું, તદ્દન સામાન્ય સ્થિતિથી આરંભ કરી પોતાના એકાકી પુરુષાર્થ વડે ચિરંતન મૂલ્યો ધરાવતાં ઉત્તમોત્તમ ગ્રંથપ્રકાશનો કર્યાં, જેમના શુદ્ધ વ્યવહાર ને નિષ્કલંક ચારિત્ર્યમાં વિશ્વાસ રાખી મહારાષ્ટ્રની પ્રજાએ લાખો રૂપિયા ધીર્યા એ અલ્પશિક્ષિત પણ સંસ્કારી સાહિત્યકાર અને

સિદ્ધાંતવાદી ધ્યેયલક્ષી પ્રકાશક

યશવંત ગોપાલ જોશી

લેખક · પ્રો. વસંત જોશી



કોઈ પણ સાહિત્યકારની કૃતિઓ વાંચી એને વિષે આપણા મનમાં જે અભિપ્રાય બંધાય છે તે એ સાહિત્યકાર સાથેના પ્રત્યક્ષ પરિચય પછી ટકતો નથી. વ્યક્તિ અને એની કૃતિ એ બેમાં ઘણો તફાવત કે વિસંવાદ દેખાય છે. સાહિત્યકારો વિષે સાધારણ વાચકના મનમાં ઘણા ખયાલ હોય છે, પણ સાહિત્યકારને એ મળે છે, પિછાનતો થાય છે ત્યારે એ વિચારમાં પડે છે: જેને હું મહાન સમજતો હતો તે આ સાહિત્યકાર! સુથાર, સોની, કડિયો કે બીજો કોઈ પણ વ્યવસાય કરતો કારીગર અને સાહિત્યકાર બધા જ શું સરખા માનવા? સાહિત્યકારમાં મહાનતા જોવા ન મળે? ય. ગો. જોશીથી પરિચિત થતા લોકોને ઉપરના સવાલોના જવાબ તરત જ મળી જતા.

વ્યવસાય નિમિત્તે ઘણા વાચકોના પરિચયમાં કે સંપર્કમાં આવવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. પણ જેમની કૃતિઓની નિર્મળ, નિષ્કલંક નિખાલસતાથી આકર્ષાઈ જેમનો પરિચય શોધ્યો અને લાંબા પરિચય પછી પણ જેમના વિષેનો આદર જરા યે ઓછો ન થયો એવા એક વિરલ પુરુષાર્થી તો ય. ગો. જોશી જ હતા. એમની કેટલીક વાર્તાઓનો શ્રી. ગોપાળરાવ કુલકર્ણીએ કરેલો ગુજરાતી અનુવાદ ૧૯૩૯માં પ્રકટ થયો. ત્યાર પછી ગુજરાતીમાં એમને વિષે કોઈએ લખ્યું જાણ્યું નથી. તેથી એ મુરબ્બી મિત્રનો પરિચય આપવાનો પ્રયાસ કરવાનું મન થયું છે.

પિતા ગોપાળરાવ સરકારી નોકરીમાં રજિસ્ટ્રાર હતા. સરકારી નોકર એટલે એક જ ગામમાં રહેવાનું નહિ. બદલી થાય ત્યાં જવાનું. વર્ણે ગૌર, શરીરે ઊંચા અને મજબૂત, મોજરી ભૂરી આંખોવાળા, કોઈનું પણ ધ્યાન ખેંચી લે એવા. પોતાનાં કપડાં હાથે ધોવાનો આગ્રહ રાખતા. સમાધાની વૃત્તિવાળા, એટલે મળે તેટલા પગારમાં ગુજરાન ચલાવે. ઈ. ૧૯૧૧માં એ નોકરીમાંથી નિવૃત્ત થયા ત્યારે શુદ્ધ નિર્મળ આચરણ, અંતર્બાહ્ય સ્વચ્છતા અને સાત્ત્વિક પ્રસન્નતા એટલી જ એમની પાસે મૂડી હતી. એમણે કોઈ જમીન ખરીદી ન હતી અને બીજી સંપત્તિ એકઠી કરી ન હતી. નિવૃત્તિ પછી પૂનામાં રહેવાનું એમણે નક્કી કર્યું. ત્યાં બનેલી એક વાત એમની નેકી તેમજ શુદ્ધ ચારિત્ર્યના પુરાવા તરીકે નોંધવા જેવી છે. માવળા તરીકે ઓળખાતા ખેડૂતો એ સમયે ડુંગરા પરથી લાકડાં કાપી તે વેચવા પૂનાના બજારમાં આવતા. એવા એક કઠિયારા પાસેથી ગોપાળરાવે એક વાર લાકડાં ખરીદ્યાં. એમનાં પત્ની રુક્મિણીબાઈએ એમાંનું એક ચૂલામાં મૂક્યું ત્યાં થોડી જ વારમાં ઘરમાં સુખડની સુગંધ ફેલાઈ. સરતચૂકથી કઠિયારો સુખડનાં લાકડાં વેચી ગયો એમ ગોપાળરાવે માની લીધું, અને તેમણે દસપંદર દિવસ દરરોજ બજારમાં જઈ એ કઠિયારાની શોધ કરી. હેતુ એવો કે બીચારાને લાકડાની યોગ્ય કિંમત ચૂકવાય; પણ કઠિયારાનો ભેટો થયો નહિ. એમણે એ લાકડાં બાળ્યાં નહિ; પોતાના મિત્રોમાં વહેંચી દીધાં—દેવપૂજામાં વાપરવા માટે!

ટૂંકી માંદગી બાદ ગોપાળરાવ ૧૯૨૯માં અવસાન પામ્યા. મૃત્યુ પહેલાં પુત્ર યશવંતને એમણે કહ્યું: 'હવે તમારી બાને હેરાન કરશો નહિ. તમે એકલા જ એની આશા છો. હથેળીમાંના ફૂલની માફક એણે તમને સાચવ્યા છે. તમારાથી અપાય એટલું સુખ એને આપજો' એમના ટેબલના ખાનામાંથી એક પડીકું જડ્યું, જેમાં એમણે પોતાની ઉત્તરક્રિયા માટે પૈસા મૂક્યા હતા. મહિનાની આખરે અવસાન થયું એટલે એ માસના પેન્શનના પૈસા મળ્યા. પુત્રીઓને પરણાવી હતી, કોઈનું દેવું માથે હતું નહિ, અને પુત્રને વારસામાં આપવા જેટલું ધન તો હતું જ નહિ. મૂકવા જેવી હતી માત્ર ચારિત્ર્યની સત્સંપત્તિ!

માતા પણ એવાં જ જાજરમાન. શરીરમાં નાનાં પણ કર્તૃત્વે મોટાં. પિતાના મૃત્યુ પછી માતાનું છત્ર બાફને (ય. ગો. જોશીનું ઘરમાં નામ) કંઈ નહિ તો ય પચીસેક વર્ષ જેટલા સમય સુધી રહ્યું. માતાએ પુત્રનું ઘડતર દરેક રીતે કર્યું હતું. એ બોલવામાં બહુ સ્પષ્ટ હતાં. કોઈથી ડરે નહિ અને કોઈની શરમ રાખે નહિ. સીધું પરખાવી દે! દીકરો ભૂલ કરે

તો કડોરતાથી એને તરત જ શિખામણ આપે. એક વાર એને કહે: 'કેટલા યે મોટા લોકો તને મળવા આવે છે, એટલે હવે તને લાગવા માંડશે કે તું યે બહુ મોટો થઈ ગયો છે. પણ એ લોકો મળવા આવે છે એનું કારણ જાણે છે ખરો? એમને ખબર છે કે તું ધંધા વગરનો રહ્યો એટલે કોઈ પણ સમયે ઘેર મળવાનો જ!'

ભાઉએ પુસ્તક-પ્રકાશનનો ધંધો આરંભ્યો ત્યારે એમની પાસે મૂડી ન હતી તે લોકો પાસેથી થાપણો સ્વીકારતા. લેખક તરીકે એમને પ્રતિષ્ઠા ખૂબ મળી હતી. એમના શુદ્ધ ચારિત્ર્યથી એમની પ્રતિમા મહારાષ્ટ્રમાં દીપતી હતી, એટલે લોકો એમની પાસે પૈસા રાખવામાં કોઈ જાતનો ભય જોતા નહિ. એક વાર એક વિધવા દસ હજાર રૂપિયા ભાઉ પાસે છ ટકાના વ્યાજે મૂકવા આવી. ભાઉ ક્યાંક બહાર ગયા હશે. માતાએ આગંતુકને આવકાર આપ્યો, ચા પાઈ અને આવવાનો હેતુ સાંભળી વિધવાને શિખામણ આપી: 'જો બહેન! આ તારી પાસે છે એ પૈસા તારા પતિના અવસાન પછી તને મળ્યા એ વીમાના પૈસા છે. તેમાં તેં તારા મુશ્કેલીથી બચાવેલા થોડા પૈસા ઉમેર્યા છે. હું તને સલાહ આપું છું કે એ પૈસા પોસ્ટ ઑફિસમાં મૂકી દે. વ્યાજ કદાચ ઓછું મળશે. પણ તારી મૂડી તો સલામત રહેશે ને! અહીં આ ભાઈનો પ્રકાશનનો ધંધો. ખોટ જાય. દેવાળું ય નીકળે, અને તારી મૂડી જાય. હું કોઈ એની દુશ્મન નથી હોં! એની મા છું. અને સાવકી મા નહિ, પણ સગ્ગી મા! પણ તેથી કંઈ તારા જેવી નિર્દોષ સ્ત્રીનું નુકસાન થવાનો સંભવ હોય ત્યાં તને પૈસા મૂકવાં દઉં?'

ભાઉ પરમ માતૃભક્ત હતા. કેવળ માતાના આગ્રહને વશ થઈ પોતાને ન ગમતી ઘણી વસ્તુઓ એ કરતા. માતા માણસને તરત જ પારખી શકતાં. પુત્રને મળવા આવતો એકાદ માણસ એમને ગમતો નહિ ત્યારે તરત જ દીકરાને ચેતવણી આપતાં. પણ બધા સાથે સારા સંબંધો જાળવવામાં માનતાં. પૈસાના કોઈ વ્યવહારમાં એક મિત્રે ભાઉને છેતર્યા હતા. એ મિત્ર સાથેનો સંબંધ તૂટી ગયા જેવો હતો. પણ ભાઉના પુત્રની જનોઈનાં નિમંત્રણ કરવાનાં હતાં ત્યારે માતાએ એ મિત્રને ખાસ યાદ કર્યાં અને નોતરું આપવા એને ઘેર મોકલ્યો! કોઈ એમ ન માને કે સ્વભાવના મૃદુ હશે. એક રીતે મૃદુ તો ખરાં જ, પણ સાથે બહુ જિદ્દી, હઠાગ્રહી. પતિના મરણ પછી એમણે પુત્રને કહેલું. 'તારે એમનું શ્રાદ્ધ કે કશું જ કરવાનું નથી. મને છેતરીને એ આગળ ચાલ્યા ગયા છે—મને મૂકીને. હું તને એમનું શ્રાદ્ધ નહિ કરવા દઉં. હું મરી જઉં પછી તું માતા-પિતા બેઉનાં શ્રાદ્ધ નિયમિત કરજે; ત્યાં સુધી નહિ. એમણે મને છેતરી છે!'

આવાં માતાપિતાના સારા સંસ્કાર ભાઉને બાળપણથી મળતા ગયા અને એમનું ચારિત્ર્યઘડતર શુદ્ધ પાયા પર થયું.

મહારાષ્ટ્રે જેમને 'યશવંતરાવ', 'જોશીબુવા' અથવા 'ભાઉ' એવાં નામથી ઓળખ્યા એ શ્રી યશવંત ગોપાળ જોશીનો જન્મ ભિગવણ ગામમાં ૧૯મી ડિસેમ્બર ૧૯૦૧ના રોજ થયો હતો. એમનાથી મોટા એક ભાઈ વાસુદેવ અને મોટી બહેન તાઈ હતાં, અને બે નાની બહેનો; એમ એ પાંચ ભાંડુ હતાં. ભાઈ વાસુદેવ યશવંત કરતાં અગિયાર વર્ષે મોટા હતા. મૅટ્રિક પાસ કરી એ કોર્ટમાં જુબાની કારકુન તરીકે નોકરી કરતા, અને નોકરી કર્યા પછી મળતા સમયમાં અભ્યાસ કરી હાઇકોર્ટ વકીલની પરીક્ષા આપવાનાં સ્વપ્નાં સેવતા હતા. એનો સંસ્કૃતનો અભ્યાસ સારો હતો. નાના ભાઇને મીઠી વાણીમાં એ સંસ્કૃત શ્લોકો અર્થ સાથે શીખવતા. એણે નળદમયંતીની કથાવસ્તુ પર 'દૈવી લીલા' નામનું નાટક પણ લખ્યું હતું. એ વકીલ થશે અને કુટુંબને સારા દિવસ દેખાડશે એવી બધાની અપેક્ષા હતી. ત્યાં ૧૯૧૫માં પ્લેગ ફાટી નીકળ્યો અને લગ્ન પછી માંડ એક વર્ષની અંદર વાસુદેવ મૃત્યુ પામ્યા. એની પત્ની એ સમયે સગર્ભા હતી. થોડાક જ વખત બાદ પરણેલી મોટી બહેન તાઈ પણ સુવાવડમાં ગુજરી ગઈ, અને જોશી પરિવારની હાલાકીના દિવસો શરૂ થયા.

માતાપિતાની શિખામણ અને ચારિત્ર્યની અસર ભાઉના સ્વભાવ પર થઈ તેટલી જ મોટા ભાઈના સહવાસની અસર એમના સંસ્કારક્ષમ અને લાગણીપ્રધાન સ્વભાવ પર થઈ. દાદા (એટલે મોટા ભાઇને) વકીલ થવું હતું, નાટકકાર થવું હતું, તો મારે પણ વકીલ-લેખક બનવું એવા વિચાર ભાઉના મનમાં દાદાના મરણ પછી આવવા લાગ્યા. મરકી શમી જતાં નિશાળો ઊઘડી. ઘરમાં દારિદ્રય વધતું હતું. માણસનું અભિમાન ઝાઝું ટકતું નથી એટલે અભિમાનથી બોલવું નહિ, વિવેકથી વર્તવું એવી શિખામણ મા તરફથી મળતી. પરિસ્થિતિ અનુકૂળ ન હતી. શિક્ષણનું ખર્ચ પોસાય તેમ ન હતું. નિશાળમાં ફીમાંથી માફી મળે એ ખાતર અરજી કરવી પડે તેમ હતું. શિક્ષણ ભલે અટકે પણ હું માફીની અરજી તો નહિ કરું, એવી હઠ ભાઉએ પકડી. સાતમા ધોરણમાં સારા ગુણ મેળવી એ આઠમામાં ગયો હતો અને વર્ગનો મૉનીટર નિમાયો હતો. પ્રતિકૂળ સંજોગોને લીધે એ આઠમા ધોરણનાં પાઠ્ય પુસ્તકો સમયસર ખરીદી શક્યો ન હતો. વર્ગના મૉનીટર પાસે પાઠ્ય પુસ્તકો ન હોય એ વર્ગ-શિક્ષક શી રીતે ચલાવી લે? એમણે ભાઉને વર્ગની બહાર ઊભા રહેવાની સજા ફરમાવી. ગુરુની આજ્ઞાને માન આપી યશવંત બહાર નીકળ્યો અને સીધો ઘેર પહોંચી ગયો! બસ, નિશાળનું એટલે પુસ્તકોનું શિક્ષણ આમ કાયમને માટે બંધ થઈ ગયું.

માતાએ શિખામણ આપી: 'નિશાળમાં ભણવાથી જ માણસ મોટો બને છે એમ કોણે કહ્યું? શિક્ષણ પૂરું કર્યા વિના કેટલાક માણસો મોટા બન્યા છે. એટલે હવે તારે જીવનમાં ઝંપલાવવું પડશે. એક વાત યાદ રાખજે. લોકો પાસે તારા પૈસા હોય ને લોકો તને છેતરી જાય, તારી સાથે ઠગાઈ કરી જાય તો યે તારે કોઈની સાથે ઠગાઈ કરવી નહિ.' આજકાલના જમાનામાં આવી શિખામણ કોઇને અવ્યવહારુ લાગે તો નવાઈ નહિ!

વકીલાતનાં સ્વપ્નાં તો હજી ય આવતાં હતાં. સદ્ગત દાદાનાં કપડાં એક પોટલામાં બાંધી મૂકેલાં હતાં. એક દિવસ ઘરમાં કોઈ ન હતું. પોટલું ખોલી યશવંતે ભાઈનાં કપડાં પહેરી લીધાં, ત્યાં અચાનક એનાં મામી ઘરમાં દાખલ થયાં! 'દાદા વકીલ થવા માગતા હતા, હવે એ કામ મારે કરવાનું રહ્યું. વકીલ થઇને મારે મા-બાપને સુખી કરવાનાં છે. અને એ વિચાર સબળ બને એ આશયથી દાદાનાં કપડાં મેં આજે પહેરી જોયાં. પણ બાને તું આ વાત ન કરતી' એમ ભાઉએ મામીને સમજાવ્યાં!

માત્ર સ્વપ્નાં સેવવાથી ઘરમાં ચૂલો સળગતો નથી, ક્યાંકે ય કામ-ધંધો તો શોધવો જોઇએ. ઈ. ૧૯૧૫ થી ૧૯૧૯ સુધીમાં ભાઉએ પંદર-સોળ ઠેકાણે ખાનગી કે સરકારી નોકરીઓ કરી અથવા સ્વતંત્ર ધંધા કર્યા. કોઈ નોકરી પંદર દિવસ ચાલતી, તો કોઈ બહુ બહુ તો છ માસની મુદતની હતી. યરવડાની જેલમાં કામ કર્યું; મિલિટરી ઍકાઉન્ટસમાં થોડો સમય કાઢ્યો; રેલવેમાં મજૂરી કરી; બર્મા શેલ કંપનીમાં થોડા દિવસ રહ્યા; પછી એક પુસ્તકવિક્રેતાને ત્યાં ગુમાસ્તા તરીકે રહ્યા; અને આખરે છાપખાનામાં પણ કનિષ્ઠ પ્રકારની સેવાઓ આપી. સાથેસાથે શાહી બનાવતા, સુગંધી તેલો જેવી વસ્તુઓ બનાવતા અને ફુરસદના સમયમાં એ વેચવા નીકળી પડતા. વચ્ચે રસ્તામાં છાપાં પણ વેચ્યાં. આ બધા ઉદ્યોગો કે ધંધાઓ માટે જરૂરી જે મૂડી તે ક્યાંયથી મળે તેમ ન હતું. પાસે હતાં એ નાનાંમોટાં બધાં જ ઘરેણાં માતાએ વેચી નાખ્યાં. સદ્ભાગ્યે અંતે ૧૯૧૯માં એક છાપખાનામાં નોકરી મળી. ઈ. ૧૯૨૯ સુધી એટલે લગભગ દશ વર્ષ એમણે એ નોકરી કરી.

પિતાના મૃત્યુ પહેલાં ભાઉ પરણ્યા હતા. એમની પત્નીનો ભાઈ મારી સાથે મારા વર્ગમાં જ ભણતો હતો. ભાઉના પિતાના મૃત્યુ પછી નવ મહિનામાં જ આ પત્ની પ્લેગમાં મરી ગઈ. પત્નીના મરણ પહેલાં કે પાછળથી—એનાં મા-બાપ—અને એક ભાઈ પણ એ જ પ્લેગમાં મરી

ગયાં. ભાઉ લખે છે: 'મારી પ્રથમ પત્ની મારા જીવનમાં આવી શા માટે અને ચાલી ગઈ શા માટે એ મને કોઈ દિવસ સમજાયું નથી. અને એને પણ કદાચ સમજાયું નહિ હોય. એની નિર્જીવ છબી હજી ય મેં સાચવી રાખી છે. પણ મારી બીજી વારની પત્નીને ખોટું ન લાગે એટલા ખાતર એ ફોટો હું દીવાલ પર લટકાવતો નથી. મારો એ કદાચ સ્વભાવદોષ હોય! કોક વાર ચોરીછૂપીથી એ ફોટો જોઈ લઉં છું.' એ જ અરસામાં ભાઉની માતા માંદી પડી. નોકરી ગઈ હતી, આવક બંધ થઈ હતી. ગામમાં દરેક મિત્ર પાસેથી થોડા થોડા પૈસા ઉછીના લેવાની ફરજ પડી. ત્યાં ભાઉ પોતે માંદા પડયા! બધે નિરાશા વ્યાપી ગઈ હતી. પણ માતાએ પુત્રને ધીરજના શબ્દો કહ્યા: 'સૂતર જેવાં સીધાં જીવન બહુ થોડાના નસીબમાં હોય. અને સાચું કહું? હવે તારા જીવન વિષે મારા મનમાં આશા બંધાવા માંડી છે. જીવનમાં આપણે માથે વિતાડવા જેવી આપત્તિઓ હવે પરમેશ્વર પાસે પણ ખૂટી ગઈ હશે. આપણું શું ખરાબ થવાનું બાકી છે? હવે જે કંઈ થવાનું હશે એ સારું જ હશે!'

વકીલાતનું સમણું તો શિક્ષણને રામરામ કર્યા તે દિવસે જ શમી ગયું હતું. પણ દાદા લેખક હતા તેમ લેખક થવાનો વિચાર મનમાં કાયમનું સ્થાન કરી બેઠો હતો. જીવનમાં ઘણું અનુભવ્યું હતું અને અનુભવને અક્ષરબદ્ધ કરી શકાય તો સારું લેખન થઈ શકે એમ મનમાં થયા કરતું હતું. ઈ. ૧૯૨૩–૨૪થી ભાઉને લખવાની ઇચ્છા થતી હતી. પણ જેણે કોઈ શિક્ષણ મેળવ્યું ન હતું, જેણે કંઈ વાચન કર્યું ન હતું, એ માણસ શું લખવાનો હતો? ભાઉના શબ્દો જ સાંભળીએ:

'હું બહુ જ લાગણીવશ માણસ છું. હજી યે ઘણી વાર મને થાય છે, મારું વાચન નહિ જેવું છે, લેખનકલાનો મેં અભ્યાસ કર્યો નથી, તેમ છતાં ઘણી વાર હું આટલું સરસ શી રીતે લખી શકું છું? મારા ભાવનાપ્રધાન હૃદયને હમેશાં લાગે છે કે ભણેલો, લેખનકલાનો અભ્યાસી, સંસ્કૃતભાષી મારો મોટો ભાઈ મારી બાજુમાં ઊભો રહી મને બધું લખાવતો તો નહિ હોય? લાગણીઓની દુનિયામાં બધું શક્ય છે! અને હું વ્યવહાર કરતાં ભાવનાઓને આધારે જીવનારો માણસ છું.'

વાર્તાઓ લખતા જાય અને માતાને વાંચી સંભળાવે. પ્રકાશન માટે માસિકોમાં મોકલેલી ઘણી વાર્તાઓ સાભાર પાછી આવી. આજીવિકાનું એક સાધન મળી ગયું હતું. ઈ. ૧૯૨૯ થી ૧૯૩૪ સુધી એમણે ક્યાં યે નોકરી કરી નહિ. એ વર્ષોમાં એમણે સ્વતંત્ર લિથો-આર્ટિસ્ટ તરીકે કામ કર્યું. એવામાં 'યશવંત' માસિકના તંત્રીએ એમની એક વાર્તા છાપી એટલું જ નહિ પણ એમને પુરસ્કાર તરીકે થોડું દ્રવ્ય આપ્યું અને બીજી વાર્તાઓ માગી! 'પુરસ્કાર આપી ગ્રંથ-પ્રકાશકો તમારી વાર્તાઓ લઈ જશે' એવી ભવિષ્યવાણી 'યશવંત'ના તંત્રી જોગળેકરે ભાખી. 'યશવંત'માં છપાએલી બે-ત્રણ વાર્તાઓ વાંચી જઈ સાહિત્યકાર કોલ્હટકરે આ નવા લેખકને આવકાર આપ્યો. 'યશવંત' માસિકે વાર્તા હરીફાઈ જાહેર કરી એમાં જોશીબુવાની 'સરગવાની શીંગ'ને સો રૂપિયાનું પહેલું ઈનામ મળ્યું. સાહિત્યસમ્રાટ તરીકે ઓળખાતા નરસિંહ ચિંતામણ કેળકરે વાર્તાનાં ખૂબ વખાણ કર્યાં અને યશવંત ગોપાળ જોશી એકદમ સારા લેખક તરીકે પ્રતિષ્ઠા પામ્યા! માતાએ કહ્યું: 'આટલામાં ફુલાઈ જઈશ નહિ. સો રૂપિયાની નોટ મળી અને વાર્તાને પહેલો નંબર મળ્યો તેથી તારે પોતાને વિષે કોઈ ગેરસમજૂતી કરી ન લેવી! જીવનમાં કોઈ વાર ભૂલથી ય સારું થાય છે!' આ ઈનામ મળ્યું તે પહેલાં થોડાક દિવસ અગાઉ ભાઉ બીજી વાર પરણ્યા હતા. નવી વહુ સારાં પગલાંની આવી એમ સાસુને લાગ્યું. પ્રતિષ્ઠા પામેલો આ લેખક કેવા સંજોગોમાં લખતો હતો એ વિષે એના પોતાના શબ્દો આ રહ્યા: 'એ વખતે મારા ઘરમાં હતું પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન ખરીદેલું પોણા બે રૂપિયાવાળું ટેબલ, ભૂતકાળમાં બે હાથા ધરાવતી પણ વર્તમાનકાળમાં એક હાથા પર જીવન વિતાવતી ખુરશી, નીચે ભોંયમાં ભેજ, અને ઉપરને મેડે કોઈ ચાલે ત્યારે નીચે પડતી ધૂળ આપોઆપ મારા લેખન માટે શાહીચૂસ કાગળની ગરજ સારે!'

ભાગ્યચક્ર હવે અનુકૂળ રીતે ફરવા માંડયું હતું. લોકોને ભાઉની વાર્તાઓ ગમતી હતી, અને એમની ખ્યાતિ ફેલાતી હતી એ અરસામાં એક વિદ્વાન મિત્રનો એક કડવો અનુભવ એમના જોવામાં આવ્યો. મિત્ર જગત-રાજકારણનો અધિકારી અભ્યાસક હતો અને એક જાણીતા દૈનિક પત્રમાં મદદનીશ તંત્રી તરીકે કામ કરતો હતો. બે મહિનાથી એને પગાર મળ્યો ન હતો. પોતાના લેખનાં પ્રુફ તપાસ્યા બાદ એ મૅનેજર પાસે ગયો અને લાચારીથી પૈસાની માગણી કરી. મૅનેજરે એને વાપરવા પાંચ રૂપિયા આપ્યા. મિત્રની દીનતા જોઈ ભાઉએ નિશ્ચય કર્યો કે લેખનના પુરસ્કાર રૂપે મળતા પૈસા પર ગુજરાન ચલાવવાનો વિચાર છોડી દેવો, અને ઘર ચલાવવા બીજો કોઈ વ્યવસાય શોધી લેવો. સાથે સાથે એમ પણ નક્કી કર્યું કે લખવાનું તો ચાલુ રાખવું, પણ તે મનને ગમે એવું, પોતાના અનુભવો પર આધારિત એવું નિર્ભયતાથી લખવું; અને આત્માના સમાધાન માટે લખવું, લોકરંજન કરવા નહિ. અને એ જીવ્યા ત્યાં સુધી આ વ્રત એમણે કડક નિષ્ઠાથી પાળ્યું.

વાર્તાઓ લોકપ્રિય થતી હતી. સંગ્રહ રૂપમાં પ્રકાશન કરવામાં આવે તો રસિકો એ ખરીદશે એવી શ્રદ્ધા મનમાં હતી. કોઈ પ્રકાશક નવલિકા-સંગ્રહ પ્રકટ કરવાનું જોખમ ખેડવા તૈયાર ન હતો. આખરે માતાએ રસ્તો દેખાડયો. કોઈ છાપખાનાવાળો ઉધાર છાપી આપવા તૈયાર થાય તો જાતે પ્રકાશન કરી જોવાનો વિચાર કર્યો. માથે દેવું વધે એ પરિણામ સ્પષ્ટ દેખાતું હતું. સંગ્રહ છપાય નહિ તો માનસ ખિન્ન રહેવાનું હતું. સાહસ કરવાનો નિર્ણય લીધો. એક છાપખાનાવાળો મિત્ર માન્યો ને વાર્તાઓનો પહેલો સંગ્રહ 'પુનર્ભેટ' બહાર પડયો. દસ નકલો સાથે લઈ લેખક એક જાણીતા બુકસેલરની દુકાને ગયા. પુસ્તક જોઈ પેલાએ કહ્યું: 'કૂતરું ય નહિ જુએ તમારા પુસ્તક તરફ. તમારો બહુ જ આગ્રહ હોય તો દસ નકલ મૂકતા જાઓ—જાંગડ. અને મારું કમિશન ચાળીસ ટકા.' બીજી દુકાનોમાં ય ચારચાર, પાંચપાંચ નકલો રખાઈ. નવાઈની વાત એવી કે એ બધી તરત જ ઊપડી ગઈ. છ મહિનામાં આવૃત્તિ ખલાસ થઈ ગઈ! ઈ. ૧૯૩૨ની આ વાત છે. આત્મવિશ્વાસ વધ્યો. સારા લેખકને પ્રકાશકને ત્યાં કેવા ધક્કા ખાવા પડે છે અને પ્રતિભા-વિલાસમાં આનંદ મેળવતા લેખકના વ્યવહારચતુર પ્રકાશક એના કેવા બેહાલ કરે છે એ એમણે જોયું હતું, એટલે તેમણે પ્રકાશન-વ્યવસાયમાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો.

એમની લોકપ્રિયતા વધતી જતી હતી. એમની ગ્રંથ સંપત્તિ એટલે કે દસ નવલકથાઓ, પંદરેક વાર્તાસંગ્રહો, ત્રણ નાટકો અને ચારિત્ર્યાત્મક ગ્રંથ ત્રણ. એમનાં લખાણ વાંચી વાચકો એમના વ્યક્તિત્વ અને ચારિત્ર્ય વિષે તર્ક કરતા તે પ્રત્યક્ષ પરિચયમાં સાચા નીવડતા, એટલે એમના નવા વ્યવસાયમાં એમને પૂરો સહકાર મળવાનો સંભવ હતો. ત્યાં એક વિચિત્ર સંજોગે એમનું નામ આખા મહારાષ્ટ્રમાં લોકોની જીભે ચડાવી દીધું.

સિનેમાક્ષેત્રમાં વી. શાંતારામનો એ જમાનો હતો. 'દુનિયા ન માને' જેવાં સામાજિક ચિત્રો સર્જી એમણે લોકપ્રિયતાનું શિખર કબજે કર્યું હતું. એમણે જોશીબુવાની કોઈ સામાજિક વાર્તાનું ચિત્રીકરણ કરવાની ઇચ્છા દર્શાવી. શાંતારામની પ્રતિષ્ઠા સારી હતી. આમ સિનેમા તરફ હમેશાં મશ્કરીની નજરથી જોતા જોશીબુવાએ વાર્તા લખી આપી. વાર્તા સ્વીકારાઈ અને એ સમયના લેખકોને સ્વપ્નામાં પણ ખયાલ ન આવે એવું માનધન શાંતારામ તરફથી મળશે એવી દૃઢ આશા બંધાઈ. મરાઠી અને હિંદી એમ બે ભાષામાં ચિત્ર ઉતારવામાં આવ્યું. 'મેરા લડકા' તરીકે હિંદીમાં ઉતારેલું એ ચિત્ર બન્ને ભાષામાં લોકપ્રિયતા પામી શક્યું. એ તક જાણે જવા દેવી ન હોય એમ જોશીબુવાએ એ વસ્તુ પર આધારિત

એવી નવલકથા લખી અને પોતાના સ્નેહી વી. શાંતારામને અર્પણ કરી. મરાઠી ચિત્રનું એક ગીત તો એ વખતે બધાને કંઠે ગવાતું હતું. ચિત્રની સારી જાહેરાત કરવામાં આવી. હમેશાં બને છે તેમ જાહેરાત પાછળ ઘણું ખર્ચ કરવામાં આવ્યું. પોસ્ટરો પર મોટા અક્ષરોમાં નિર્માતા-દિગ્દર્શકનાં નામ ઝળક્યાં. અદાકારોનાં નામ તો સૌથી મોટા અક્ષરોમાં હતાં જ. પણ વાર્તાના લેખકનું નામ ક્યાં ય દેખાતું ન હતું. વાર્તાના સર્જકનું નામ ન છપાય અને બીજાં ઘણાં ફાલતુ નામ લખાય એ કેટલું વિચિત્ર હતું! પોતાનું નામ છપાવું જોઈએ એવી સૂચના જોશીબુવાએ શાંતારામને કરી. સિનેમાની વાર્તાના લેખકની એ વખતે ઉપેક્ષા કરવામાં આવતી. એના અસ્તિત્વને પણ કોઈ ગણકારતું નહિ. શાંતારામે કોઈ જવાબ આપ્યો નહિ. એમણે જોયું કે લેખક ક્રોધે ભરાયો છે. શાન્તારામ મોટા વ્યવહાર-કુશલ દિગ્દર્શક-નિર્માતા. અનુભવથી શીખ્યા હતા કે મુખલેપન કરીએ તો મૃદંગમાંથી સારા બોલ આવે. કોઈ જાતના વિવાદમાં ઊતર્યા વગર એમણે જોશીબુવાને પુરસ્કારનો ચેક મોકલી આપ્યો—એવી આશાથી અથવા/અને વિશ્વાસથી કે બ્રાહ્મણ હવે ગરબડ કરશે નહિ. પણ શાંતારામને આશ્ચર્યમાં ગરકાવ થવું પડ્યું. ચેક પાછો આવ્યો. વાત બધે પ્રસરી ગઈ અને બધાએ જોશીબુવાનાં વખાણ કર્યાં. પોતાને કોઈ વેચાતો લે અને ચૂપ બેસાડે એ ખયાલ એમને માટે અસહ્ય હતો. ચેક કેટલી રકમનો હતો એ વિષે છાપાંમાં ઉલ્લેખ હતો કે નહિ એ મને યાદ નથી. એક વખત વાતવાતમાં જોશીબુવાએ મને કહ્યું હતું કે એ પાંચ હજાર રૂપિયાનો હતો—જે વખતે કેટલાયે પ્રાધ્યાપકો, માસિક એંશી રૂપિયાનું ઉદાર મહેનતાણું લઈ કૉલેજમાં નોકરી કરતા હતા!

પ્રકાશનનો ધંધો શરૂ તો થયો, પણ પાસે મૂડી તો ન હતી. લોકો પાસેથી પૈસા ઉછીના લઈ ધંધો કરવાનો હતો. માતાની એમાં સંમતિ હતી. માતાની સલાહ એટલી જ હતી કે બધો વ્યવહાર સ્વચ્છ રાખવો. પૈસા જમે થાય એમાંથી ઘરખર્ચ પૂરતી—એટલે ઓછામાં ઓછી રકમમાં ઘર ચલાવી શકાય એટલી રજા લેવી અને એનો પૂરો હિસાબ રાખવો. કોઈ મહિને પૈસા વધુ વપરાય તો પછીના મહિનામાં એ 'પગાર'ની રકમમાંથી બાદ કરી વધે તેટલા જ પૈસા લેવા.. જોશીબુવા મહિને ચાલીસ રૂપિયા ઉપાડતા અને એમાં ઘરનું ખર્ચ નભાવી લેતા. એમની નિષ્ઠામાં લોકોનો વિશ્વાસ બેઠો હતો. લેખકો પણ એમની તરફ શ્રદ્ધા ધરાવતા થઈ ગયા હતા. જૂના સમયના પ્રખર દેશભક્ત લેખક શિવરામ મહાદેવ પરાંજપેના સાહિત્ય પરનો ત્રીસ વર્ષ જૂનો નિર્બંધ (મનાઈ હુકમ) નવી લોકાભિમુખ સરકારે ઉઠાવી લીધો હતો. એમના 'કાળ' પત્રમાંના નિબંધોના દસ ભાગ લેખકના વારસોને અપાય તેટલું અધિકમાં અધિક ધન આપી જોશીબુવાએ પુનઃપ્રકાશન માટે મેળવ્યા. અને અત્યંત ઉત્સાહથી એ પ્રકટ કરી કીર્તિ અને પૈસા મેળવ્યાં.

બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે પોતાની પાસેનાં બધાં પુસ્તકો વેચી દઈ પ્રકાશન વ્યવસાય બંધ કરવો એવો વિચાર એમને ૧૯૪૧-'૪૪ના સમયમાં આવ્યો. તેમ કરી ઊપજેલા પૈસાના વ્યાજમાંથી અને લેખનમાંથી મળતી પ્રાપ્તિમાં જીવનનિર્વાહ ચાલશે એવી ધારણા હતી. પુસ્તકો ભારે વટાવ આપી વેચવાનાં હતાં. એક જાણીતા પ્રકાશક ભાઉને અપેક્ષિત એટલા પૈસા આપી બધાં પુસ્તકો ખરીદવા તૈયાર થયા. પછી કોણ જાણે કેમ, ઠરાવેલી રકમ કરતાં એક હજાર રૂપિયા ઓછા અને એ પણ એકીસાથે નહિ પણ હફતામાં આપવા પોતે રાજી છે એવું એમણે જણાવ્યું. એક વાર પોતાને આપેલો બોલ આપી ફરી જનાર આ ભાઈ સાથે કોઈ વ્યવહાર ન કરવો એવું ભાઉએ નક્કી કર્યું. એમને વિચાર સૂઝ્યો કે કોઈ પ્રકાશકને પુસ્તકો આપવાને બદલે વાચકોને સીધાં જ પચાસ ટકા વળતરથી આપી શકાય તો? એમણે 'કેસરી'માં તેની જાહેર ખબર આપી અને એક માસની અંદર એમની વખારમાંનાં અરધા ઉપરાંત પુસ્તકો વેચાઈ ગયાં અને અપેક્ષિત રકમ હાથમાં આવી ગઈ!

ઈ. ૧૯૪૭માં અમણે 'પ્રસાદ' માસિક શરૂ કર્યું, ને આપણા ઇતિહાસ અને સંસ્કૃતિનો શ્રેષ્ઠ વારસો લોકો સુધી પહોંચાડવાનું કાર્ય કરતા માસિકનો જન્મ થયો. 'પ્રસાદ' આજે યે ચાલે છે અને મહારાષ્ટ્રનાં સારાં નિયતકાલિકોમાં એની ગણના થાય છે.

પ્રકાશનના ધંધામાં ભાઉએ નવલિકા, કવિતા, નાટકો, હાસ્યરસ-પ્રધાન કૃતિઓ, ચરિત્રો એવા ક્રમમાં એકેકથી ચડિયાતાં પુસ્તકો બહાર પાડ્યાં. સાધારણ પ્રકાશક જે બહાર પાડવા તૈયાર ન થાય એવાં, બજારમાં સહેલાઈથી ઊપડી ન જાય એવાં, પણ ચિરંતન મૂલ્ય ધરાવતાં પુસ્તકો બહાર પાડવાનું એમણે જાણે વ્રત લીધું. લોકો એમને એક ધ્યેયવાદી અને નેકીવાળા પ્રકાશક તરીકે ઓળખવા લાગ્યા. કાર્લ માર્ક્સના જાણીતા ગ્રંથના સારનો દળદાર અનુવાદ એમણે બહાર પાડ્યો અને લોકો આધુનિક વિચારસરણીથી પરિચિત થાય એ આશાથી એમણે 'વાદવિવેચનમાલા'નું પ્રકાશન શરૂ કર્યું. ઈ. ૧૯૪૧ સુધીમાં એમાં બહાર પડેલાં પુસ્તકોનાં માત્રનામથી એ માળાની વિચારસરણીનો આછો ખયાલ આવશે 'સમાજવાદ', 'ફૅસીઝમ', 'સામ્રાજ્યશાહી', 'અરાજવાદ'. 'લોકશાહી', 'માર્ક્સનો ભૌતિકવાદ', 'ગાંધીવાદ', ઈશ્વરવાદ', 'હિંદુત્વવાદ', 'રાષ્ટ્રવાદ', 'જડવાદ', 'વિશ્વકુટુંબવાદ' અર્થાત્ 'કમ્યૂનિઝમ'.

બજાર પર દૃષ્ટિ રાખી એમણે એકે પ્રકાશન કર્યું નહિ. એ લેખક હતા અને અભ્યાસ કરી પુસ્તક લખવા માટે કેવાં ઉત્સાહ અને નિષ્ઠા આવશ્યક હોય છે તે પૂરી રીતે સમજી શકતા. લેખક સાથે એ સહાનુભૂતિથી વર્તતા અને સહૃદયતાથી શક્ય એટલો અધિક પુરસ્કાર આપતા.

ધંધો જામતો ગયો તેમ બીજા મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમો એમણે ઉપાડ્યાં અને દરેકમાં સફળતા મેળવી. 'સુલભ વિશ્વકોશ'-૬ ભાગ, 'મહારાષ્ટ્ર વાક્સંપ્રદાય કોશ' ૨ ભાગ, 'શાસ્ત્રીય પારિભાષાકોશ', અને 'મહારાષ્ટ્ર પરિચય' જેવા મોટા સંદર્ભગ્રંથ એમણે બહાર પાડ્યા. હર પ્રકાશન સમયે જોશીબુવા હરખમાં દેખાતા. પણ એમનાં પ્રકાશનોમાં એ જેને મુકુટમણિ ગણતા એ પુસ્તક પાંચમી નવેમ્બર ૧૯૫૯ને દિવસે સમારંભપૂર્વક બહાર પાડવામાં આવ્યું. એ હતું: 'આપટેનો સંસ્કૃત-અંગ્રેજી કોશ'-ભાગ ૧ થી ૩. પ્રકાશન-સમારંભના અતિથિવિશેષ માન્યવર રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના શુભ હસ્તે આ પ્રકાશન કરવામાં આવ્યું. ભાઉને સંસ્કૃત ભાષા પ્રત્યે અગાધ પ્રેમ હતો. એ કોશ અપ્રાપ્ય હતો, એટલે સુધારેલી અને પરિવર્ધિત આવૃત્તિ બહાર પાડવાનું મહાભારત કાર્ય એમણે માથે લીધું હતું. સમારંભમાં એમણે કહ્યું: 'શરૂઆતમાં આ કોશના ખર્ચનો અંદાજ એંશી હજારનો હતો. પણ હકીકતમાં એ દોઢ લાખથી વધી ગયો. મહારાષ્ટ્ર ધનથી ભલે ગરીબ હોય, એની પાસે હૃદયની સંપત્તિ છે. કાર્યનું મહત્ત્વ સમજી મધ્યમ સ્થિતિના મરાઠીભાષી લોકોએ પ્રસાદ પ્રકાશન સંસ્થામાં બે લાખ રૂપિયાની થાપણ નિઃશંક હૃદયથી મૂકી છે એવું હું આજે અભિમાન સાથે કહી શકું છું! ને બીજી વાત જાહેર કરું: આજ સુધીમાં મેં સાધારણ રીતે જેમાં ખોટ આવવાની ખાતરી હોય, પણ જે બહાર પાડવાથી મરાઠી ભાષાની સંપન્નતા વધવાની શક્યતા દેખાતી હોય એવાં જ પ્રકાશનો કર્યાં છે. મેં કરેલા કોઈ પણ પ્રકાશનમાં મને ખોટ આવી નથી. મહારાષ્ટ્ર પાસે કાર્યની કદર કરવાની રસિક સંપન્નતા છે! હા, એમાં મને કષ્ટ પડે છે; દેવું, વૈતરું, ચિંતા અને હું હમેશાં સહપ્રવાસી રહ્યાં છીએ; પણ હવે બધાંથી ટેવાઈ ગયો છું. જીવનના અંત સુધી આ સહપ્રવાસ ચાલવાનો છે. કારણ કે આ સહવાસ નિર્મળ છે, નિઃશંક છે. સારામાં મારી શ્રદ્ધા છે. પરમેશ્વરમાં હું વિશ્વાસ રાખું છું અને આજના પ્રસંગે મારો વિશ્વાસ બમણો થાય છે. આવું કાર્ય ભવિષ્યમાં હું કરી શકું એ માટે પ્રભુ-કૃપા ને રાષ્ટ્રપતિના આશીર્વાદ મારે માથે રહે એ પ્રાર્થના છે!' (અનુ. પૃ. ૧૩૨)



મહર્ષિ દયાનંદ અને આર્યસમાજ

—લેખક · પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર—

જે ક્ષણે તમારો દેહ દુર્બળ લાગે તે ક્ષણે એક મહાન પ્રચંડકાય ગુજરાતીને યાદ કરજો. જે ક્ષણે તમારા મનમાં શિથિલતા–કાયરતાનો પ્રવેશ થાય તે ક્ષણે સજીવન ઉત્સાહભર્યા એક તેજસ્વી દેશભક્ત ગુજરાતીનું સ્મરણ કરજો. જે ક્ષણે તમારા હૃદયમાં મોહ અને વિલાસનું સામ્રાજ્ય પ્રવર્તે તે ક્ષણે ધનને ઠોકર મારતા એક નૈતિક ગુર્જર બ્રહ્મચારી તરફ દૃષ્ટિ કરજો. અપમાનથી હણાએલા તમે જે ક્ષણે ઊંચું જોઈ ન શકો તે ક્ષણે એક હિમાલય સરખા અડગ અને ઉન્નત ગુજરાતીના ઓજસભર્યા મુખને કલ્પનામાં ખડું કરજો. મરતાં બીક લાગે તો નિર્ભયતાની મૂર્તિસમા એક ગુજરાતીનું ધ્યાન ધરજો. વેરઝેરથી તપ્ત બની વિરોધીને ક્ષમા આપતાં તમે અચકાઓ તે ક્ષણે ઝેર પાનારને આશીર્વાદ આપતા એક રાગદ્વેષથી પર થએલા ગુર્જર સંન્યાસીને યાદ કરજો. એ ગુજરાતી તે સ્વામી દયાનંદ. એ ગરવો ગુજરાતી મહાન હિંદીઓમાં અગ્રસ્થાને બિરાજે છે.

(સ્વ. રમણલાલ વ. દેસાઈના એક વ્યાખ્યાનમાંથી)

ઈસુની ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં અંગ્રેજ અમલ સ્થપાયા પછી ભારતીય પ્રજામાં આત્મદૈન્ય, નિરાશા અને કિંકર્તવ્યવિમૂઢતાનું પ્રબળ મોજું ફરી વળ્યું હતું. રાજનૈતિક સંઘર્ષ આથમી ગયો હતો પણ વૈચારિક તેમજ સાંસ્કૃતિક સંઘર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. આમ દેશના સંવેદનશીલ પ્રાજ્ઞ પુરુષો જ્યારે પ્રજાની રાષ્ટ્રીય ચેતના માટે સચિંત બની ગયા હતા ત્યારે, ભારતના એ પુનર્જાગરણની વેળાએ, ત્યારના સૌરાષ્ટ્રની વીરભૂમિમાંથી એક તેજોદીપ્ત વ્યક્તિત્વનો ઉદય થયો. એણે જ આત્મવિસ્મૃતિ અને હતાશાના ઝંઝાવાતમાં ઝોલાં ખાતી આપણી ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક નૌકાનું સુકાન પોતાના હાથમાં લઈને અદ્ભુત પુરુષાર્થ અને ધૈર્યથી સાચે માર્ગે દોરી જવાનું કામ કર્યું. એ સમર્થ પુરુષ તે મહર્ષિ દયાનંદ સરસ્વતી.

ધર્મપરાયણ પિતાની આજ્ઞાથી ચૌદેક વર્ષની વયે, સૌરાષ્ટ્રમાં મોરબી પાસેના ટંકારા ગામમાં, શિવરાત્રિના વ્રતનું અનુષ્ઠાન કરતાં કરતાં મધરાતે એ તરુણે શિવલિંગ ઉપર તેમ જ તેની આજુબાજુ મૂકેલી સામગ્રી ખાઈ રહેલા ઉંદરને જોયો. બસ, એમના મનમાં ઠસી ગયું કે મૂર્તિપૂજા સાચી નથી. ભગવાનના સાચા સ્વરૂપ વિષે તે ચિંતન કરવા લાગ્યો. એવામાં વ્હાલસોયી બહેન ને પ્રેમાળ કાકાના મૃત્યુએ જીવન ને મૃત્યુ વિષે એને વિચાર કરતો કરી મૂક્યો. બાવીસ વર્ષની ઉંમરે એણે ઈશ્વરની શોધ કરવા અને મૃત્યુનું રહસ્ય પામવા પિતાના વૈભવસંપન્ન ઘરનો ત્યાગ કર્યો. અઢી હજાર વર્ષ પછી ભારતીય ઇતિહાસમાં કપિલવસ્તુના રાજકુમાર સિદ્ધાર્થની જીવનગાથા એ જાણે ફરીથી પોતાનું આવર્તન કર્યું.

મૂળશંકર કરસનજી ત્રવાડી નામનો આ ઔદીચ્ય બ્રાહ્મણ યુવાન ત્યાંથી સાયલા ગામે પહોંચ્યો. ત્યાં એક બ્રહ્મચારી પાસે નૈષ્ઠિક બ્રહ્મચર્યની દીક્ષા લીધી. નામ રાખ્યું 'શુદ્ધચૈતન્ય'. ત્યાર બાદ પચીસ વર્ષની વયે નર્મદા નદીને કિનારે પૂર્ણાનન્દજી પાસે સંન્યાસ લીધો અને 'દયાનંદ સરસ્વતી' બન્યા. જ્ઞાનીઓ અને યોગીઓની ખોજમાં એમણે નર્મદાઘાટી, વિંધ્યાચલનાં વનો અને નગાધિરાજ હિમાલયના દુર્ગમ પ્રદેશો ખૂંદી નાખ્યા; યોગવિદ્યાની ક્રિયાઓ શીખ્યા; શાસ્ત્રજ્ઞ પંડિતો, સાધુસંતો અને મહંતોનું સાન્નિધ્ય સ્વીકાર્યું. આમ છતાંય મનને સમાધાન અને શાંતિ ન મળ્યાં. એવામાં એક સાધુ તરફથી એમને સલાહ મળી: 'મથુરા નગરીમાં રહેતા પ્રજ્ઞાચક્ષુ દંડી સ્વામી વિરજાનંદના શરણે જાઓ. એ તમારી જ્ઞાનપિપાસા સંતોષી આત્મિક અશાંતિને દૂર કરશે.'

પૂર્ણાનંદ સરસ્વતી પાસેથી સંન્યસ્તની દીક્ષા સ્વીકારનાર દયાનંદે ૩ વર્ષ સુધી ખૂબ શ્રદ્ધાપૂર્વક ગુરુવર વિરજાનંદનાં ચરણોમાં જ્ઞાનોપાસના કરી. પરિણામે વેદશાસ્ત્રોનું સાચું રહસ્ય, આર્ય ધર્મની સત્ય દૃષ્ટિ અને જીવનસંસ્કૃતિનું તત્ત્વ પ્રાપ્ત કર્યું. એમના અંતરમાં જ્ઞાનનું તેજ અને કર્મનો ઉત્સાહ પ્રગટ થયાં. વિદાય વેળાએ ગુરુ વિરજાનંદે પોતાના સમર્થ શિષ્યને સંદેશ આપ્યો : 'દેશ પર ઉપકાર કરો, સત્યશાસ્ત્રોનો ઉદ્ધાર કરો, દેશમાં ફેલાએલા મતમતાંતરોની અવિદ્યાને દૂર કરો અને મહર્ષિઓની ભૂમિ ભારતમાં વૈદિક ધર્મની જ્યોતિને ફરી પ્રબુદ્ધ કરો.'

પ્રાતર્વંદનીય ગુરુ વિરજાનંદના આદેશાનુસાર દયાનંદ સરસ્વતીએ સમાજસેવા અને વૈદિક સંસ્કૃતિના પુનરુદ્ધાર માટે યાત્રા શરૂ કરી. સમસ્ત પશ્ચિમોત્તર ભારતનાં ધર્મસ્થાનો, તીર્થધામો, વિદ્યાસ્થાનો, આશ્રમો અને મઠોની તેમ જ સામાન્ય જનસમાજની વચ્ચે પરિભ્રમણ કરતાં એમને અનેક દુ:ખપૂર્ણ અનુભવો થયા. ધર્મમાં વિકૃતિઓ અને પાખંડ પેસી ગયાં હતાં. દૃષ્ટિશૂન્ય જડ કર્મકાંડોને જ લોકો ધર્મસેવા સમજતા. સામાજિક રૂઢિઓ, અન્યાયો ને અનીતિઓથી પ્રજા પીડાતી હતી. નૈતિક દૃષ્ટિએ જનતાનું અધ:પતન થઈ રહ્યું હતું અને આર્થિક દૃષ્ટિએ દેશમાં દીનતા અને હીનતા આવી ગઈ હતી. સમસ્ત દેશની આ કરુણ પરિસ્થિતિએ એમના મનને ભારે આઘાત આપ્યો. એક પ્રબલ પ્રતિભાવથી એમની ચેતના ચમકી ઊઠી: 'તારા દેશબાંધવો જ્યારે રૂઢિઓથી ત્રસ્ત અને અપમાનોથી ગ્રસ્ત અને દુ:ખી છે ત્યારે તું વૈયક્તિ શાંતિ, સૌખ્ય અને મોક્ષ માટે ઝંખે છે?'

હવે ગુરુ આશીર્વાદથી નવીન ઉત્સાહ ને દૃઢ સંકલ્પ સાથે દેશોદ્ધાર, ધર્મ ને સમાજની સુધારણા તથા જીવનમાંગલ્ય માટે દયાનંદ અજબ પુરુષાર્થ આરંભે છે. પ્રજાકીય જાગ્રતિ માટે વીસવીસ વર્ષ સુધી તે ઝંઝાવાતની જેમ આખા પશ્ચિમોત્તર ભારતમાં ફરી વળે છે. સ્થિતિચુસ્ત ધર્મધ્વજીઓ અને ભદ્રંભદ્રો તરફથી એમનું અપમાન થાય છે. એમનો જાન લેવાનાં ષડ્યંત્રો રચાય છે. અનેક વાર એમને વિષપ્રયોગો સહન કરવા પડે છે. પરંતુ એમનું હૃદય દુર્બલ થતું નથી, એમની આસ્થા ડગતી નથી. મહર્ષિ યાજ્ઞવલ્કયની શાસ્ત્રજ્ઞતા,



મહાત્મા બુદ્ધની કરુણા, શંકરાચાર્યની તીવ્ર તાર્કિકતા અને પરશુરામનો પુણ્ય પ્રકોપ લઈને દયાનંદ સરસ્વતી પોતાની સુધારણાની પ્રવૃત્તિઓને વધુ અને વધુ વેગવંત બનાવતા જાય છે.

પોતાની આ સાધના અને દેશોદ્ધારની પ્રવૃત્તિઓને પારગામી ને પ્રગતિશીલ બનાવવા માટે પોતાના મુંબાઈનિવાસ દરમ્યાન એમણે ૭મી એપ્રિલ ૧૮૭૫ના દિવસે એક નવા સંગઠનની શરૂઆત કરી. એ સંગઠિત સંસ્થા તે જ 'આર્યસમાજ.' આ સમાજ એટલે આપણા દેશના ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રની પ્રભાવશાળી સંસ્થા. ઉત્તર ભારતના એક સમર્થ પત્રકારે મહર્ષિ દયાનંદની જન્મશતાબ્દી વખતે એમને અંજલિ આપતાં લખ્યું હતું કે 'સૂઈ રહેલા ભારતવર્ષે જ્યારે જાગરણની પહેલી કરવટ લીધી ત્યારે તેનું નામ પાડયું આર્યસમાજ.'

આર્યસમાજની સ્થાપના પહેલાં બંગાળમાં બ્રાહ્મસમાજ અને મહારાષ્ટ્ર-ગુજરાતમાં પ્રાર્થનાસમાજ ધર્મ અને સમાજસુધારણાના ક્ષેત્રમાં સારું કાર્ય કરી રહ્યા હતા. પરન્તુ તેમાં જ સમાજના બુદ્ધિજીવી વર્ગ પૂરતું મર્યાદિત હતું. સામાન્ય જનતા અને ગામડાં સુધી તેમની કાર્યપ્રણાલી પહોંચી શકેલી નહિ; જ્યારે આર્યસમાજના પ્રવર્તક અને વિદ્વાનો, પંડિતો તથા પ્રચારકો સામાન્ય જનસમુદાયના જીવનને પ્રબોધિત અને પ્રભાવિત કરી શક્યા. આવા માતબર સંગઠન માટે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ નીચે પ્રમાણે દસ સિદ્ધાન્તો નક્કી કર્યા હતા:

(૧) સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

(૨) ઈશ્વર-સચ્ચિદાનંદ સ્વરૂપ, નિર્વિકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય પવિત્ર અને સૃષ્ટિકર્તા છે: તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.

(૩) વેદ સર્વ સત્ય વિદ્યાઓનો ગ્રંથ છે. વેદ ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

(૪) સત્ય ગ્રહણ કરવા ને અસત્ય છોડવા સદૈવ તત્પર રહેવું જોઈએ.

(૫) સર્વ કાર્ય ધર્માનુસાર અર્થાત્ સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ.

(૬) સંસાર ઉપર ઉપકાર કરવો અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી એ સચા સમાજનો મુખ્ય ઉદ્દેશ છે.

(૭) બધાંની સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઈએ.

(૮) અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

(૯) દરેક આર્યે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ.

(૧૦) સઘળા મનુષ્યોએ સામાજિક, સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર અને સ્વહિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઈએ.

પ્રસ્તુત સિદ્ધાન્તો પૈકી પ્રથમ બે સિદ્ધાન્તો પ્રમાણે આર્યસમાજ એક ધાર્મિક સંસ્થા છે. વળી, એ આસ્તિક ને શુદ્ધ એકેશ્વરવાદી સંગઠન છે. ત્રીજા સિદ્ધાન્ત પ્રમાણે એ વેદોને જ પ્રમાણભૂત ધાર્મિક શાસ્ત્રો માને છે, અને વૈદિક વિચારણાને પુનર્જીવિત કરવા માગે છે. પાંચમો સિદ્ધાંત સૂચવે છે કે સત્ય પ્રત્યેની માત્ર ભાવનાનો જ નહિ, પણ સત્યની શોધ માટે આ સમાજ ચુસ્ત આગ્રહ રાખે છે. આર્યસમાજના સભ્યો માત્ર સિદ્ધાન્તોનો સ્વીકાર કરીને સંતોષ નથી માનતા, પરંતુ નવાં સત્યોનો સ્વીકાર કરવા અને તેનું સંશોધન કરવા હૃદય અને બુદ્ધિને ખુલ્લાં રાખે છે. છેલ્લા પાંચ સિદ્ધાન્તો માનવમાત્ર પ્રત્યે પ્રેમ અને સદ્વ્યવહારની ભાવના સૂચવે છે, અર્થાત્ સર્વમાંગલ્યવાદની ઉચ્ચ ભાવના સેવે છે.

આર્યસમાજનું ધર્મદર્શન ઈશ્વર, જીવ ને પ્રકૃતિને અનાદિ માને છે: ઈશ્વરના માનવીય અવતારનો તેમાં સ્વીકાર નથી. મૂર્તિપૂજામાં એ માનતો નથી. મૃતાત્માઓનાં શ્રાદ્ધતર્પણવિધિનો તે અસ્વીકાર કરી જીવિત વડીલોની સેવાપૂજામાં શ્રદ્ધા રાખે છે. કોઈ તીર્થસ્થાન, નદી, પર્વત, નગર, ગામ કે સમાધિને એ માત્ર ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ જ આપે છે.

આર્યસમાજના દૈનિક ધાર્મિક આચરમાં સંધ્યા અને અગ્નિહોત્ર અર્થાત્ પંચ મહાયજ્ઞોનું પાલન આવે છે. તે સોળ સંસ્કારોનો તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ જેવી આશ્રમ-પ્રણાલિકાનો સ્વીકાર કરે છે. ઉપવાસ અને જાગરણ આદિનું તેને મન કોઈ આધ્યાત્મિક મૂલ્ય નથી. માંસભક્ષણ અને માદક દ્રવ્યનો તે ઉગ્ર વિરોધ કરે છે.

વર્ણવ્યવસ્થાની બાબતમાં આર્યસમાજ જન્મમૂલક જ્ઞાતિવ્યવસ્થામાં નથી માનતો, પરંતુ ગુણ-કર્મ-સ્વભાવ પ્રમાણેની જાતિવ્યવસ્થામાં તે માને છે. સામાજિક દૃષ્ટિએ ઊંચનીચના ભેદભાવો તેની નજરમાં વસતા નથી. અગ્નિહોત્ર, યજ્ઞોપવીત અને વેદાધ્યયન માટે તે સૌનો સમાન અધિકાર માને છે. અસ્પૃશ્યતાનો એ ઉગ્ર વિરોધ કરે છે તો વિધવા-વિવાહ અને આંતરજ્ઞાતીય લગ્નને ઉત્તેજન આપે છે. બાળલગ્ન, વૃદ્ધ-વિવાહ તથા અનમેળવિવાહનો પ્રબળ પ્રતિકાર કરે છે. કોઈ પણ અન્ય ધર્માવલંબી વ્યક્તિ શ્રદ્ધાપૂર્વક આર્યધર્મમાં પ્રવેશ પામી શકે છે.

આર્યસમાજનું સંગઠન લોકશાહી ઢબે રચાએલું છે. એના સભ્યો જાહેર ચૂંટણી દ્વારા પોતાની સંસ્થાના અધિકારીઓ અને હોદ્દેદારો નક્કી કરે છે. દરેક પ્રાંત કે રાજ્યમાં આવેલા આર્યસમાજો પોતાના પ્રતિનિધિઓને પ્રાંતીય આર્યપ્રતિનિધિ સભામાં મોકલે છે. એ સભા પોતાના પ્રાંતની સમસ્ત ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું નિયમન, પોષણ, સંચાલન ને સંવર્ધન કરે છે. આમ, ઈ. ૧૮૭૫માં સ્થપાએલી આ આર્યસમાજ સંસ્થાએ સો વર્ષમાં સામાન્ય જનતા સુધી પહોંચી જઈ ધાર્મિક અને સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓને ખૂબ વેગવંત બનાવી દેશોદ્ધાર અને જીવનમાંગલ્યનું અદ્ભુત કાર્ય કર્યું છે.

આર્યસમાજનું પ્રદાન કેળવણીના ક્ષેત્રે પણ ઘણું જ મૂલ્યવાન છે. બ્રહ્મચર્ય-પ્રણાલી ને ચારિત્ર્ય-નિર્માણનો પુરસ્કાર કરી ગુરુકુળ શિક્ષણ-પદ્ધતિનો તેણે પુનરુદ્ધાર કર્યો છે. એણે દેશમાં ઠેકાણે ઠેકાણે કુમાર-ગુરુકુલો અને કન્યા ગુરુકુલોની સ્થાપના કરી છે. આવાં ગુરુકુળોમાં દીક્ષિત થએલાં અસંખ્યાત યુવક-યુવતીઓ કેળવણી, સાહિત્ય, પત્રકારત્વ, સમાજસેવા, વ્યાયામપ્રસાર અને અન્ય રાષ્ટ્ર-નિર્માણનાં કાર્યોમાં આજ



◁ ટંકારામાં દયાનંદજીનું મૂળ ગૃહ. ઉપર: આર્યસમાજને ગૌરવાન્વિત કરનાર મહાનુભાવો. (અનુક્રમે) સ્વામી વિરજાનંદ, ડી. એ. વી. કૉલેજ (લાહોર)ના પ્રતિષ્ઠાપક આચાર્ય લાલા હરદયાળ, જાલંધરના કન્યા મહાવિદ્યાલયના સંસ્થાપક લાલા દેવરાજ, લાલા લાજપતરાય, આર્યપથિક પં. લેખરામજી, ગુરુકુલ કાંગડી (હરદ્વાર)ના સંસ્થાપક અને પ્રથમ આચાર્ય મહાત્મા મુન્શીરામ (સ્વામી શ્રદ્ધાનંદજી) અને દેશભક્ત ભાઈ પરમાનંદ.

દસ દસ દસકાઓથી મહત્ત્વનો ફાળો આપતાં રહ્યાં છે.

રાષ્ટ્રભાષા હિંદી અને ભારતની સંસ્કાર-ભારતી સંસ્કૃતના અધ્યયન-અધ્યાપન તથા પ્રચાર માટે આર્યસમાજની શિક્ષણસંસ્થાઓ અને પ્રચારકોએ અથાક પુરુષાર્થ કર્યો છે. આજથી સો વર્ષ પૂર્વે, છેક ઓગણીસમી સદીમાં હિંદીને રાષ્ટ્રભાષાપદે સ્થાપવાની સૂઝ અને દૃષ્ટિ મહર્ષિ દયાનંદે આપી હતી. આર્યસમાજના સીધા સંચાલન નીચે ભારતમાં આજે ૮૦ ગુરુકુળો, ૩૨૫ કૉલેજો અને હાઈસ્કૂલો ચાલે છે. પ્રાથમિક, માધ્યમિક ને કન્યાશાળાઓની સંખ્યા ચાર હજાર જેટલી થવા જાય છે. અનાથાશ્રમો, વનિતાશ્રમો, વિધવાશ્રમો અને ગૌશાળાઓની સંખ્યા ૪૦૦ની છે. ખાસ અંત્યજોદ્ધાર માટે આર્યસમાજ તરફથી ચાર હજાર શાળાઓ ચાલે છે. ૫૦૦ જેટલાં વ્યાયામમંદિરો અને અતિથિગૃહો છે. એક હજાર પુસ્તકાલયો અને વાચનાલયો ચાલે છે. છેલ્લા આંકડાઓ પ્રમાણે ભારતમાં અને વિદેશોમાં મળીને આર્યસમાજીઓની સંખ્યા સવા કરોડ છે. ભારતમાં પાંચ હજાર આર્યસમાજો છે વિદેશોમાં આફ્રિકા, ફીજી, ગાયના, થાઇલૅન્ડ, મલયએશિયા વગેરેમાં ૫૦૦ આર્યસમાજો છે. ભારત, નેપાલ, આફ્રિકા, ફીજી, ત્રિનીદાદ વગેરેમાં આર્યવીરદળોની ૮૦૦ શાખાઓ છે. ભારતમાં આર્યકુમાર સભાઓની સંખ્યા ૩૦૦ છે. ૧૨૫ તો છાપખાનાં છે. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં હજારો આર્યસમાજી ભાઈઓએ ભાગ લઈ જેલયાતનાઓ ભોગવી હતી. રાષ્ટ્રોદ્ધારની કોઈ પણ પ્રવૃત્તિમાં આર્યસમાજના સેવકો ઉત્સાહભેર સહયોગ આપતા આવ્યા છે.

ઉત્તર ભારતમાં રાષ્ટ્રીય કેળવણીના જ્યોતિર્ધર તરીકે મહાત્મા મુન્શીરામજી (સ્વામી શ્રદ્ધાનંદજી) અને મહાત્મા હંસરાજજીએ ભગીરથ પુરુષાર્થ કર્યો હતો. ગુરુ-શિષ્યની અન્તેવાસી પદ્ધતિની પુનઃ પ્રતિષ્ઠા કરીને ભારતમાં ફરીથી નવા યુગની વિશેષતાઓ સાથે તપોવનો, આશ્રમો ને વિદ્યામંદિરોની સ્થાપના કરીને ઉપનિષદ્કાલીન ગુરુકુલ શૈલીનો પુનરુદ્ધાર કરી આર્યસમાજે, આમ, કેળવણીના ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે, જે આજના કલુષિત અને ક્લેશકર શિક્ષણ વાતાવરણમાં સ્મરણીય છે.

ગઈ શતાબ્દીના પ્રબોધનકાલમાં અને ચાલુ સદીના પૂર્વાર્ધમાં માતૃભૂમિના સર્વતોભદ્ર ઉત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓમાં આર્યસમાજના અનેક ત્યાગી, તપસ્વી અને તેજસ્વી કર્મવીરોએ સ્વાર્પણની અદ્ભુત કર્તવ્ય-ગાથા નિર્મેલી છે. પંજાબકેસરી લાલા લાજપતરાય, મહાત્મા શ્રદ્ધાનંદજી, મહાત્મા હંસરાજજી, દેવતાસ્વરૂપ ભાઈ પરમાનંદજી, દેશભક્ત લાલા હરદયાલ, સ્વદેશાભિમાની શ્યામજી કૃષ્ણ વર્મા, સ્વામી સત્યદેવ પરિવ્રાજક, પંડિત ગુરુદત્તજી, પંડિત લેખરામજી, શ્રી નારાયણસ્વામીજી, સ્વામી શંકરાનંદજી, સ્વામી સત્યાનંદજી, ડૉ. ગોકુલચંદ નારંગ, આચાર્ય રામદેવજી, આચાર્ય ઈન્દ્ર વિદ્યાવાચસ્પતિ, આચાર્ય અભયદેવજી, પં. ગંગાપ્રસાદઇત્યાદિ અનેક આર્યસમાજના પ્રદાનક્ષેત્રના ઉજ્જ્વલતારકો છે.

આર્યસમાજના યશસ્વી કર્તૃત્વને અંજલિ આપતાં યુગપુરુષ મહાત્મા ગાંધીજીએ કહ્યું છે: 'હું જેમજેમ પ્રગતિ કરું છું તેમતેમ મને મહર્ષિ દયાનંદનાં ચરણારવિન્દ જણાય છે. બ્રિટિશ રાજ્ય સ્થાપિત થયા પછી જનતાની સાથે સીધો સંપર્ક સાધવાનો માર્ગ શોધવાનું શ્રેય સ્વામી દયાનંદ તથા એમના આર્યસમાજને જ છે. મહર્ષિ દયાનંદે અને એમના આર્યસમાજે પ્રજામાં નવું જીવન રેડ્યું છે. હિન્દુ સમાજના અનેક સડાઓ દૂર કરવા અગાધ પ્રયત્ન કર્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ, કન્યાકેળવણી અને દલિતોદ્ધારની ન ભૂલી શકાય તેવી રાષ્ટ્રની મહાન સેવા કરી છે. મને આર્યસમાજ ઘણો જ પ્રિય છે.'

આજે જ્યારે આર્યસમાજની સ્થાપનાની શતાબ્દી ઊજવાઈ રહી છે ત્યારે પ્રસ્તુત સમાજના રાષ્ટ્રોદ્ધાર ને સમાજોદ્ધારનાં કાર્યોને સમ્યકતયા સ્મરીને પુનઃ એવાં ઉપયોગી કાર્યોમાં લાગી જવાની નેમ લેવામાં જ આ શતાબ્દીપ્રોક્ષણનું સાર્થક્ય છે. □

('કુમાર' અંક ૬૧૬)

અનુસંધાન] ય. ગો. જોશી [પૃ. ૧૨૯થી

ઉપરના શબ્દોમાં જોશીબુવાનું અંતઃકરણ જોવા મળે છે. એ અત્યંત ભાવનાપ્રધાન હતા એમ મેં ઉપર કહ્યું છે. મનમાં એક, વચનમાં બીજું અને આચરણમાં ત્રીજું એવું એમની પાસે હતું નહિ. સદા હસમુખા રહેતા, પણ ગુસ્સે થઈ શકતા. અપ્રિયતાની તૈયારીથી હિતકારી સત્ય બોલતા. અને મશ્કરી એવી કરી શકતા અને એટલું તો હસી શકતા કે એમના જેવી શક્તિ ધરાવતા લોકો મેં થોડા જ જોયા છે. મશ્કરી કરતા ત્યારે ઉપહાસ કે ઉપરોધથી એમની ભૂરી આંખો નાચી ઊઠતી. પણ એ બધું ક્ષણ પૂરતું. મશ્કરી કરી અને ભૂલી જાય. મનમાં કદી ય ડંખ રાખે નહિ. એમને ત્યાં કોઈ પણ સમયે જઈ શકાતું. વાતો કરવામાં એમને અજબ રસ હતો. કલાકોના કલાકો સંભાષણ ચાલે. ઘરમાંથી ચાનો કપ આવે— ચા પીવામાં અને પાવામાં એમને ભારે મઝા પડતી!—ચા પીતાં પીતાં વાતોની છોળો ઊડતી હોય.

કેટલા યે પ્રસંગો આજે યાદ આવે છે. મહારાષ્ટ્રના સાહિત્યકારો— નાના અને મોટા—પ્રેમથી એમને મળવા આવતા. બધા સ્તરોના માનવીઓથી એમનું મકાન રણકતું રહેતું. માત્ર દાંભિક માણસો એમની પાસે આવવાની હિંમત કરતા નહિ. વાક્છટા તો એવી કે સાંભળતા જ રહીએ. એક વાર કહે : 'મામા વરેરકરને ઓળખો છો? સરસ માણસ છે નહિ? ગમે એવા. એમનું બધું જ પવિત્ર–મુખ સિવાય!' સાને ગુરુજીની 'શ્યામની મા' એમને ખૂબ ગમી. ગુરુજી પાસેથી એમની સહી એમણે પોતાની નકલ પર માગી લીધી અને આદરભાવ વ્યક્ત કરવા જમવા બોલાવ્યા. સાને ગુરુજી વિલક્ષણ વિનયી. જોશીબુવાને કહે: 'તમે માનો છો એટલું મહાન એ પુસ્તક નથી, તમારી કૃપા છે.' જોશીબુવા ખિજાયા. બોલ્યા : 'ગુરુજી, કાં તો મને પુસ્તકના ગુણ સમજાતા નથી અને હું બુધ્ધુ છું, અથવા તમારો વિનય ખોટો છે.' ગુરુજીને શું લાગ્યું હશે એની કલ્પના જ કરવી રહી! એકંગે સેવક ચોંડેમહારાજ હતા. જોશીબુવાએ આદરપૂર્વક જમવા બોલાવ્યા. મહારાજ આવ્યા. જમવા બેઠા ત્યારે કહે : 'મને તો ગાયનું જ દૂધ ખપે. છાશ, દહીં, ઘી, જે કંઈ પીરસવાનાં હોય એ ગાયનું જ જોઇએ. અનુકૂળતાથી કરી શકશો ને?' જોશીબુવા બોલ્યા : 'હં, મહારાજ, બધું ગાયનું મળશે; પણ ભોંય લીંપવામાં જે છાણ આ ઘરમાં વપરાય છે એ ભેંસનું હોય છે. ચાલશેને?'

જીવનમાં જોશીબુવા પૈસાનો વ્યવહાર શીખ્યા નહિ. પૈસાની બાબતમાં શિવ જેવા ભોળા. પોતાની પાસે પૈસા હોય ત્યાં સુધી યાચકને વિમુખ મોકલે નહિ. પછી સવાલ પચાસ–સો રૂપિયાનો હોય કે હજારોનો. માણસાઈ આગળ પૈસા શી વિસાતમાં એવું એ દૃઢતાથી માનતા. પોતાને ભલે અગવડ વેઠવી પડે, મિત્રોને હમેશાં મદદ કરવી એવો એમનો નિયમ હતો. એક મિત્રને એમણે મોટી રકમ ધીરી હતી. એ પૈસા પાછા આવશે એવો કોઈ સંભવ દેખાતો ન હતો. મિત્ર રોજ વધુ નુકસાનીમાં ડૂબતો જતો હતો. જોશીબુવાને ખબર પડી ત્યારે એ મિત્રને ઘેર ગયા. એને કેટલાક હજાર રૂપિયા ફરી ધીર્યા અને આનંદથી ઘેર આવ્યા. કોઇએ એમની ટીકા કરી ત્યારે કહે : 'પેલો બીચારો જીવનમાંથી ઊઠી જાય એ આપણાથી કેમ ખમાય? પૈસાનું તો ઠીક છે. ધારો કે મારા આ પૈસા ગયા. પણ મને ખાતરી છે કે મારી સાચી કમાણીના પૈસા ક્યાં ય જવાના નથી.' માણસમાં એમને આવી અજબ શ્રદ્ધા હતી.

જીવનના અંત ભાગમાં એમને આર્થિક સધ્ધરતા સારી મળી. પુત્ર બી. કૉમ. થઈ પિતાના ધંધામાં જોડાયો. પુત્રીઓ પરણી સાસરે ગઈ અને સુખમાં રહી. દેવાં હતાં તે બધાં પરત કર્યાં. પોતાનું મકાન બંધાવી શક્યા. પણ તબિયત કથળતી ગઈ, અને ૧૯૬૫ના જાન્યુઆરીમાં એમનું અવસાન થયું. કેનેડીના ખૂનના અને જોશીબુવાના અવસાનના સમાચાર એક જ દિવસે પૂનાનાં પત્રોએ છાપ્યા. □

—અશ્વિન દેસાઈની વાર્તા— રંગબેરંગી માછલીઓ

—કોઈ તરવરતી—કોઈ લપટાતી—કોઈ...—

સવારના ઝાંખા અજવાળામાં તે ઊઠી જતો અને દાતણ મોંમાં ભરાવીને દરિયે લટાર મારવા નીકળી પડતો.

દરિયો ય ઊઠીને આળસ મરડતો હોય તેમ આછો ઘુઘવાટ કરતો. એ કિનારે કિનારે ચાલ્યા કરતો અને દાતણ પૂરું થતાં પાછો વળતો. વાંકો વળીને ઝૂંપડીમાં દાખલ થતો. પાણીનો લોટો ભરીને ફરી બહાર નીકળતો. મોઢું ધોઈને આંખો ઉપર છાલક મારતો અને ખાલી લોટો બહારથી જ એની વહુના હાથમાં મૂકતો અને પૂછતો: 'મોહન ઊઠયો?'

'ના.' મોહનની મા ચાનો કપ બહાર આપતી.

'ઉઠાડ.' તે હળવે હળવે ચાનો ઘૂંટડો ગળતો.

'જરા વાવ જેવું છે.'

તે કંઈ ન બોલતો. ચા પૂરી કરીને કપ પાછો અંદર આપતો. ખૂણામાં પડેલી જાળ અને ખભે થેલી ભેરવીને નીકળી પડતો.

આમ તો રોજ મોહન પણ તેની સાથે આવતો. જાળ પાણીમાં નંખાય ત્યારે એક ખૂણામાં ઊભો રહીને એના બાપાનો ફેલાતો હાથ અને એના આંચકાથી ફેલાતી જાળને જોઈ રહેતો. ઘણી વાર બાપાને શીખવવાનું પણ કહેતો, પણ એનો બાપ હસી દેતો: 'એ તો તું મોટો થઈશ એટલે એની મેળે જ આવડી જશે!'

અને ઘણી વાર મોહન એક હાથે જાળ ઊંચકી જોવાનો પ્રયત્ન કરતો. પણ બહુ ભારે લાગતી એટલે મૂકી દેતો. એને થતું કે બાપામાં આટલી બધી તાકાત કયાંથી આવી હશે, કે આટલી ભારે જાળને આસાનીથી ફગાવી શકે છે! પછી બાપા ધીમે ધીમે જાળ પાછી ખેંચતા તે જોવાની બહુ મજા આવતી. જાળમાં સહેજ વજન લાગતું તો બાપાના ચહેરા ઉપર જે ભાવ બદલાઈ જતો તે જોવાની તો એને ખૂબ મજા આવતી. તે પણ આતુરતાથી ખેંચાતી જાળને જોઈ રહેતો. જાળ જેમ જેમ નજીક આવતી જતી તેમ તેમ બન્ને બાપ-દીકરાનું કુતૂહલ વધતું જતું, અને જાળ બહાર આવતાં, એકાદ મોટી માછલીને અંદર તરફડતી જોઈને બન્ને આનંદથી લગભગ નાચી ઊઠતા, ધીમેથી તે માછલીને જાળમાંથી કાઢીને પોતાના થેલીમાં મૂકી દેતો અને ફરીથી જાળ નાખતો. ફરીથી મોહન રસપૂર્વક જાળને ખેંચાતી જોઈ રહેતો.

પણ હવે તો મોહન થોડો મોટો પણ થયો હતો. અને કોને ખબર કેમ પણ એક યા બીજા બહાને મોહનની મા એને દરિયે મોકલતી નહિ. હવે તે લગભગ એકલો જ દરિયે જતો અને જાળ નાખતો. વજન લાગતું તો તેના ચહેરાના ભાવ પણ બદલાતા. અને 'માલ' સારો દેખાતો ત્યારે આનંદથી નાચી ઊઠતો. પણ મોહનની ગેરહાજરી એને સાલતી. મોહનની હાજરીથી હમેશાં તેનો ઉત્સાહ બેવડાતો. એક વાર તેણે મોહનને, કોઇ બે મણની માછલી તેણે કેવી રીતે પકડેલી તેની રસ-ભરપૂર વાત કરેલી. જાળ કેવી રીતે નાખેલી, કેવી રીતે વજન લાગેલું, કેવી રીતે તેણે એકલાએ એટલી ભારે જાળ ખેંચેલી, અને બે મણની માછલી જોતાં તેને શું થએલું તે સાંભળવામાં મોહનને પણ ખૂબ મજા પડેલી.

પણ પછી તે એકલો જતાં પણ ટેવાઈ ગયો. જતાં પહેલાં મોહન વિષે એની માને પૂછી લેતો. પણ પછી ધીમે ધીમે તેણે એની માને પૂછવાનું પણ બંધ કર્યું. તેને ખાતરી રહેતી કે મોહન નહિ આવે. મોહન એટલામાં ફરતો હોય તો પણ તેની સાથે જતો નહિ, અને તેને જોઈને આઘો-પાછો થઈ જતો. તે એકલો જ, હમેશની જેમ ખભે થેલી ભેરવીને હાથમાં જાળ લઈને જતો અને તેનું કામ કરતો. તેની જાળ રોજ નિયમિત દરિયા ઉપર ફેલાતી.

અને થોડાં વર્ષો પછી મોહનની માએ તે જમતો હતો ત્યારે સમાચાર આપ્યા કે મોહન તો કોઇની હોડી ઉપર નોકરીએ રહી ગયો છે. તેણે જમતાં જમતાં જ ઊંચું જોયું: 'મને વાત પણ ન કરી?' તેને સહેજ નવાઇ લાગી. મોહનની મા કંઈ ન બોલી. ઘૂંટણ પર મોં ટેકવીને બેઠી રહી.

'કેટલો પગાર?' તેણે જમતાં જમતાં પૂછ્યું.

'સો રૂપિયા મહિને—ખાતાં-પીતાં.' મોહનની મા ખુશ જણાતી હતી. તે કંઈ ન બોલ્યો, જમતો જ રહ્યો.

'કામ?' તેણે હાથ-મોં ધોતાં પૂછ્યું.

'ખબર નથી' મોહનની માએ તેની સામેથી થાળી ઉઠાવી લીધી તે શાંત થઈ ગયો. વધારે કંઈ પણ બોલ્યા વગર ઝૂંપડીની બહાર ચાલ્યો ગયો. દરિયો આછો ઘુઘવાટ કરી રહ્યો હતો, અને દૂર દૂર મોટી સ્ટીમરોના ધુમાડા દેખાતા હતા તે જોઈ રહ્યો, જોઇ જ રહ્યો.

અને ઘણા વખત પછી એકાદ માણસે તેને દરિયે આવીને કહ્યું 'ડોસા! હવે આ તારી જાળ સંકેલી લે!'

'કેમ?' તે આશ્ચર્યથી માણસને જોઈ રહ્યો. તેની જાળ પાણીમાં હતી

'તારો છોકરો, તું આખી જિંદગીમાં નથી કમાયો તેટલું એક દિવસમાં કમાય છે!' આવનાર માણસે જોરજોરથી તેનો ખભો થાબડયો તે આશ્ચર્યથી વાત કરનારને જોઈ રહ્યો. તેને કંઈ જ સમજ ન પડી.

'કંઈ સમજ્યો કે નહિ, ડોસા? તારો છોકરો તો હવે જબરો ખેલાડ થઇ ગયો! મોહનનો મોહનલાલ શેઠ થઈ ગયો!'

તેને હજી ય કંઈ સમજ ન પડી. તે માથું ખંજવાળતો જ રહ્યો.

'મોહન તો હવે માલની હેરફેર કરે છે!' માણસે ધીમેથી લગભગ તેના કાનમાં કહ્યું અને તેના ચહેરા ઉપરના પ્રત્યાઘાત જોઈ રહ્યો. તેણે ધીમે ધીમે જાળ ખેંચવા માંડી. તેના ચહેરાના ભાવ ખાસ બદલાયા નહિ 'કોણે કહ્યું?' તેણે કંઈ બન્યું જ ન હોય તેમ પૂછ્યુ.

'અરે બધા જાણે છે! તને જ ખબર નથી? તું કયાં રહે છે?' તે સહેજ હસ્યો. તેની જાળ ખાલી નીકળી. તેણે સમેટી લીધી. માણસ ગયો. સહેજ ઝડપથી તે ઘર તરફ વળ્યો. અને ઝૂંપડીમાં દાખલ થયો ત્યારે તેની વહુ રોટલા ટીપતી હતી. તેણે જાળ ખૂણામાં નાખી અને ખાલી થેલી વહુની સામે ફેંકી. તે સહેજ ગુસ્સામાં હોય એમ લાગ્યું. 'મોહન કોને ત્યાં કામ કરે છે?' તેણે સહેજ કડક અવાજે પૂછ્યું.

'મને ખબર નથી.' મોહનની મા શાંતિથી રોટલા ટીપતી રહી.

'તને બધ્ધું ખબર છે!' તેનો અવાજ સહેજ મોટો થયો. તેની વહુ કંઈ ન બોલી. રોટલા જ ટીપતી રહી.

'ઘરે કેમ નથી આવતો?' તેણે પૂછ્યું. તેની આંખો સહેજ લાલ થઈ. તેની વહુએ જવાબ આપ્યો નહિ, લોટવાળા હાથ થાળીમાં ધોઈ કાઢયા.

'કહે છે કે, માલની હેરફેરના કામમાં પડયો છે.' તે સહેજ ઠંડો પડયો.

'મને બિલકુલ ખબર નથી.' તેની વહુએ એકદમ શાંતિથી જવાબ આપ્યો. તે સમસમીને એક ખૂણામાં બેસી ગયો. વધુ કંઈ બોલી ન શકયો.

થોડી વારે તે ખાવા બેઠો. તેને કંઇ ભાવ્યું નહિ. રોટલા જાણે સીસમના ટુકડા જેવા લાગતા હતા. તે ચાવતો રહ્યો. તેની વહુ સામે બેસીને જોતી રહી. થોડું ખાઈને તેણે પાણી પી લીધું અને હાથ ધોઇ નાખ્યા.

ઝૂંપડીની બહાર સૂરજ ડૂબવાની તૈયારીમાં હતો. દરિયાનાં પાણી રતુમડા રંગે ઊછળી રહ્યાં હતાં, અને તે ડૂબતા સૂરજને જોઈ રહ્યો.

અવારનવાર તેને મોહનના વાવડ મળતા રહેતા. મોહન લાખ રૂપિયાની મોટરમાં ફરતો થઈ ગયો અને શહેરમાં તેણે ભવ્ય બંગલો બંધાવ્યો ત્યાં સુધીના સમાચાર તેણે દરિયે બેઠાં બેઠાં જાળ ફેલાવીને સાંભળ્યા.

એક દિવસ ખબર આવ્યા કે મોહન શહેરની કોઈ ભણેલીગણેલી છોકરીને પરણી ગયો છે. તેણે જાળ સમેટી લીધી અને ઘેરે ગયો. 'તેં કંઈ સાંભળ્યું કે?' તેની વહુને પૂછ્યું.

'હા.' તેની વહુએ તદ્દન ટૂંકો જવાબ આપ્યો.

'હવે લખમીના બાપને શો જવાબ દઈશું!' થોડી વાર તેની વહુ કંઈ ન બોલી પછી ધીમેથી કહ્યું: 'તમે શહેરમાં જઈને એને મળો તો?'

'હવે લગન કરી નાખ્યાં હોય તે કંઈ થોડાં ફોક થવાનાં છે?'

'પણ એને પુછાય તો ખરું ને, કે તારો વિચાર શું છે?' તેની પત્ની પણ સહેજ સખત અવાજમાં બોલી.

'એના વિચાર તો આપણને અહીં બેઠાંબેઠાં માલમ પડે જ છે! મારે તો હવે લખમીના બાપને જઈને પગે લાગવાનું રહ્યું ને?' તે સહેજ ખિન્ન સ્વરે બોલ્યો.

'શહેરમાં જઈને ખબર તો કાઢો, કે વાત સાચી છે કે ખોટી.'

'એની તો બધી પાકી જ ખબર આવે છે.'

'તો પછી જાઓ લખમીના બાપ પાસે, બીજું શું?'

અને તે કંઈ ન બોલ્યો. ફરી પાછો દરિયે ચાલ્યો ગયો.

લખમીનો બાપ દોડતો દોડતો તેને મળવા દરિયે આવ્યો. 'મેં વાત સાંભળી તે સાચી છે?' એનો અવાજ બહાવરો હતો.

'મેં પણ વાત સાંભળી છે. પણ સાચી હોય કે ન હોય, હવે એ વાતમાં ખાસ મજા નહિ. મોહન હવે બહુ મોટો માણસ થઈ ગયો છે. આપણાથી ન પહોંચાય. સંબંધ છૂટો કરવા હું તમને હાથ જોડું છું.' તે લગભગ રડવા જેવો થઈ ગયો.

લખમીનો બાપ કંઈ બોલી ન શક્યો. ધીમે ધીમે પોતાને રસ્તે પાછો વળ્યો. તેણે જાળ સંકેલી લીધી. તેની થેલીમાં માંડ ત્રણ-ચાર માછલીઓ હતી. ઘેર આવતાં તેના પગ ભારે થઈ ગયા. તે ઝૂંપડીની બહાર જ બેસી પડ્યો. દૂર દૂર દરિયામાં મોટી સ્ટીમરના ધુમાડા ફેલાઈ ગયા હતા. અને ધુમાડા સિવાય દરિયા ઉપર કંઈ જ દેખાતું નહોતું.

એક દિવસ તે દરિયેથી પાછો વળ્યો ત્યારે તેની વહુ ઝૂંપડાની બહાર ઊભી ઊભી તેની વાટ જોતી હતી અને કંઈક ખુશ જણાતી હતી

'કેમ, આજે બહુ રંગમાં છે ને કંઈ?' તેણે થેલી વહુના હાથમાં મૂકી.

'મોહન આવ્યો હતો!' તેની વહુ હરખથી માતી નહોતી.

'એમ? ક્યારે આવ્યો હતો?' તે પણ સહેજ ઉત્સાહમાં આવ્યો.

'ઘણી વાર થઈ.'

'તે દરિયે કેમ ન આવ્યો?' તે સહેજ ધીમેથી બોલ્યો.

'બહુ ઉતાવળમાં હતો.' અને બન્ને ઝૂંપડીમાં દાખલ થયાં. તે પાણીનો લોટો લઈને હાથ-મોં ધોવા બહાર ગયો. તેની વહુએ રોટલા પીરસવા માંડ્યા. તે જમવા બેઠો.

'મોહન કહે કે તમે બન્ને શહેરમાં ચાલો.' તેની વહુએ ધીમેથી અચકાતાં અચકાતાં કહ્યું. તે કંઈ ન બોલ્યો. જમતો જ રહ્યો.

'કહે કે એકાદ દિવસ હું મોટર લઈને આવી પડીશ. બાપુને કહી રાખજે.' તેની વહુએ સહેજ વધારે વિશ્વાસથી કહ્યું.

'તારે જવું હોય તો જજે. મને નહિ ફાવે.' તે શાંતિથી બોલ્યો. તેની વહુ પણ વધારે કંઈ ન બોલી શકી.

અને એક દિવસ તે દરિયે જાળ ફેલાવી બેઠો હતો ત્યાં મોહન આવ્યો: 'બાપુ, તમને અને માને લેવા આવ્યો છું.'

'કેમ આજે એકદમ? કંઈ ખબર નહિ, અંતર નહિ!' તે શાંતિથી જાળ ખેંચતાં ખેંચતાં બોલ્યો.

'આમ જ, અહીંથી જતો હતો, તે થયું આજે લેતો જાઉં.'

'ફુરસદ ભલી મળી!'

'ઘણા વખતથી થયા કરતું હતું, કે તમને લઈ જાઉં, પણ...'

'ફુરસદ મળતી નહોતી, એમ જ ને?' મોહન સહેજ હસ્યો. તે કંઈ ન બોલ્યો. થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહિ.

'તારી મા તૈયાર થઈ આવવા માટે?' તેણે ધીમેથી પૂછ્યું.

'હા, કહે કે બાપુને તું જાતે જઈને બોલાવી લાવ.' તે સહેજ હસ્યો. ધીમે ધીમે જાળ ખેંચવા માંડ્યો: 'જો! આમાં વજન લાગે છે! માલ ઊંચામાના લાગે છે!' તેણે એકદમ નિખાલસતાથી મોહનને કહ્યું.

'હવે તમારી ઉંમર થઈ ગઈ, બાપુ! હવે તમારે કામ બંધ કરવાનું.' મોહને નમ્રતાથી કહ્યું. 'કામ ન કરું તો ખાઉં કેવી રીતે?'

'તમે મારી ભેગા ચાલો. શહેરમાં રહેજો અને આરામ કરજો.'

'મને ન ફાવે. તારી મા તૈયાર હોય તો લઈ જા, મને વાંધો નથી.'

'તમને આવવામાં શો વાંધો છે?' મોહને આગ્રહપૂર્વક પૂછ્યું.

'મને ન ફાવે. આખી જિંદગી મેં માછલી પકડવાનો ધંધો કર્યો છે. હવે થોડાં વરસ માટે મૂકી દઉં તો મારો જીવ ગૂંગળાય! મને આ જગા વિના ચેન ન પડે!'

બન્ને ચૂપ થઈ ગયા. થોડી વાર શાંતિ રહી. પછી મોહન ચાલ્યો ગયો. તેણે ફરીથી જાળ નાખી. પણ સાંજ સુધી જાળમાં કંઈ આવ્યું નહિ.

સાંજના તે ઘેરે આવ્યો ત્યારે ઝૂંપડી ખાલી હતી. તે અંદર ગયો. પાણીનો લોટો લીધો, આંખે છાલક મારી અને મોં લૂછી લીધું.

અને એક દિવસ દરિયે કોઈ માણસ દોડતો દોડતો આવ્યો: 'કાકા! કાકા! મોહન પકડાઈ ગયો! મિસામાં!' તે કહેનારને જોઈ રહ્યો, અને કંઈ ન બોલ્યો. 'તમને ખબર પડી?' કહેનારને વધારે નવાઈ લાગી. તેણે હકારમાં માથું હલાવ્યું. અને ધીમે ધીમે જાળ ખેંચતો રહ્યો. કહેનાર ચાલ્યો ગયો. તે સહેજ હસ્યો.

સાંજના તે ઘેરે પાછો ફર્યો ત્યારે તેની વહુ ઝૂંપડામાં બેઠી બેઠી રોટલા ટીપી રહી હતી! તેણે જાળ ખૂણામાં નાખી અને થેલી તેની વહુની સામે મૂકી. લોટામાં પાણી લઈને તે ઝૂંપડાની બહાર ગયો અને આંખે છાલક મારી.

તે જમવા બેઠો એટલે તેની વહુએ થાળીમાં રોટલા પીરસ્યા. બન્ને વચ્ચે કોઈ વાતચીત થઈ નહિ. તે જમીને હાથ ધોઈને ઝૂંપડાની બહાર ઓટલી ઉપર બેઠો. દરિયામાં દૂર દૂર પક્ષીઓ ઊડી રહ્યાં હતાં અને સ્ટીમરો દેખાતી નહોતી. તેણે દીવાસળીના ટુકડાથી દાંત ખોતરવા માંડ્યા અને ઝૂંપડામાંથી તેની વહુનું ડૂસકું તેને સંભળાયું.

તે સહેજ હસ્યો અને શાંત થઈ ગયો. ☐

ગાંભીર્ય અને માધુર્ય અસરકારક છે. નાટકના અંતમાં પાત્રોની બધી જ મુશ્કેલીઓનું એકસાથે નિરાકરણ અને વિવિધ યુગલોનાં લગ્નો—આ ઘટનાઓ ઈલિઝાબેથ યુગના સામાજિકોને રોચક નીવડી હશે; આજના સામાજિકને તે 'નાટકી' લાગે; સંભવિતતાની દૃષ્ટિએ પણ તે અનુકૂળ ન બને. રોઝૅલિન્ડના પ્રેમપ્રસંગોમાં Schoolgirl romanticism, પણ દેખાય તેમ છતાં ડેવિડ ડેચીઝ કહે છે તેમ રોમૅન્ટિક પ્રેમનું નિરૂપણ પ્રકટ કરતી, સંગીતમય કૉમેડી તરીકે 'ઍઝ યુ લાઈક ઈટ' ઉત્તમ સ્થાનની અધિકારી છે.

'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ'

શેક્સ્પીઅરની રોમૅન્ટિક કૉમેડીમાં સૌથી વિશિષ્ટ કૃતિ 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ' છે. તેમાં વિવિધ પાત્રોનો વિનોદ અને પ્રેમના ભાગ્યપલટાનું વિલક્ષણ મિશ્રણ છે. આ નાટકમાં પણ મુખ્યત્વે જંગલનું રમ્ય વાતાવરણ છે. જંગલમાં એક તરફ સુરમ્ય પરીસૃષ્ટિનું ચિત્ર છે. ઓબેરૉન ('Oberon) અને ટિટાનિયા (Titania) એ સૃષ્ટિનાં રાજારાણી છે. તેમની વચમાં નાનીશી બાબતમાં કલહ, અને તેમાં સંડોવાય છે મનુષ્યસૃષ્ટિનાં પ્રેમી યુગલો. ઍથેન્સ નગરીના નિષ્ઠુર કાનૂનથી બચવા—લગ્ન કરવા હર્મિયા અને લાયસૅન્ડર બીજા નગરમાં ભાગી છૂટે છે—જંગલમાં મળે છે. હર્મિયાનો પિતા તેનાં લગ્ન બીજા એક યુવાન ડિમિટ્રીઅસ સાથે કરવા માગે છે. ડિમિટ્રીઅસ જંગલમાં હર્મિયાનો પીછો કરે છે. એક યુવતી હેલીના ડિમિટ્રીઅસને ચાહે છે. એ ડિમિટ્રીઅસની પાછળ વિલપતી, વીનવતી દોડે છે. પરીઓનો રાજા ઓબેરૉન એના સેવક પક (puck)ને પ્રમાદપુષ્પનું અંજન લાવવા ફરમાન કરે છે. એ અંજન જેની આંખમાં છાંટવામાં આવે તે પહેલી નજરે જેને જુએ તેના પ્રેમમાં મુગ્ધ બની જાય એવો તેમાં ઈલમ છે. ઓબેરૉન હેલીનાની સ્થિતિની દયા ખાઈને તે અંજન ડિમિટ્રીઅસની આંખમાં આંજવાનું પકને ફરમાન કરે છે. પક ભૂલમાં તે અંજન લાયસૅન્ડરની આંખ પર છાંટે છે. અકસ્માત એની પ્રથમ દૃષ્ટિ હેલીના પર પડે છે. એ હેલીના માટે મત્ત બને છે અને ચારે પાત્રો વચ્ચે કલહો જામે છે તે ખૂબ મનોરંજક બની રહે છે.

બીજી તરફ ઍથેન્સનાં રાજારાણીનાં લગ્ન ઊજવવા માટે જંગલમાં એક નાટક કંપની આવી છે. તેમાં એક ભેજાંગેપ બૉટમ (Bottom) છે. એની મજાક કરવા માટે પક તેના ખભા ઉપર ગધેડાનું ડોકું લગાવી દે છે. અને પછી ઓબેરૉનની સૂચનાથી તે રાણી ટિટાનિયાની આંખમાં પ્રમાદપુષ્પનું અંજન છાંટે છે. રાણી જાગે છે ત્યારે પહેલી નજરે બૉટમ જ દેખાય તેવો ઘાટ રચાય છે અને રાણી ટિટાનિયા આ ગર્ધવસેન સાથે ગળાડૂબ પ્રેમમાં ઘેલી બની જાય છે. છેવટે ફરી પાછો પક પ્રમાદપુષ્પના અંજન દ્વારા પોતાની ભૂલ—મજાક—સુધારી લે છે અને યુગલોનું સુખદ મિલન થાય છે. આમ સમગ્ર નાટકમાં એક તરફ સ્વપ્ન જેવી પરીસૃષ્ટિ, બીજી તરફ માનવસૃષ્ટિ—એમાં પ્રગટતા પ્રેમતરંગો—આ સર્વનું શેક્સ્પીઅરે ખૂબ કુશળતાથી સંયોજન કર્યું છે અને ડેવિડ ડેચીઝના શબ્દોમાં 'the play is lyrical in tone and masquelike in movement.' સમગ્ર નાટક એક તરંગ છે, એક સ્વપ્ન છે. એમાં શેક્સ્પીઅરની બીજી કૉમેડીમાં જે ગાંભીર્યનો-કંઈક વિષાદમય સૂર સંભળાય છે તે આમાં નથી. પરીઓનો પરિચારક પક જે માનવ તેમજ પરીસૃષ્ટિ બંનેની વચ્ચે મહાલતો, મજાક કરતો ઘૂમતો રહે છે તેનું વ્યક્તિત્વ સ્મરણીય બની રહે છે. માનવસૃષ્ટિના સૌથી સ્થૂલ તત્ત્વનો પરીસૃષ્ટિના સૌથી સૂક્ષ્મતંતુ સાથેનો સંપર્ક યોજીને શેક્સ્પીઅરે બે નાટ્યપ્રવાહોની ખૂબ કુશળતાથી ગૂંથણી કરી છે. બૉટમ અને તેના સાથીદારો માટેની પ્રેરણા શેક્સ્પીઅરે પ્રશિષ્ટ સાહિત્યમાંથી મેળવી હોય તો પણ તે બધા પૂર્ણપણે અંગ્રેજી સમાજનાં જ પાત્રો તરીકે પ્રતીત થાય છે. અને બૉટમના પાત્ર દ્વારા તે નાટકમાં હાસ્યનું એક નવું પરિમાણ હાંસલ કરે છે. સાદ્યંત સફળ, મનોરંજક, સંગીતમય આ કૉમેડી શેક્સ્પીઅરની નાટ્યપ્રતિભાની વિલક્ષણ શક્તિનું ઉત્તમ ઉદાહરણ છે.

શેક્સ્પીઅરની રોમૅન્ટિક કૉમેડીમાં પાત્ર અને વસ્તુમાં તરંગ–સ્વપ્ન અને વાસ્તવિકતાનું સુભગ મિશ્રણ દેખાય છે. શેક્સ્પીઅરની કલ્પના તેનો પ્રકાશ પાત્ર અને દૃશ્ય ઉપર એવી રીતે પાથરે છે કે જીવનની સામાન્ય વસ્તુઓ કૌતુકરંગી ભાસે છે અને અદ્‌ભુતરંગી સૃષ્ટિનાં પાત્રો અને તેની ઘટનાઓ પ્રતીતિકર—જીવંત લાગે છે. 'ઍઝ યુ લાઈક ઈટ' અથવા તો 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ'માં કૌતુકરંગી સૃષ્ટિનું આલેખન હોવા છતાં વાસ્તવિક જીવનથી એ વિમુખ લાગતી નથી. 'ઍઝ યુ લાઈક ઈટ'માં અંગ્રેજી ગ્રામપ્રકૃતિ આર્ડનના જંગલરૂપે પ્રકટ થાય છે, અંગ્રેજી દરબારીઓ દેશવટે નીકળેલા ડ્યૂક અને સાથીદારો બની રહે છે; અને 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ'માં અંગ્રેજી સમાજનો કારીગર-વણકર બૉટમ રૂપે પ્રકટ થાય છે. આમ તેના પાયામાં વાસ્તવિકતા છે, પણ સુપરસ્ટ્રક્ચર—ઉપરદળ કલ્પનારંગી અથવા કૌતુકરંગી ભાસે છે.

ફારસ પ્રકારની રચના

'ધ ટેઈમિંગ ઑવ ધ શ્રૂ' ફારસ કોટિની રચના છે. તેમાં તેણે ખડખડાટ હાસ્ય પ્રેરે તેવી ઘટનાઓની સાથે પ્રેમની ઘટનાનું સંયોજન કર્યું છે. આમાં સહજરીતે જ ઘટના પર ઝોક છે. કેટલાક વિવેચકોએ આ કૃતિને 'low romantic comedy' તરીકે ગણાવી છે. આ કૃતિ તેના આરંભકાળની છે (ઈ. ૧૫૯૪) અને શેક્સ્પીઅર હજી હાસ્યપ્રધાન નાટક માટે ઉચ્ચ કલાવિધાનની શોધમાં હોય તેમ લાગે છે. આ અને બીજી એ પ્રકારની 'ધ મેરી વાઇવ્ઝ ઑવ વિન્ડસર'ને કેટલાકે 'realistic comedy' તરીકે ગણાવી છે, કારણ તેમાં બીજી કૉમેડી-રચનાઓ કરતાં સ્થાનિક રંગો વિશેષ પ્રમાણમાં છે. દૃશ્યો અને પાત્રો પણ વાસ્તવિક જીવન સાથે વણાએલાં છે. કાર્ય અને સંવાદમાં પણ રોમૅન્ટિક તત્ત્વનો રંગ આછો દેખાય છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

એપ્રિલ ૧૯૫૦ · સળંગ અંક ૩૧૯




આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના એ દિવસોમાં અમદાવાદમાં ત્યારના મુંબાઈ રાજ્યનું શારીરિક શિક્ષણ સંમેલન અને તેને અંગેનું આરોગ્ય સપ્તાહ ઉજવાએલું. તેમાં રજૂ થએલાં આરોગ્ય, આહાર, વ્યાયામ, શરીરસ્વાસ્થ્ય વગેરેને લગતાં સંખ્યાબંધ બોધચિત્રોમાં પ્રજાને જાગ્રત કરતી ઉત્તમ શિક્ષણસામગ્રી હતી. તે પૈકી થોડાં ચોટદાર ને આકર્ષક ચિત્રો ત્યારના માર્ચ (૩૧૯મા) અંકમાં બે પાનાં ભરી અમે આપેલાં તે આજે પણ એટલાં જ પ્રબોધક નીવડશે. આ તથા સામેના પાનાનાં ચિત્રો શ્રી રવિશંકર રાવળની ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં તૈયાર થએલાં. □
















શરીરની માંસપેશીઓ અને સંવૃધ્ધિ
માટે પ્રોટીનયુક્ત પદાર્થો જોઇએ
ઘઉંનો આટો
ચણા
અડદ
મસૂર
મગ
સોયાબીન
દૂધ
સુકો મેવો
પીસ્તા
અખરોટ
ભોંય સીંગ
ઈંડાં
માંસ
માછલી
શિંઘોડા
પાપડ
સુકીવડી


લોહી વધારવા
લોહ આપનારા ખોરાક વધારો
ઘઉંની રોટી
બાજરી
શેલડી
સુકો મેવો
માંસ
કલેજાં
ઇંડા
સુકી નાડી
ગોળ


હાડકાં અને દાંત માટે
કેલશ્યમ (ચૂનોખાર) આપતા પદાર્થો
તલ
દૂધ
કોબીજ
ઇંડાં


આટલું ધ્યાનમાં રાખજો
જ્યાં પાણીમાં શુદ્ધ પાણી વિષે શંકા હોય ત્યાંનું પાણી ઉકાળીને પીવું.
દૂધને ઉકાળીને પીવું
શાકને સાફ કરીને રાંધો
અનાજ સાફ કરી, ઘરની ઘંટીમાં દળી ચાળ્યા-વગર વાપરવું.

પ્રાચીન સિક્કા ૪

સિક્કાનાં દ્રવ્ય

લેખક · ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

પ્રાચીન ભારતમાં સિક્કા મુખ્યત્વે સોનાના, ચાંદીના ને તાંબાના બનાવવામાં આવતા. ભારતમાં સોનું પુરાતન કાલથી નીકળે છે. સોનાને માટે 'સુવર્ણ' (સારા વર્ણનું) અને 'હિરણ્ય' (પીળું) શબ્દ પ્રયોજાતા, એમાં એનો ચળકતો પીળો વર્ણ સૂચિત થાય છે. શરૂઆતમાં દ્રવ્યવિનિમય માટે સુવર્ણરજનો તથા હિરણ્યપિંડનો—અર્થાત્ સોનાની રજનો તથા સોનાના ગઠ્ઠાનો—ઉપયોગ થતો. સુવર્ણરજ દર વખતે તોળવી પડે, જ્યારે હિરણ્ય-પિંડ નિયત તોલના રાખી શકાય. આગળ જતાં નિયત તોલ દર્શાવતાં ચિહ્ન અંકિત કરેલી સોનાની નાની લગડી વપરાવા લાગી. વેદ સાહિત્યમાં સોનાનાં આભૂષણ તથા હિરણ્યપિંડ ઉપરાંત છેવટે સોનાના સિક્કાઓના પણ ઉલ્લેખ આવે છે. પાણિનિની 'અષ્ટાધ્યાયી' (ઈ. પૂ. ૫મી સદી)માં પણ નિષ્ક વગેરે સિક્કાઓના ઉલ્લેખ છે. પરંતુ ભારતમાં એટલા પ્રાચીન કાલના સોનાના સિક્કા હજી મળ્યા નથી. હાલ તો એના સહુથી જૂના નમૂના ૧લી સદીના મળ્યા છે ને તે પણ વિદેશી કુષાણ વંશના. ગુપ્ત સમ્રાટોના ઘણા સિક્કા સોનાના છે.

ભારતમાં સિક્કાના સહુથી જૂના નમૂના તો ચાંદીના મળે છે. ઈ. પૂ. ૬ઠ્ઠી–૫મી સદીથી અનેક સદીઓ સુધીના ચાંદીના આહત (ચિહ્નાંકિત) સિક્કા ભારતમાં ઠેકઠેકાણે મળે છે. ચાંદીની ભારતમાં અછત રહેતી ને તેનો ઘણો જથ્થો વિદેશમાંથી આયાત કરવો પડતો, છતાં ચાંદીના સિક્કાનું ચલણ અહીં વ્યાપક હતું.

મૌર્ય કાલના આરંભમાં સોના અને ચાંદી ઉપરાંત તાંબાના સિક્કા પણ પ્રચલિત હતા એવા ઉલ્લેખ મળે છે. એના સહુથી જૂના ઉપલબ્ધ નમૂના ઈ. પૂ. ૩જી–૨જી સદીના આહત સિક્કાઓ રૂપે મળે છે. ચાંદીના આહત સિક્કાઓની સરખામણીએ આ સિક્કા ઓછી સંખ્યામાં મળે છે.

ગુપ્ત કાલના અંતભાગમાં ચાંદીનો (ને ક્વચિત્ સોનાનો) ઢોળ દીધેલા તાંબાના સિક્કા પ્રચલિત હતા. એ પ્રાયઃ આર્થિક અવમૂલ્યન સૂચવે છે. કેટલીક વાર ચાંદીના તથા તાંબાના સિક્કામાં હલકી ધાતુઓ ભેળવેલી માલૂમ પડે છે. ચાંદીમાં તાંબું વગેરે હલકી ધાતુઓ ભેળવવાથી જે મિશ્ર ધાતુ બને છે તેને 'બિલન' કહે છે; ને તાંબામાં સીસું, કલાઈ અને જસત જેવી ધાતુઓ ઉમેરવાથી જે મિશ્ર ધાતુ બને છે તેને 'પોટિન' (ઉચ્ચારણ: પોટે?) કહે છે. એમાં સીસાનું પ્રમાણ વધારે હોય, તો તે સીસા જેવી અને કલાઈનું પ્રમાણ વધારે હોય તો કાંસા જેવી દેખાય છે. કોલ્હાપુર, ચાંદા (મ. પ્ર.) અને માળવામાં પોટિનના સિક્કા મળ્યા છે. તાંબામાં જસત ઉમેરવાથી પિત્તળ બને છે ને કલાઈ ઉમેરવાથી કાંસું બને છે. અયોધ્યા, કૌશાંબી અને અવંતી જેવાં રાજ્યોમાં આ મિશ્ર ધાતુના સિક્કા પ્રચલિત હતા.

પ્રાચીન ભારતમાં સોનું, ચાંદી અને તાંબા ઉપરાંત સીસા અને નિકલના પણ સિક્કા પ્રચલિત હતા. ઈસ્વી સનના આરંભના અરસામાં ઉત્તર ભારતમાં ગ્રીક અને શક–પહલવ રાજાઓના તથા આંધ્ર પ્રદેશમાં સાતવાહન રાજાઓના સીસાના સિક્કા મળ્યા છે. ભારતીય-ગ્રીક રાજાઓના નિકલના સિક્કા પ્રાપ્ત થયા છે, તે ઈ. પૂ. ૨જી સદીના છે. તે પહેલાં ઈ. પૂ. ૩૨૫ના અરસામાં સિકંદરને ઉત્તર ભારતમાં ક્ષુદ્રકો તથા માલવો પાસેથી 'સફેદ લોહ'ના ૧૦૦ સિક્કા ભેટ મળેલા એવો જે ઉલ્લેખ આવે છે એમાં પણ નિકલ ઉદ્દિષ્ટ લાગે છે.

સામાન્ય રીતે એક રાજ્યમાં એક ધાતુના સિક્કા ચાલતા, તો અનુપાતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નહિ. પરંતુ એક કરતાં વધુ ધાતુઓના સિક્કા ચલણમાં હોય, તો જુદીજુદી ધાતુઓના સિક્કાઓના મૂલ્યનો અનુપાત (ratio) નક્કી કરવો પડે છે. ક્ષહરાત ક્ષત્રપ રાજા નહપાનના સમય (૧લી સદી)માં સોનાના અને ચાંદીના સિક્કાના મૂલ્યનો અનુપાત ૧ : ૯ હતો, ચાંદી અને તાંબાના સિક્કાના મૂલ્યનો અનુપાત ૧ : ૫·૭ હતો, ને સોના અને તાંબાના સિક્કાના મૂલ્યનો અનુપાત ૧ : ૪૮થી ૧ : ૫૬·૭ હતો એવું માલૂમ પડે છે. ધાતુ ઉપરાંત શર (વાંસનો બહારનો ભાગ) અને લાખ કે ગુંદરના સિક્કા બનતા એવા ઉલ્લેખ પણ મળે છે. વળી અસ્થિ, ચર્મ, ફળ કે બીજનો પણ ચલણ માટે ઉપયોગ થતો.

નાની ચીજોની લેવડદેવડ માટે કોડીનું ચલણ પ્રચલિત હતું. તાંબાનો એક કાર્ષાપણ ૧૨૮૦ કોડીના મૂલ્યનો ગણાતો, જ્યારે તાંબાની એક કાકિણી ૩૨૦ કોડીના મૂલ્યની ગણાતી.

સિક્કાઓના અભ્યાસમાં નિયત તોલ, ચિહ્ન અને લખાણ ધરાવતા ધાતુના સિક્કા ખાસ ઉપયોગી નીવડે છે. (ચાલુ)

લખ્યું હતું : 'પંડિતજી સાથે મેં ઘણો વાદવિવાદ કર્યો છે. તેમના માર્ગથી હું ભયભીત બની ગયો અને બેસી ગયો. શ્યામજીના પંથનું હાનિકારક સ્વરૂપ મેં ઇન્ડિયા હાઉસમાં જઇને જોયું છે. ભારત-ભવનની આજુ-બાજુનું વાતાવરણ હળાહળ ભરેલું છે.'

શ્યામજીની જેમ જ સરદારસિંહ અને શ્રીમતી કામા પણ અથાક જહેમત લઈ રહ્યાં હતાં. પારી(સ)નિવાસ દરમિયાન સરદારસિંહ વધુ સક્રિય હતા. મદન જાધવ અને હેમચન્દ્ર દાસને લશ્કરી શિક્ષણ અને બૉમ્બ માટે મદદ તેમણે કરી. પાછળથી આ હેમચન્દ્ર દાસને બારીન્દ્ર ઘોષ સાથે આંદામાનની સજા થઈ. સરદારસિંહ પોતે પણ બૉમ્બ બનાવતાં શીખી ગયા. સેનાપતિ બાપટ, લાલા હરદયાળ વગેરે તેમની શિષ્યવૃત્તિ મેળવીને ઇંગ્લૅન્ડ આવ્યા. ભારતમાં ફાંસીના તખ્તે ચડેલા કન્હાઈ દત્ત અને સત્યેન્દ્ર બસુનાં અસ્થિ ઈંગ્લૅન્ડમાં લાવીને તેનું પૂજન કરાયું ત્યારે સરદારસિંહ એ પૂજાવિધિના અધ્યક્ષ હતા. એક નોંધ મુજબ ધીંગરાએ જે પિસ્તોલથી વાયલીને ઠાર કર્યો તે લડન પહોંચેલી પારી(સ)માં રહેતા રાણા પાસેથી! આ વર્ષોમાં સરદારસિંહ પર સ્વદેશથી એક ખુશખબર આવ્યા : લીમડીની રાજગાદી તેમને મળે તેવા સંજોગો સર્જાયા હતા. પણ 'ગુલામ રાજ્ય ભોગવવાની' તેમની ઈચ્છા નહોતી. પાછળથી બ્રિટિશ સરકારે જ તેમને રાજદ્રોહી ઠરાવીને લીમડી વસતાં કુટુંબીજનો સાથેનો વ્યવહાર અટકાવી દીધો હતો! ઈ. ૧૯૦૭-૧૯૦૮માં જ સરદારસિંહ-શ્રીમતી કામાએ ઉત્પાત જગવી દીધેલો, અને ૨૨ ડિસેંબર ૧૯૦૮ના 'મૉર્નિંગ પોસ્ટ'માં લખાયું : 'શ્રીમતી કામા અતિ ભયાનક મહિલા છે!'

આ 'ભયાનકતા' પ્રવૃત્તિના વિસ્તારની જ હતી. શ્રીમતી કામાએ દાદાભાઈ નવરોજીની કૉંગ્રેસાધ્યક્ષની ચૂંટણીમાં ખુલ્લંખુલ્લા પ્રચાર કર્યો હતો. તો ૧૯૦૭માં જ તેણીએ અમેરિકાનો પ્રવાસ ખેડચો. ઑક્ટોબરની આ યાત્રા મહત્ત્વની હતી, કેમ કે અમેરિકા પણ ભારતીય ક્રાંતિકારોથી ગાજતું થયું હતું. માઈરોન ફિલિપ્સ નામના એક અમેરિકને શ્યામજીના અનુકરણમાં ન્યૂ યૉર્કમાં 'ઇંડિયા હાઉસ'ની સ્થાપના કરેલી. ત્યાં વેદાન્ત સભાઓ યોજાતી. આ સભાઓનું કામ હતું મુક્તિયજ્ઞનું! એક અમેરિકન પત્રકાર જ્યૉર્જ ફ્રીમૅન પોતાના 'ગૅલિક અમેરિકન' પત્ર દ્વારા ભારતીય સ્વાતંત્ર્યનો પ્રચાર કરી રહ્યો હતો. જન્મે આઇરિશ આ પત્રકારનું મૂળ નામ તો જ્યૉર્જ ફિટ્ઝિરાલ્ડ. ઓગણીસમા વર્ષે લશ્કરમાં જોડાએલો અને ક્રિમિયાની લડાઈમાં ભાગ લીધેલો. પાંચ વર્ષ સુધી કૅનૅડા રહ્યો અને તે દેશની સ્વતંત્રતા માટે ય સંઘર્ષ વહોરી લીધો. ન્યૂ યૉર્ક આવ્યા પછી તેની શક્તિ ભારતીય મુક્તિચળવળમાં વહેતી થઈ. આ વર્ષોમાં ન્યૂ યૉર્કથી 'ફ્રી હિંદુસ્થાન' પત્ર ચાલતું હતું. તેમાં તેણે રસ લેવા માંડચો હતો. ન્યૂ યૉર્કમાં સ્થપાએલી ઈન્ડો-અમેરિકન ક્લબનું કામ પણ તે સંભાળતો. શ્રીમતી કામાના આગમનથી તે એમના જ્વલંત વ્યક્તિત્વથી આકર્ષાયો હતો અને તેમના અખબાર 'વંદે માતરમ્'નાં પૅકેટો પૉંડિચેરી દ્વારા ભારતમાં પહોંચાડતો. શ્યામજીનું 'ઇન્ડિયન સોશિયૉલૉજિસ્ટ', શ્રીમતી કામાનું 'વંદે માતરમ્' અને સાવરકરનું 'તલવાર' વગેરે પત્રો પર ભારતમાં પ્રતિબંધ હતો છતાં આવી રીતે આ અખબારો પહોંચી જતાં ખરાં! આવાં જુદાંજુદાં પત્રોના મોકલનારનાં નામ-સરનામાં સહિત એક પૅકેટ બ્રિટિશરોએ પકડી પાડેલું ત્યારે જ સરકારને ખયાલ આવ્યો કે ભારતમાં બૉમ્બવિસ્ફોટો કેવળ એકાકી નથી; તેની સાથે દૂર દેશાવરના યે સંબધો છે.


અમેરિકામાં શ્રીમતી કામાનાં તેજીલાં ભાષણોએ ભારતીય ક્રાંતિકારી યુવકોમાં ઉત્સાહના તરંગો પેદા કરી દીધા. તા. ૨૮ ઑક્ટોબર, ૧૯૦૮નું એવું એક ભાષણ યાદગાર બની ગયું હતું. ત્યાંથી તે ફરી ઇંગ્લૅંડ ગયાં. લંડનમાં તેમનાં પ્રવચનો ક્રાંતિકારીના ઘોષણાપત્ર' પરનાં હતાં. શ્યામજી કૃષ્ણ વર્માની જેમ જ આ મહિલા પણ બ્રિટિશ પ્રજા વચ્ચે આટલી સાહસિકતા પુરવાર કરી રહી હતી. તેનું પરિણામ પણ આવ્યુ : લંડનમાંથી હદપારી મળી અને એક લાખની મિલ્કત જપ્ત કરાઈ!

હરિઃ ૐ આશ્રમ તરફનું
માર્ચ અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'અલ-બિરૂની'ના લેખક
શ્રી બિહારીલાલ ટાંકને મળે છે.

પારી(સ)માં તો, આ ત્રિપુટીએ ચોતરફી સંઘર્ષો જગવ્યા હતા. નવા અખબાર 'તલવાર'નું પ્રકાશન-સ્થાન બર્લિન હતું. હૉલૅન્ડમાં તે છપાતું હતું ને લંડન-પારી(સ)થી તેનું વિતરણકાય ચાલતું હતું! પારી(સ)માં રાણા અને શ્યામજીનું નિવાસસ્થાન કોઈ ને કોઈ પ્રવૃત્તિથી ધમધમી રહેતું. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૦૮ના રોજ કે. એલ. બૅન્કરના નિવાસસ્થાને એક બેઠક મળી. તેમા લાજપતરાયના આગમન પર સ્વાગતની યોજના ઘડી કાઢવામાં આવી. બીજી બેઠક ૨૩ ઑક્ટોબરે ખેમચંદભાઈને ત્યાં મળી, ત્યાં બિપિનચંદ્ર પાલનું સ્વાગત થયું. તા. ૧૮ ડિસેમ્બરે કૅક્સ્ટન હૉલમાં બિપિનચંદ્ર પાલનું જાહેર સ્વાગત થયું તેમાં રાણા મુખ્ય કર્તા-હર્તા હતા. આ પ્રવૃત્તિઓમાં ત્યાંના ગુજરાતીઓ પણ સામેલ હતા.

આ દરમિયાન એક ઘટનાએ ભારત-પારી(સ)ના ક્રાંતિકારી સંબંધોને સ્પષ્ટ કરી દીધા. હેમચંદ્ર દાસ પારી(સ)માંથી બૉમ્બવિદ્યા શીખીને ગયા પછી પચ્ચીસ ઑટોમૅટિક પિસ્તોલોનું એક પાર્સલ પારી(સ)થી સરદારસિંહે ભારત મોકલ્યું. ઈ. ૧૯૦૯ના પ્રારંભે આ ઘટના બની. નાસિક અને ગ્વાલિયરમાં જે અંગ્રેજોની હત્યાની ઘટનાઓ બની એ આ પિસ્તોલોથી! નાસિકમાંના નાસિક હત્યાકાંડને શ્રીમતી કામાએ 'વંદે માતરમ્' પત્રમાં આ શબ્દોમાં નવાજ્યો : 'એક ભારતીય વિદ્યાર્થી તેના અંગ્રેજ પ્રાધ્યાપકને ગોળીથી ઠાર કરે, કે એક ભારતીય કારકુન તેના અંગ્રેજ અધિકારીને, એક ભારતીય વકીલ તેના અંગ્રેજ ન્યાયાધીશને કે એક ભારતીય દર્દી તેના અંગ્રેજ ડૉક્ટરને ઠાર કરે તેમાં કશી નવાઈ નથી. બેઠકોમાં, મકાનોમાં, રેલવેમાં યા ગોદીઓમાં, દુકાનો અને દેવળોમાં, ઉદ્યાનમાં યા મેળાવડામાં—જ્યાં તક મળે ત્યાં અંગ્રેજ શોષણખોરનો અંત આવવો જ જોઈએ.'

પારી(સ)ના જ ક્રાંતિકારોના સંપર્કથી દક્ષિણ ભારતમાં પણ ઘણા વિસ્ફોટો થયા. પારી(સ)નો યુવક વી. વી. એસ. અય્યર તેમાં પ્રવૃત્ત હતો. તિન્નેવેલી ષડયંત્રમાં અંગ્રેજ ન્યાયાધીશ મિ. ઍશની હત્યા થઈ ત્યારે પણ 'વંદે માતરમ્'માં શ્રીમતી કામાએ લખ્યું : 'તિન્નેવેલી અને માઇમેનસિંગમાં બે જુવાનોએ કરેલી બહાદુરી દર્શાવે છે કે ભારત સૂતેલું નથી!' આ અરસામાં જ સરદારસિંહની દેખરેખ તળે વિનાયક સાવરકરનું 'ભારતીય સ્વાતંત્ર્યયુદ્ધ' પુસ્તક છપાયું જેની નકલો પોંડિચેરી થઈને ભારતમાં અનેક ક્રાંતિકારોના હાથમાં પહોંચી ગઈ. (ક્રમશઃ)



ડેવિડ: ફ્લૉરેન્સમાં પડી રહેલા એક જંગી આરસશિલામાંથી માઈકેલૅન્જેલોએ કંડારેલું, પુરુષદેહના આદર્શસમું છ મીટર જેટલું ઊંચું શિલ્પ. પૌરુષની આ અદ્ભુત પ્રતિમાના શરીરસૌષ્ઠવના પ્રભાવતળે એનું વિવસ્ત્રપણું સહેજ પણ ખટકતું નથી.



ઈ. ૧૫૦૦માં ૨૪ વર્ષની વયે માઇકલૅન્જેલોએ સર્જેલું સંગેમરમરનું આ શિલ્પ 'પાએટા' એની ઉત્કૃષ્ટ કલાને કારણે દુનિયાભરનાં શ્રેષ્ઠતમ કલારત્નોમાં ગણના પામે છે. વધસ્તંભ પરથી ઉતારેલા ઈસુ ખ્રિસ્તને પોતાના ખોળામાં લઈ બેઠેલી શોકાર્ત માતા મેરીનું એમાં થએલું નિરૂપણ સદીઓ પછી આજે યે અદ્વિતીય રહ્યું છે. ઈસુ કરતાં વયમાં મોટી, પણ સદા પવિત્ર ને નિર્મળ માતા મેરીને વાર્ધક્ય સ્પર્શે જ નહિ એવી ભાવનાપૂર્વક માઇકેલૅન્જેલોએ એને ચિર યુવાન દર્શાવીને પરંપરિત ચીલાને તોડવાની હિંમત સાથે એક આગવી મધુર કલ્પના વ્યક્ત કરી છે. આ અદ્વિતીય શિલ્પરત્નને ન્યૂ યૉર્કના વિશ્વમેળા પ્રસંગે અમેરિકા મોકલવામાં આવ્યું ત્યારે એક કરોડ ડૉલરના વીમા સાથે એની સલામતી સારુ અતિશય તકેદારીની વ્યવસ્થા કરાઈ હતી. પણ ત્યાર બાદ એને વૅટિકન બહાર કદી પણ નહિ કાઢવાની પોપ પૉલ છઠ્ઠાએ આજ્ઞા આપી હતી. બે વર્ષ પર એક ગાંડિયા માણસે આ પ્રતિમાને થોડી ખંડિત કરી નાખેલી. જો કે એની મરામત થઈ ગઈ છે પણ ત્યારથી એને હવે અત્યત મજબૂત કાચ વડે ઢાંકી દેવાઈ છે. આ એક જ કૃતિ પર માઇકેલૅન્જેલોએ કર્તા તરીકે પોતાનું નામ કોરેલું છે.



◁ મોઝિઝ: ફ્લૉરેન્સમાં મૅડિચી પરિવારના સમાધિ-મંદિરમાં ટુકડે ટુકડે વર્ષો સુધી માઇકેલૅન્જેલોએ કામ કરેલું. એમાંની આ એક પ્રતિમા છે. આ કાર્ય પૂરું કરતાં કરતાં તો એ અનેક રીતે ત્રાસી ગએલો, પણ એના કલાસર્જનમાં એની અસર એણે પડવા દીધી નથી. એનાં ઉત્તમ શિલ્પસર્જનોમાં આ પ્રતિમાની ગણના છે, ને દુનિયાભરમાં એ જાણીતી બની ગએલી શિલ્પકૃતિ છે.




ડેવિડ : ફ્લૉરેન્સમાં પડી રહેલા એક જૂના આરસ શિલામાંથી માઇકેલૅન્જેલોએ કંડારેલું પુરુષદેહના આદર્શરૂપ ૫ મીટર જેટલું ઊંચું શિલ્પ. પૌરુષની આ અદ્ભુત પ્રતિમાના શરીરસૌષ્ઠવનાં પ્રભાવ તળે એનું વિવસ્ત્રપણું સહેજ પણ ખટકતું નથી.




ઈ. ૧૫૦૦માં ૨૪ વર્ષની વયે માઇકેલૅન્જેલોએ સર્જેલું સંગેમરમરનું આ શિલ્પ 'પાએટા' એની ઉત્કૃષ્ટ કલાને કારણે દુનિયાભરનાં શ્રેષ્ઠતમ કલારત્નોમાં ગણના પામે છે. વધસ્તંભ પરથી ઉતારેલા ઈસુ ખ્રિસ્તને પોતાના ખોળામાં લઈ બેઠેલી શોકાર્ત માતા મેરીનું એમાં થએલું નિરૂપણ સદીઓ પછી આજે યે અદ્વિતીય રહ્યું છે. ઈસુ કરતાં વયમાં મોટી, પણ સદા પવિત્ર ને નિર્મળ માતા મેરીને વાર્ધક્ય સ્પર્શે જ નહિ એવી ભાવનાપૂર્વક માઇકેલૅન્જેલોએ એને ચિર યુવાન દર્શાવીને પરંપરિત ચીલાને તોડવાની હિંમત સાથે એક આગવી મધુર કલ્પના વ્યક્ત કરી છે. આ અદ્વિતીય શિલ્પરત્નને ન્યૂ યૉર્કના વિશ્વમેળા પ્રસંગે અમેરિકા મોકલવામાં આવ્યું ત્યારે એક કરોડ ડૉલરના વીમા સાથે એની સલામતી સારુ અતિશય તકેદારીની વ્યવસ્થા કરાઈ હતી. પણ ત્યાર બાદ એને વૅટિકન બહાર કદી પણ નહિ કાઢવાની પોપ પૉલ છઠ્ઠાએ આજ્ઞા આપી હતી. બે વર્ષ પર એક ગાંડિયા માણસે આ પ્રતિમાને થોડી ખંડિત કરી નાખેલી. જો કે એની મરામત થઈ ગઈ છે પણ ત્યારથી એને હવે અત્યંત મજબૂત કાચ વડે ઢાંકી દેવાઈ છે. આ એક જ કૃતિ પર માઇકેલૅન્જેલોએ કર્તા તરીકે પોતાનું નામ કોરેલું છે.



◁ મોઝિઝ : ફ્લૉરેન્સમાં મેડિચી પરિવારના સમાધિ-મંદિરમાં ટુકડે ટુકડે વર્ષો સુધી માઇકેલૅન્જેલોએ કામ કરેલું. એમાંની આ એક પ્રતિમા છે. આ કાર્ય પૂરું કરતાં કરતાં તો એ અનેક રીતે ત્રાસી ગએલો, પણ એના કલાસર્જનમાં એની અસર એણે પડવા દીધી નથી. એનાં ઉત્તમ શિલ્પસર્જનોમાં આ પ્રતિમાની ગણના છે, ને દુનિયાભરમાં એ જાણીતી બની ગએલી શિલ્પકૃતિ છે.




△ રોમમાં વૅટિકન સિટીમાં આવેલા સેન્ટ પીટર્સ દેવળના સિસ્ટાઈન ચૅપલની છત ઉપર માઈકૅલૅન્જેલોએ જે કથાપ્રસંગ ચીતર્યા છે તેના અર્ધ ભાગનું આ રેખાંકન છે. વર્ષો સુધી દિવસભર પાલખ પર ઊંચે માથે, આડાઅવળા કે ટૂંટિયાં વાળી સૂઈ ને કે પડી રહીને એણે આ આખી છત ઉપર ખસો ઉપરાંત ચિત્રો ચીતર્યાં છે. એમાં વચ્ચેના મોટા ચિત્રખંડોમાં બાઈબલના કથા પ્રસંગો અને એમની આસપાસ બાઈબલને અનુરૂપ શોભનપાત્રો તથા મુખ્ય ચિત્રખંડોની ફરતે એણે ખ્રિસ્તના જન્મનું આગમન ભાખનાર અનેક 'સિબીલ' તથા બાઈબલનાં કેટલાંક ખ્યાત પાત્રોનું અજબ આલેખન કર્યું છે. આમાંનું જ (વચ્ચે મથાળેનું) એક ચિત્ર 'આદમનો જન્મ' આ અંકના મુખચિત્રની સાથે આપેલું છે.




રોમની જ ગોદમાં આશરે ૧૧૦ એકર વિસ્તારમાં વસેલું વૅટિકન વડા ધર્મગુરુ પોપની રાજસત્તા ને ધર્મસત્તાનું કેન્દ્ર છે. ત્યાંના સેન્ટ પીટર્સના દેવળના સિસ્ટાઈન ચૅપલની છત અને ભીંતો મુખ્યત્વે માઈકૅલૅન્જેલોની અમર ચિત્રકૃતિઓથી ઠાંસોઠાંસ ભરેલી છે. એ ચૅપલની પૂર્વ દિશાની સમગ્ર ભીંત પર 'ધ લાસ્ટ જજમેન્ટ' નામક માઈકૅલૅન્જેલોનું એક અમર સર્જન છે. ઈ. ૧૫૩૬ થી ૧૫૪૧ સુધી એણે એ ચિત્ર પર કામ કર્યું. ચૅપલના સ્થાપત્યમાંથી જે મળી તે જગ્યાને અનુરૂપ ચિત્ર સંયોજનો કરવામાં અને એ પ્રત્યેક આલેખન આગવી રીતે પણ એક ઉત્કૃષ્ટ ચિત્રકૃતિ બની રહે એ રીતે આલેખવામાં એણે અજબ કલાશક્તિ બતાવી છે. અને એ બધું ચિત્રકામ એણે માત્ર રંગ ઘૂંટનારા એક સહાયક સિવાય કોઈની યે મદદ લીધા વિના એકલે પંડે પાર પાડયું છે. પણ આજે જગતભરનાં ઉત્તમ કલારત્નો સમ આ ચિત્રસર્જનોને ત્યારના આ દેવળના વહીવટકર્તાઓએ વખોડયાં હતાં. પણ સદ્ભાગ્યે એનો નાશ ન કર્યો. આ ચિત્રકાર્યના સતત પરિશ્રમ અને ભારણે માઈકૅલૅન્જેલોને નાની વયે વૃદ્ધત્વ આપી દીધું હતું.

◁'ધ લાસ્ટ જજમેન્ટ'માંનાં કેન્દ્રસ્થ પાત્રો : ન્યાયાધીશ, ક્રાઈસ્ટ અને માતા મેરી



△ 'ધ લાસ્ટ જજમેન્ટ' ચિત્રનો એક અંશ. એ સમગ્ર ભીંતચિત્રમાં માઇકેલૅન્જેલોએ આ રીતે ખીચોખીચ પાત્રો સાથે બાઇબલ કથિત અનેક બાબતો સમાવી છે. માનવદેહની વિવિધ અંગસ્થિતિ સાથે વિવિધ સંયોજનો વડે જે મળી તે જગ્યાનો એણે વધુમાં વધુ અને સારામાં સારો ઉપયોગ કરી બતાવ્યો છે. વળી, અસલ તો એણે બધાં પાત્રો વિવસ્ત્ર જ ચીતરેલાં, કારણ ઈશ્વરના સર્વોત્કૃષ્ટ સર્જન માનવદેહને કપડાંથી ઢાંકીને ચીતરવામાં એ ઈશ્વરનું અપમાન સમજતો. પણ કેટલાક ચોખલિયા ટીકાકારોએ પાછળથી એ પાત્રોને વસ્ત્રો ચીતરાવીને ઢાંકવા પ્રયાસ કર્યો. સદ્‌ભાગ્યે એ છતાં પણ માઇકેલૅન્જેલોની અસલ કલાપ્રતિભા ઢંકાઈ નથી.



વૅટિકનના સેન્ટ પીટર્સના જગવિખ્યાત દેવળનો ઘૂમટ ▷

જેમ ચિત્રકામને તેમ સ્થાપત્યને પણ માઇકેલૅન્જેલો પોતાનો વિષય સમજતો નહોતો, પણ ધર્મગુરુઓએ એની પાસે એ કામ પણ કરાવ્યું. અને ચિત્રકામની પેઠે સ્થાપત્યમાં પણ એણે અવિરત પરિશ્રમ લઈને એ સૌથી મોટા અને બેનમૂન દેવળના આ ઘૂમટ તથા તેની તળેના દેવળના મુખ્ય ભાગનું અદ્વિતીય કલામય સર્જન કરી બતાવ્યું. પણ આ ઘૂમટને પૂરો થતો એ જોઈ શકેલો નહિ. પોતાની ઉત્તરાવસ્થામાં કેવળ ઈશ્વરપ્રીત્યર્થે જ એણે આ જવાબદારી ઉપાડેલી. એને મન આ દેવળ ખ્રિસ્તી ધર્મની સર્વોપરિતાના પ્રતીક સમ હતું.

ધ્યાન અંગેની પૂર્વભૂમિકા બાદ હવે એ કેમ ધરવું એ સમજાવતો માર્ગદર્શક લેખ

લેખક - હામુભાઈ શુક્લ

ધ્યાન માટે તૈયાર થાઓ. ઘરમાં એક સ્વચ્છ, નીરવ ખંડ એ માટે પસંદ કરો. એ ખંડમાં એકાદ લાકડાની પાટ હોય તો તેના ઉપર અથવા નીચે જમીન ઉપર, એક સ્વચ્છ અને લાંબું-પહોળું આસન બિછાવો. લગભગ અર્ધા કલાકથી શરૂઆત કરવાની છે માટે, અને તદ્દન ટટ્ટાર બેસવાનું છે માટે, જો કમર દુઃખી આવવાની આશંકા હોય તો ભીંતની લગોલગ એક તકિયો મૂકો; અને પછી શાંત થઈને સિદ્ધાસન કે સુખાસન કરીને બેસો.

શરૂમાં ઓછામાં ઓછા દસ શ્વાસ સહજ ભાવે લો, અને ત્રણ વાર પેટને અંદર ખેંચો ને બહાર કાઢો. હવે પ્રાણાયામની તૈયારી કરો. ડાબા હાથની છેલ્લી બે આંગળાથી જમણું નસકોરું બંધ કરો ને ડાબા નસકોરાથી ધીમે ધીમે શ્વાસ લેવાય એટલો લો. હવે ડાબા અંગૂઠાથી ડાબું નસકોરું બંધ કરો અને બને તેટલી વાર શ્વાસ રોકો. સહેજ પણ જોર ન કરો અથવા જોરજોરથી શ્વાસને વધારે સમય રાખવાનો પ્રયત્ન પણ ન કરો. હવે પેલી બે આંગળાઓ જમણા નસકોરા ઉપરથી ઉપાડી લો અને ધીમે ધીમે રોકેલા શ્વાસને બહાર કાઢો. શ્વાસ ભરો ત્યારે ડોકને નીચી નમાવી, દાઢીને ગળા પાસે હાડકાનો નાનકડો ખાડો છે એમાં ગોઠવો; અને કાઢતી વખતે ડોક ધીરે ધીરે ઊંચી કરી શરૂઆતમાં હતી તેમ સીધી કરો.

હવે જમણા નસકોરાથી (જેમાંથી શ્વાસ છોડ્યો તેનાથી જ) શ્વાસ ધીમે ધીમે લો. પાછી પેલી બે આંગળીઓ એ નસકોરા ઉપર મૂકી દો; યથાશક્તિ શ્વાસ રોકી, ડાબા નસકોરા ઉપરથી અંગૂઠો ઉપાડી લઈ ધીમે ધીમે શ્વાસ બહાર કાઢો. આ પ્રમાણે ઓછામાં ઓછું ત્રણ વખત કરો. (અભ્યાસમાં આગળ વધો ત્યારે બારના આંકડા સુધી પ્રાણાયામને લઈ જાઓ.) ત્રણ પ્રાણાયામ પૂરા કરીને દશ વખત સ્વાભાવિક રીતે શ્વાસ લો ને છોડો. પાછું મન શાંત કરી ઈશ્વર-સ્મરણ કરો અને આગળની ક્રિયા કરો.



△ પ્રાણાયામ તથા 'ઊર્ધ્વીકરણ' માટેની હાથની સ્થિતિ △

બે અંગૂઠાથી બંને કાનનાં છિદ્રો બંધ કરો. બંને હાથની પહેલી ને બીજી આંગળાથી બંને આંખો સહજભાવે બંધ કરો. બંને હાથની ત્રીજી આંગળીઓ મોં પર રહે ને ચોથી દાઢી ઉપર, એવી રીતે પંજા ગોઠવો. નાક તદ્દન સ્વતંત્ર રહે એ ખાસ જુઓ. આટલું કરશો એટલે યોગની પરિભાષામાં જેને 'ઊર્ધ્વીકરણ' કહે છે તે શરૂ થશે. તમારું ધ્યાન છેક નીચે ગુદાના છિદ્રથી સહેજ ઊંચેના ભાગમાં રાખો. ત્યાંથી બધી શારીરિક ઊર્જા ઊંચે ચડે છે એવી ભાવના કરો. આ ઊર્જા હૃદયદ્વારમાંથી ઊંચે ચઢે તે વખતે ત્યાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરો અને જે અવાજ સંભળાય તે સાંભળો. આ આખો સમય શ્વાસની ક્રિયા ચાલતી હશે તેનો અવાજ તમને સંભળાયા કરશે. તમારું ધ્યાન એ અવાજમાંથી ખસેડી પેલા આંતરિક અનાહત નાદ ઉપર સ્થિર કરો.

હવે આગળ વધો અને શક્તિ, કંઠમાંથી ઉપર જઈ રહી છે એ જોવાનો પ્રયત્ન કરો. ત્યાં જે નાદ થાય તે પણ સાંભળવાનો પ્રયત્ન કરો. પછી શક્તિ નાકની ટોચ પાસેથી પસાર થઈ કપાળમાં સીધી પ્રવેશે છે એમ ભાવના કરો.. આ આખી ઊર્જા બદલાતી બદલાતી છેક માથાની ટોચ ઉપર પહોંચે છે અને ત્યાં એક મોટું સહસ્રદળ કમળ છે એમાં પ્રવેશ કરે છે. અહીં થોડી વાર સ્થિર રહો અને પછી, પાછું પ્રયાણ શરૂ કરો. શારીરિક ઊર્જા દૈવી અથવા આધ્યાત્મિક ઊર્જામાં રૂપાંતર પામે છે અને એ ઊર્જા જે રસ્તે અને જેમ ઊંચે ચડી હતી તેમ અને તે જ રસ્તે ધીમેધીમે નીચે ઊતરે છે. શરીરના બધા આંતરિક અવયવો અને શરીરનું એકેએક સ્નાયુ આ દિવ્ય શક્તિમાં ઝબોળાય છે અને દરેક પ્રકારની અશક્તિ, અનવસ્થા અને વ્યાધિથી મુક્ત થાય છે એવી ઊંડી ભાવના કરો. છેક નીચે પહોંચો એટલે વળી પાછા એ જ રીતે ઉપર ચડો. એમ શરૂઆતમાં ત્રણ વખત કરીને હાથના પંજા ઉપાડી લો. પછી બરોબર સીધા બેસીને શ્વાસને નાકની અંદરના ભીંતાને એનો સ્પર્શ થાય એવી રીતે લો અને તે શ્વાસ ઉપર બ્રહ્મરંધ્રમાં વિલીન થાય છે એવી ભાવના કરો. પાછા પંજા મૂકો અને ઉપર કરેલી આખી ક્રિયા કરીને પંજા ઉપાડી લો. આમ ત્રણ વખત કરીને વળી પાછા શાન્ત બેસીને ઈશ્વર-સ્મરણ કરો અથવા ૐનો જપ કરો.

વધારે સરળતાથી અને ઝડપથી બહારના વિચારોને દૂર કરી ધ્યાનસ્થ થવા માટે આ ઠેકાણે ગીતાના પાંચમા અધ્યાયના શ્લોકો ૨૭, ૨૮ ને ૨૯, છઠ્ઠા અધ્યાયના શ્લોકો ૨૪, ૨૫, ૨૬, ૨૭ ને ૨૮ અને અઢારમા અધ્યાયના શ્લોકો ૫૧, ૫૨, ૫૩, ૫૪ ને ૫૫ બોલો. આ શ્લોકો યાદ રાખો, એમના અર્થ બરોબર સમજો અને એકાગ્ર થવાની પ્રક્રિયામાં એમનો બધાનો, અથવા ત્રણે જૂથમાંથી ગમે તે એકનો ઉપયોગ કરો.

હવે છેલ્લી ક્રિયા માટે તૈયાર થાઓ. વિચારો આઘાપાછા થયા હોય તો એમને સ્થિર કરો. મને સિદ્ધિઓ મળશે ને અનેક પ્રકારના લાભો મળશે એવા વિચારો આવવા માંડે તેને પણ મૂળમાંથી દાબી દો, મારે શાંત થવું છે, મનોનાથ થવું છે, સ્વામીની જેમ જગતમાં જીવવું છે, બધું સમજવું છે એવા વિચારો કરી ઈશ્વર-પ્રણિધાન કરી આગળ વધો.

બરોબર સીધા બેસો અને સમગ્ર ધ્યાનને ગુદાથી સહેજ ઉપરના ભાગમાં કેન્દ્રિત કરો. ત્યાંથી એક તેજરેખા ઊભી થાય છે એવી ભાવના કરો અને એ તેજરેખાને અંતર-દૃષ્ટિથી જુઓ. આ તેજરેખા ચાર પાંખડીઓવાળા પદ્મ દ્વારા ત્યાં ચારે બાજુ

લઘુકથા

સાઇકૉલૉજી

જયંત મોઢા

અભિલાષાનું ભણતર કથળતું હતું. સાઇકૉલૉજીના અભ્યાસી રમેશભાઈ માનસશાસ્ત્રીય રીતે એનું કારણ વિચારી રહ્યા હતા. આ વર્ષે પહેલી વાર અભિલાષે આખું વૅકેશન મોસાળમાં ગાળ્યું હતું. એનો પ્રવાસીઆઈ ભાઈ પણ એક પખવાડિયું અહીં રહી ગયો હતો. આ વર્ષે તેઓએ મકાન બદલ્યું હતું. વળી, અભિલાષ ક્રિકેટની ટીમમાં યે જોડાયો હતો. આમ, આવા વિવિધ સંજોગોમાં અભિલાષના અભ્યાસ પર અસર કર્તા પરિબળ તેઓ શોધી રહ્યા હતા. પત્ની સરોજ સાથે પણ એમણે આ અંગે ચર્ચા કરી. સરોજે એ પણ યાદ કરાવ્યું કે પુત્રને વચ્ચે ટાઈફૉઈડ પણ થઈ ગએલો.

સાંજે સૌ સાથે ફરવા નીકળ્યાં ત્યારે પિતાએ ફરી આ વાત ઉપાડી અને પુત્રને કહ્યું: 'જો અભિ, આ વખતે તારું રીઝલ્ટ બહુ પૂઅર છે. આમ જ રહેશે તો તું આગળ ભણી નહિ શકે. ભણશે નહિ તો સારી નોકરી નહિ મળે ને તો પછી તું પૈસા કઈ રીતે કમાઈશ?'

'શીંગ ચણાની રેંકડી ફેરવશે' સરોજે કરેલી આ રમૂજ રમેશભાઈને ગમી નહિ. તેમણે કહ્યું: 'એ પણ કંઈ સરળ નથી જ. અરે, લારી લઈને માણસ નીકળે ને લાગજોગે બેચાર રેઢિયાળ છોકરા સંપીને એનું ધ્યાન ચૂકવી શીંગચણાની મૂઠી ભરીને નાસે તો એ લારી રેઢી મૂકીને એમની પાછળ કેવી રીતે દોડી શકે?'

અભિલાષ પોતાની વાત ધ્યાનથી સાંભળી રહ્યો છે એવું જોઈ રમેશભાઈએ સંતોષ અનુભવ્યો.

બીજે દિવસે સાંજે જ્યારે તેઓ ઘેર આવ્યા ત્યારે સરોજે વાત કરી: 'આજે નેડાગર બાઈએ શી વાત કરી ખબર છે? આપણો અભિ આજે સ્કૂલમાં રીસેસ વખતે એક ફેરિયાની રેંકડીમાંથી શીંગદાણાનો મૂઠો ભરી નાસી ગએલો.' □

ફેલાય છે અને એ આખા પ્રદેશને નીરોગી, શક્તિશાળી અને દિવ્ય બનાવે છે એમ સંકલ્પ કરો. ત્યાં થોડી વાર સ્થિર રહો.

હવે પેલી તેજરેખાને ઊંચે ચડતી નિહાળો, અને એ જનનેન્દ્રિયના મૂળની પાસે આવેલા છ પાંખડીવાળા પદ્મમાં પ્રવેશે છે એ જુઓ. ત્યાં પણ એ તેજરેખા આજુબાજુ ફેલાઈને બધા પ્રદેશને નીરોગી વગેરે કરે છે એવી ભાવના કરીને ત્યાં થોડી વાર દૃષ્ટિને સ્થિર રાખો.

પછી પાછી તેજરેખા ઉપર જાય છે અને દૂંટીની પાસેના દશ પાંખડીવાળા પદ્મમાં પ્રવેશે છે તથા ચારે બાજુ ફેલાઈને એની ઉપકારક અસર પાથરે છે એનું દર્શન કરો. અહીં થોડી વધારે વાર સ્થિર થાઓ અને આખો પેડુનો વિસ્તાર નિરામય, કાર્યક્ષમ અને વિશુદ્ધ થઈ રહ્યો છે એમ દૃઢપણે માનો.

હવે આગળ વધો. તેજરેખા વધુ વિશાળ ને વ્યાપક થાય છે, આખા ઉદરમાં એનો પ્રકાશ ફેલાય છે ને એની ઉપકારક અસર બધે વ્યાપે છે એ જુઓ, તથા એની સીધી જ્યોત હૃદય પાસેના બાર પાંખડીવાળા પદ્મમાંથી ઉપર ચડી રહી છે તે જુઓ: અહીં વધારે વાર થોભીને આખી પ્રક્રિયા આંતરિક તેજથી જોવાનો પ્રયત્ન કરો, અને થોડી વાર ૐનું રટણ કરો તથા ઈશ્વરસ્મરણ કરો.

હવે તેજરેખા કંઠનાળમાં પ્રવેશે છે. આખા છાતીના ભાગમાં એનો દિવ્ય પ્રકાશ પથરાય છે અને એ આખા યે પ્રદેશને નીરોગિતા, શક્તિ અને દિવ્યતા અર્પે છે એ જુઓ. અહીં સોળ પાંખડીવાળું પદ્મ છે. એમાં થઈને તેજરેખા હવે મસ્તિષ્કમાં પ્રવેશે છે એ જુઓ. એનો પ્રકાશ અને વિસ્તાર ખૂબ વધ્યાં છે એનો અનુભવ કરો, અને એ શુદ્ધ તથા શક્તિશાળી પ્રકાશ આખા ધડમાં સહેજ પણ જગ્યા ખાલી રાખ્યા વગર ફેલાઈ ગયો છે અને પોતાની ઉપકારક અસર કરી રહ્યો છે એ આનંદપૂર્વક નિહાળો.

આ સ્થાને તેજરેખાના ફાંટા પડે છે. એક મોટો ફાંટો સીધો હજાર પાંખડીવાળા—સહસ્રદલ—પદ્મમાં જાય છે અને બાકીના ફંટાઈને નાસિકાનાં બે છિદ્રોમાં બે ભાગે વહેંચાઈને ભ્રૂકુટિકેન્દ્રમાં થઈ ઉપર ચડી 'સહસ્રાર'માં જાય છે. આખો મગજનો પ્રદેશ પ્રકાશમય થઈ જાય છે. એક અપૂર્વ શાંતિ અને આનંદનો ભાવ તમારામાં ઊભો થાય છે અને તમારા આખા 'સત્ત્વ'ને, beingને એક નવો જ રંગ આપી જાય છે!

અહીં પણ આપણો ઉપયોગી ત્રણનો આંકડો સાચવવાનો છે. જેવી રીતે તેજરેખા ઉપર ગઈ તેવી જ રીતે નીચે ઊતરે છે અને આખા દેહમાં પ્રકાશ અને શાંતિ ફેલાવે છે. આ પ્રમાણે ત્રણ વખત કરશો અને પછી શાંત થઈને ૐનું રટણ કરશો એટલે તમારા પજવનારા વિચારો ક્યાંય નાસી જશે અને તમને થોડા સંયમની સાધના પછી 'બ્રહ્મનિર્વાણ'નો અપૂર્વ શાન્તિનો અનુભવ થશે.

ખૂબ શાંત થશો ત્યારે કો'ક વાર ઝોકું આવી જશે, કોઈ વાર પ્રબળ ઊંઘ આવશે. એને શરૂઆતમાં રોકવાને બદલે અધીન થઈ જજો. ધીમે ધીમે બધું કાબૂમાં આવી જશે અને પછી તો ધ્યાન કરવાની એટલી મઝા પડશે કે તમે બીજું બધું કામ ગૌણ ગણીને તમારા ખંડમાં પ્રવેશશો અને Oh! The pleasures of that seatનો પ્રત્યક્ષ અનુભવ કરશો.

જે જે નિયમો બતાવ્યા છે તેનું યથાશક્તિ પાલન કરીને કોઈ પણ માણસ—સ્ત્રી કે પુરુષ આ ધ્યાનની ક્રિયાનો લાભ લઈ શકે છે, એમાં ઉંમર કે શક્તિનો બાધ નથી. હઠયોગ પ્રદીપિકાના પહેલા ઉપદેશના ૬૪મા શ્લોકમાં આવો 'ગ્રીન સિગ્નલ' આપેલો છે:

> युवा वृद्धोऽतिवृद्धो वा व्याधितो दुर्बलोऽपि वा।
> अभ्यासात सिद्धिमाप्नोति सर्वयोगेष्वतन्द्रितः॥

એક જ નિયમ અને એક જ કાળજી રાખવાની છે, કે કોઈ પણ સ્થળે સહેજ પણ ઉતાવળ કરવાની નથી. આપણા આખા જીવનની દિશા બદલવાની છે. જે રીતે જીવતા આવ્યા છીએ અને જેનાથી આખા જીવનને આપણે ખતરામાં મૂકી દીધું છે એ રીત બદલીને એને સ્થાને એક આખી ઉપકારક નવી રીત સ્થાપવાની છે. એ પ્રક્રિયા લાંબા વખતની ક્રિયાશીલતા, ઉત્સાહ અને ધીરજ માગી લે છે. એ કિંમત ચૂકવવા તૈયાર થઈશું તો ઈશ્વરકૃપા આપણા ઉપર જરૂર ઊતરશે અને લગભગ આથમી ગએલો આપણો આનંદ, સ્ફૂર્તિ, નિરામયતા, પ્રેમ અને પ્રજ્ઞાનો સૂર્ય ફરીથી પ્રકાશતો થઈ જશે. □

કેવળ કૉલેજિયનો કે વિદ્યાર્થીઓને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને સુધ્ધાં આકર્ષી રહેલી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો · પ્રકરણ ૪થું

શેક્સપીઅરનાં સુખાંત નાટકો (Comedies)

શેક્સપીઅર ઐતિહાસિક નાટકો રચતો હતો ત્યારે તેની સાથેસાથે તેની પ્રતિભાનું એક વિલક્ષણ પાસું પ્રકટ કરનારાં સુખાંત હાસ્યપ્રધાન નાટકો પર પણ પોતાની કલમની અજમાયશ કરતો હતો. તેણે 'લવ્ઝ લેબર્સ લૉસ્ટ'થી કૉમેડી લખવાનો આરંભ કર્યો અને દસ-બાર વર્ષના સમયગાળામાં તેણે 'કૉમેડી ઑવ એરર્સ', 'ટુ જેન્ટલમેન ઑવ વેરોના', 'ટેઇમિંગ ઑવ ધ શ્રૂ', 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ', 'મર્ચન્ટ ઑવ વેનીસ', 'મચ અડુ અબાઉટ નથિંગ', 'ટ્વેલ્ફ્થ નાઈટ', 'ઍઝ યુ લાઈક ઈટ', 'મેરી વાઈવ્ઝ ઑવ વિન્ડસર', 'ઑલ્ઝ વેલ ધૅટ એન્ડ્ઝ વેલ' અને 'મેઝર ફોર મેઝર'—એમ દસ કરતાં પણ વધુ કૉમેડી રચી. છેલ્લી 'મેઝર ફૉર મેઝર' ઈ. ૧૬૦૪માં રચાઈ. તે પછી મોટે ભાગે તેનું લક્ષ્ય ટ્રૅજેડી પર કેન્દ્રિત થવા માંડયું. જોકે 'સિમ્બેલીન' અને 'ધ ટેમ્પેસ્ટ' એ બે સુખાંત રચનાઓ તેની પાસેથી મળે છે, પણ તેમાં કરુણતાની ઘેરી છાયા છે. એને 'ટ્રૅજી-કૉમેડી' કહેવી ઘટે.

કૉમેડીનું પ્રયોજન અને તેના પ્રકાર

કૉમેડી લખનારનું મુખ્ય પ્રયોજન વ્યક્તિની અથવા તો સમાજની કશીક મૂર્ખતા, જડતા, બેવકૂફી કે દાંભિકતાને લક્ષ્ય બનાવી, તેનું કટાક્ષમય આલેખન કરી મનોરંજન પેદા કરવાનું છે. કૉમેડી રચનાર મનુષ્યસ્વભાવની નિર્બળતાને અથવા સામાજિક અનિષ્ટને કટાક્ષનું નિશાન બનાવી એક તરફ મનોરંજન પૂરું પાડે છે અને બીજી તરફ સભાનરીતે અથવા તો અભાનપણે સમાજસુધારણાનું પ્રયોજન પણ સિદ્ધ કરે છે. શેક્સપીઅરની આ લાક્ષણિક શક્તિનાં સુંદર ઉદાહરણ તેની કૉમેડીઝમાં જોવા મળે છે. તેની કૉમેડીઝમાં 'લવ્ઝ લેબર્સ લૉસ્ટ', 'ટુ જેન્ટલમેન ઑવ વેરોના', 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ', 'ઍઝ યુ લાઈક ઈટ' અને 'ટ્વેલ્ફ્થ નાઈટ' જેવી રચના રોમૅન્ટિક કૉમેડી પ્રકારની છે, તો 'ટેઇમિંગ ઑવ ધ શ્રૂ' અને 'મેરી વાઈવ્ઝ ઑવ વિન્ડસર' એ ફારસ પ્રકારની રચનાઓ છે. ફારસમાં પાત્રચિત્રણ પર નહિ પણ પરિસ્થિતિના આલેખન પર જ લેખકનો ઝોક વિશેષ હોય છે. કૉમેડીરચનામાં લેખક પાત્રચિત્રણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શેક્સપીઅરની આરંભકાળની કૉમેડીમાં હળવા કટાક્ષ, વાક્ચાતુર્ય, શબ્દરમત અથવા તો સ્થૂલ હાસ્ય નિષ્પન્ન કરનારી ગોટાળાભરી પરિસ્થિતિ, ઝપાઝપી વગેરે તત્ત્વો ધ્યાન ખેંચે છે. પાછળની કૉમેડીમાં આ બધાં તત્ત્વો થોડેઘણે અંશે ઓસરતાં જાય છે અને લેખક પાત્રના વ્યક્તિત્વને પ્રકટ કરવાનો ઉદ્યમ સફળપણે દાખવે છે તેમજ હાસ્યનું સ્તર પણ ઊંચું બને છે.

પ્રારંભિક કૉમેડીઝ

શેક્સપીઅર તેની 'લવ્ઝ લેબર્સ લૉસ્ટ', 'ટુ જેન્ટલમેન', 'ધ ટેઇમિંગ ઑવ ધ શ્રૂ' જેવી પ્રારંભકાળની કૉમિક કૃતિઓમાં જ્હૉન લીલી અને રૉબર્ટ ગ્રીનની પ્રબળ અસર દાખવે છે. 'લવ્ઝ લેબર' તો ધ્યાન ખેંચે તે રીતે લીલી (Lyly)ની જ રીતિમાં રચાએલું Court play છે. શેક્સપીઅર વિશાળ જનસમુદાય માટે જાહેર થીએટરોમાં ભજવાય તેવાં નાટકો રચવામાં કુશળ હતો, તેમ છતાં શિષ્ટ સમાજ માટે નાટકો રચવાની પણ તેનામાં કુશળતા હતી તેની પ્રતીતિ 'લવ્ઝ લેબર' જેવા નાટકમાં થાય છે. એ નાટકમાં વસ્તુ સાવ આછુંપાતળું છે. રાજા ફર્ડિનન્ડ તેના ત્રણ ઉમરાવો સાથે રાજકાજમાંથી નિવૃત્ત થઈ ત્રણ વર્ષ અભ્યાસ-મનન-સાધનામાં વિતાવવાનો નિર્ણય કરે છે. એમનો દરબાર આશ્રમમાં પલટાઈ જાય છે. આ ત્રણ વર્ષ દરમિયાન આહાર નિદ્રામાં સંયમ અને કોઈ સન્નારીનું દર્શન નહિ. એવો તેમનો નિર્ધાર છે. પણ થોડા સમયમાં અચાનક ફ્રાન્સથી રાજનૈતિક મંત્રણા માટે એક રાજકુમારી અને ત્રણ સન્નારીઓ ત્યાં આવે છે અને પેલા ચારે સજ્જનો આ ચાર યુવતીઓ સાથે પ્રેમમાં પડે છે. એ યુવતીઓ તેમની બરાબર ઠઠ્ઠા ઉડાવે છે અને એમનું આખું આયોજન નિષ્ફળ અને હાસ્યાસ્પદ બની જાય છે. જીવનમાં પોતાના કર્તવ્યનો સામાન્ય રાહ મેલીને એકાંતસેવન કરનારા રાજા અને તેના ઉમરાવો પર કટાક્ષ છે. સમગ્ર નાટકના સંવાદો શિષ્ટ અને માર્મિક છે. સમકાલીન રીતરસમો અને ફૅશનોની તેમાં સારી એવી મજાક ઉડાવવામાં આવી છે. તેમ છતાં સમગ્રપણે આ નાટક શેક્સપીઅરના સભાનપૂર્વકના આયાસનું પરિણામ છે.

'ધ ટુ જેન્ટલમેન' એ સાવ પ્રાયોગિક છે. શેક્સપીઅરનો કૉમિક રચનાઓ માટેનો આત્મવિશ્વાસ હજુ તેમાં પ્રગટયો જણાતો નથી. 'લવ્ઝ લેબર્સ લૉસ્ટ'ની કક્ષામાં તે આવી શકે તેવું નથી.

'ઍઝ યુ લાઇક ઇટ'

શેક્સપીઅરની સમર્થ રોમૅન્ટિક કૉમેડીઝમાં 'ઍઝ યુ લાઈક ઈટ' અને 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ'ની ગણના થાય છે. કૉમેડીનું ઉચ્ચ સ્વરૂપ આ નાટકોમાં અને 'ટ્વેલ્ફ્થ નાઈટ'માં પણ સિદ્ધ થતું દેખાય છે.

'ઍઝ યુ લાઈક ઈટ'માં વસ્તુ સાદું-સરળ છે, ટોન હળવો છે અને તેમાં ગ્રીનવૂડનું મુક્ત વાતાવરણ ખાસ આકર્ષક બની રહે છે. નાટકના પહેલા અંકમાં મનુષ્યસ્વભાવની અસૂયા, ક્રૂરતા, સત્તાલાલસા અને તેના પરિણામરૂપ પ્રપંચવૃત્તિનું નિરૂપણ—કરુણતાના અંશ પ્રકટ કરે છે, પણ એ પછીના અંકોમાં કરુણતા વિખરાઈ જાય છે અને હાસ્યવિનોદનો પ્રકાશ પ્રકટવા માંડે છે. સમગ્ર નાટકમાં 'જંગલમાં મંગલ'નું વાતાવરણ આહ્લાદક બની રહે છે. નાટકની નાયિકા રોઝેલિન્ડ જંગલમાં યુવાન વેશમાં પોતાની જાતને છુપાવીને પોતાના પ્રેમીને જે રીતે પજવે છે, મૂંઝવે છે અને સાથેસાથે પોતાનો પ્રેમ પ્રગટ કર્યા વિના તેનો પ્રેમ પામવાની ધન્યતા માણે છે તે ઘટનાપ્રવાહ ખૂબ આનંદપ્રદ લાગે છે. એ જ રીતે દેશવટો ભોગવતો અને આર્ડનના જંગલમાં 'Fleeting the time carelessly as they did in the golden world'—નિરાંતજીવે મહાલતો ડયૂક પણ આકર્ષક બની રહે છે. તેના સાથે દુનિયાવહેવારો વિષે વિષાદમય ફિલસૂફીના ઉદ્ગારો ઉચ્ચારતો જૅક્સ આ નાટકનું વિશિષ્ટ પાત્ર બની રહે છે. ટચસ્ટોન એ શેક્સપીઅરનું નવા જ પ્રકારનું વિદૂષકપાત્ર છે અને 'કિંગ લીઅર'માં આવતા Foolનું તે પુરોગામી બની રહે છે ટચસ્ટોનનો ગ્રામકન્યા ઑડ્રે (Audrey) સાથેનો સાદો ભૌતિક પ્રેમ એક તરફ રોઝેલિન્ડ અને ઑર્લેન્ડો વચ્ચેના રોમૅન્ટિક પ્રેમના અને બીજી તરફ સિલ્વીઅસ અને ફીબીની ઉત્કટ ગ્રામીણ પ્રેમ-લાગણીના વિરોધરૂપે રજૂ થયો છે. અને આ બધાં પાત્રો જંગલમાં આવી વસેલી નાયિકા રોઝેલિન્ડની આસપાસ ઘૂમે છે.

નાટકના સંવાદ ગદ્ય અને પદ્ય બંનેમાં છે. ગદ્ય સંવાદો હળવા, ચમકદાર તો છે જ. તેમાં પ્રસંગોપાત્ત સાહિત્યની છટા પણ છે. અને પદ્ય સંવાદો પાત્રના મૂડ પ્રમાણે ઊર્મિનાં આવર્તનો પ્રકટ કરે છે. નાટકનું એક મહત્ત્વનું આકર્ષણ તો તેનાં 'Under the greenwood tree', તથા 'Blow, blow, thou winter wind' જેવાં ગીતો છે. એમાંનું

અદ્વિતીય વલયોથી અલંકૃત ગ્રહ — શનિ

(સૂર્યમાળાના ગ્રહો-૫)

લેખક · ડૉ. યશવંત ગુ. નાયક

બધા આકાશી પદાર્થોમાં સૌથી વધુ આકર્ષક ને મનોદર્શન તે શનિનું છે. નાના દૂરબીન કે સારા બાઇનૉક્યુલરથી પણ એ જોઈ શકાય છે. સૃષ્ટિમાં આ એક અદ્વિતીય દૃશ્ય છે. વચ્ચે ગોળ મોતી જેવા શુભ્ર ગ્રહ અને તેની ફરતે વીંટાએલી તેજસ્વી મેખલા જોઈને ઘડીભર આપણે દિગ્મૂઢ થઈ સાનંદાશ્ચર્યમાં ડૂબી જઈએ છીએ. પણ આટલો સુંદર દેખાવ હોવા છતાં શનિ ઘણો જ અપ્રિય ગ્રહ છે. શનિની સાડાસાતી 'પનોતી'નો ભય ઘણાંનાં હાંજા ગગડાવી દે છે.

ગુરુથી આગળ શનિ આવે છે. તે નરી આંખે યે દેખાતો હોઈ ઘણા પુરાતન કાળથી જાણીતો છે. આકાશમાં એનું ભ્રમણ ઘણું ધીમું હોવા છતાં તે લાંબા અવલોકનના આધારે તુરત જ પરખી શકાય છે. અવકાશયાનો વડે બુધ, શુક્ર, મંગળ અને ગુરુનાં અવલોકન પછી શનિ અને એનાથી આગળના ગ્રહોની પાસેથી અવલોકન થાય એ હેતુથી 'પાયોનિયર-૧૧' નામનું એક અમેરિકન અવકાશયાન ઈ. ૧૯૭૩માં છોડવામાં આવ્યું છે. અત્યારે તે ગુરુની નજીકથી આશરે ૬૮,૫૨૧·૬ કિ.મી. (૪૨,૫૧૦ મા.) દૂરથી પસાર થઈ રહ્યું છે. ગુરુની પ્રદક્ષિણા કરીને તે, આશરે કલાકના ૮૦,૫૦૦ કિ. મી. (૫૦,૦૦૦ મા.)ની ઝડપે શનિ તરફ જશે. એવી ધારણા છે કે ઈ. ૧૯૭૯ના અરસામાં તે શનિ પાસે પહોંચીને શનિ અને તેની મેખલાઓ વિષે અનેક નવી માહિતી પૂરી પાડશે તથા તેની નજીકથી લીધેલી અનેક છબીઓ પણ મોકલશે. 'પાયોનિયર-૧૧' ત્યાર પછી કદાચ બીજા ગ્રહોનો સંપર્ક સાધશે અને અંતે સૂર્યનો એક કૃત્રિમ ગ્રહ બની જશે. જ્યારે 'પાયોનિયર-૧૦' ઈ. ૧૯૮૯માં પ્લુટો છોડીને અનંત અવકાશમાં વિચરશે.

સૂર્યમંડળના ગ્રહોમાં મોટામાં મોટો ગ્રહ ગુરુ છે અને ત્યાર પછીનો બીજો મોટો ગ્રહ શનિ છે. શનિનો વિષુવવૃત્તનો વ્યાસ ૧,૨૦,૭૫૦ કિ. મી. (૭૫,૭૦૦ મા.) છે જ્યારે બંને ધ્રુવ વચ્ચે ૧,૦૭,૮૭૦ કિ. મી. (૬૭,૦૦૦ મા.)નું અંતર છે. એનું કદ એટલું વિશાળ છે કે એમાં આશરે ૭૦૦ પૃથ્વી સમાઈ જાય. સૂર્યથી એનું સરેરાશ અંતર ૧૪૧·૬૪૬ કિ. મી. (૮૮·૬ કરોડ મા.) છે. અને એ ત્રિજ્યાની કક્ષામાં એક ચક્ર આપણા ૨૯·૫ વર્ષમાં પૂરું કરે છે. આમ છતાં એની અક્ષ ઉપરની ચક્રીય ગતિ ઘણી ઝડપી છે. આમ, શનિનું એક વર્ષ આપણાં ૨૯·૫ વર્ષ જેટલું લાંબું છે પણ એનો એક દિવસ આપણા ૧૦ કલાક ૧૪ મિનિટ જેવડો હોવાથી એક શનિ વર્ષમાં ૨૫,૦૦૦ દિવસો થાય છે.

પૃથ્વી કરતાં ૭૦૦ ગણો મોટો હોવા છતાં એનું દ્રવ્યમાન (વજન) પૃથ્વી કરતાં ૯૫ ગણું છે. આનું કારણ એ છે કે એના બંધારણમાં ભારે તત્ત્વવાળા પદાર્થોનું પ્રમાણ ઘણું ઓછું છે. એના ગર્ભના ૪૧,૦૮૦ કિ. મી. (૨૮૦૦૦ મા.) વ્યાસમાં ઘન ખડકો હોવા જોઈએ અને તેની ફરતે ૧૨,૮૯૦ કિ. મી. (૮૦૦૦ મા.) જાડાઈનો બરફનો સ્તર હશે. આ ઉપરાંત, એની ફરતે ૨૫,૭૬૦ કિ. મી. (૧૬,૦૦૦ મા.) નો પાતળા વાતાવરણનો સ્તર આવેલો હશે. પૃથ્વીની સાપેક્ષ ઘનતા ૫·૫ છે, જ્યારે શનિની ૦·૭ છે. આમ શનિનું સરેરાશ દ્રવ્યમાન પાણી કરતાં પણ ઓછું છે.

સૂર્યથી ઘણો દૂર હોવાને કારણે એની સપાટી ઉપરનું ઉષ્ણતામાન ઘણું નીચું છે અને તે આશરે—૨૪૦° ફે. જેટલું એટલે કે —૧૫૧° સે. જેટલું છે. આટલી ઠંડીને કારણે એના ઉપર રહેલો ઍમોનિયા વાયુ પણ થીજી ગયો હશે. ગુરુની પેઠે શનિની સપાટી ઉપર પણ કોઈક વાર ઝાંખા પટા નજરે પડે છે, પરંતુ તે ગુરુના જેવા સ્પષ્ટ દેખાતા નથી.



સૂર્યની ગ્રહમાળામાં છઠ્ઠો ને કદમાં સૌથી મોટા 'ગુરુ' પછીના ક્રમનો શનિ અજબ પ્રેક્ષણીય ગ્રહ છે. એનો વર્ણ પીળાશપડતો છે અને પોતાની ધરી પર અતિવેગે ફરવાના કારણે ગુરુની પેઠે તેના ઉપર પણ ક્યારેક આછા વર્ણપટો રચાતા જોવા મળે છે, તેમજ ક્વચિત્ એના પર શ્વેત ધાબું પણ દેખાય છે. પરંતુ શનિનું ખરું આકર્ષણ તો છે એના તેજસ્વી વલયો. એકબીજાથી અલગ એવાં ચાર વલયો શનિની આસપાસ વીંટળાએલાં છે. ત્રીજું અને હમણાં ઈ. ૧૯૬૯માં જ શોધાએલું ચોથું વલય અત્યંત આછાં છે. વિજ્ઞાનીઓ માને છે કે શનિના ઉપગ્રહ સ્વરૂપે નહિ બંધાએલા આકાશી મસાલાનાં અથવા શનિના ગુરુત્વાકર્ષણમાં ભાંગી પડેલા ઉપગ્રહના ભગારમાંથી આ વલયો બન્યાં હશે; કેમ કે આ વલયોમાં કોઈ પદાર્થના સંખ્યાતીત નાના ટુકડાઓ જ શનિની આસપાસ ભમી રહ્યા છે. એ પાણીના બરફના ટુકડા પણ હોઈ શકે યા બરફથી આચ્છાદિત પથ્થરો પણ હોઈ શકે. વલયો ઉપરાંત શનિને દસ ઉપગ્રહો પણ છે, જેમાંના એકને તો એનું પોતાનું વાતાવરણ હોવાનું પણ જણાયું છે.

કદમાં વિશાળ હોવા છતાં શનિનું દળ એટલું ઓછું છે કે એની ઘનતા કોઈ ભારે કાષ્ઠ જેટલી જ થાય; એટલે કે એને સમાવી શકે એટલો વિશાળ જળરાશિ હોય તો તેમાં શનિ ડૂબે નહિ પણ તરે.'

ગુરુ પછી અવકાશયાનો વડે શનિનાં રહસ્યો ઉકેલવાની આપણી નેમ છે અને સંભવ છે કે પ્રકાશના વેગે આપણાથી દોઢેક કલાકના અંતરે આવેલા આ ગ્રહ વિષે નજીકના ભવિષ્યમાં આપણને ઘણું વિશેષ જાણવાનું મળશે. □

ગુરુની સપાટી ઉપર દેખાતા વિશાળ લાલ ધાબાના જેવાં કોઈ ધાબાં સામાન્ય રીતે નજરે પડતાં નથી, પરંતુ ઈ. ૧૯૩૩માં વિલ હે નામના એક સામાન્ય અવલોકનકારે એક મોટું સફેદ ધાબું શનિના વિષુવવૃત્ત વિસ્તારમાં જોયું હતું. આ ધાબું ધીમેધીમે મોટું થયું અને પછી એક દિશામાં વિસ્તાર પામી અદૃશ્ય થયું. ઈ. ૧૯૫૩માં આવું જ પરંતુ પ્રમાણમાં નાનું ધાબું જોવા મળ્યું હતું. એના ભીતરમાં સ્ફોટ થવાથી આ ધાબાં પેદા થતાં હશે એમ મનાય છે.

શનિની મેખલા

આગળ કહ્યું તેમ શનિની વિશિષ્ટતા એની ફરતે રહેલી સંપૂર્ણ ચક્રાકારી અને તેજસ્વી મેખલા છે. ગૅલિલિયોએ ઈ. ૧૬૧૦માં સૌ પ્રથમ આ મેખલા નિહાળી હતી, પરંતુ તે બહુ અસ્પષ્ટ હોવાથી તેના તરફ ખાસ ધ્યાન દોરાયું ન હતું. ઈ. ૧૬૫૯માં ક્રિસ્ટિયન હાઇગેન્સ નામના ડચ ખગોળશાસ્ત્રીએ આ મેખલાનું પ્રથમ નિદર્શન કરી તેનું વર્ણન કર્યું હતું. ત્યાર પછી કેસિની નામના ઈટાલિયન ખગોળશાસ્ત્રીએ આ મેખલાનું બારીક નિરીક્ષણ કરી જાહેર કર્યું કે એ મેખલા બે ભાગમાં વહેંચાએલી છે. બહારની 'મેખલા A' ૧૬,૧૦૦ કિ. મી. (૧૦૦૦ મા.) પહોળી છે અને તેનો સરેરાશ વ્યાસ ૨,૭૫,૩૧૦ કિ. મી. (૧,૭૧,૦૦૦ મા.) છે. અંદરની 'મેખલા B' ૨૫,૭૬૦ કિ. મી. (૧૬,૦૦૦ મા.) પહોળી છે. આ બે મેખલા વચ્ચે ૪,૮૩૦ કિ. મી. (૩,૦૦૦ મા.)ની ખાલી જગ્યા રહેલી

છે. આ બંને મેખલાની સરેરાશ જાડાઈ ૧૬·૧૦ થી ૬૪·૪૭ કિ. મી. (૧૦ થી ૪૦ મા.) જેટલી જ છે. ઈ. ૧૮૫૦માં અમેરિકામાં બૉન્ડે અને ઇંગ્લૅન્ડમાં ડાઉઝે ત્રીજી 'મેખલા C'ની શોધ કરી. આ મેખલા ગ્રહની સપાટી અને અંદરની 'મેખલા B'ની વચ્ચે આવેલી છે. આ મેખલા એટલી ઝાંખી અને પારદર્શક છે કે તેમાંથી ગ્રહની સપાટી પણ જોઈ શકાય છે. આ મેખલાને 'ક્રેપ મેખલા' કહે છે અને તેની પહોળાઈ ૧૮, ૫૧૫ કિ. મી. ૧૧,૫૦૦ મા.)ની છે. B અને C મેખલાઓ વચ્ચે આશરે ૧૧,૨૭૦ કિ. મી. (૭,૦૦૦ મા.) પહોળો ગાળો છે. આમ શનિની ફરતી ત્રણ મેખલાઓ છે. આ ત્રણે મેખલાનું દ્રવ્ય પણ સ્થિર નથી; પણ તે શનિના ગ્રહની ફરતે ભ્રમણ કરે છે. બહારની મેખલાનો ભ્રમણકાળ અંદરની મેખલા કરતાં મોટો છે, પરંતુ એ ચોક્કસ કેટલો વધુ છે તે હજી નિયત થયું નથી. 'પાયોનિયર-૧૧' કદાચ એ વિષે નવો પ્રકાશ પાડશે.

મહાન ભૌતિકશાસ્ત્રી કલાર્ક મૅક્સવેલે એ સાબિત કર્યું હતું કે આ મેખલાઓ અસંખ્ય નાનામોટા કણો અથવા બારીક ખડકોની બનેલી હશે. આ મેખલા પ્રવાહી દ્રવ્યની હોય તો તે ભ્રમણમાં સ્થિત રહી શકે નહિ અને તેથી તેનું બંધારણ માત્ર નાના ઘન પદાર્થોના કણોનું બનેલું હોવું જોઈએ. A અને B મેખલાઓમાં આ કણોની ઘનતા ઘણી વધુ હોવાથી તે બંને અખંડ દેખાય છે. જ્યારે C મેખલામાં આ કણો ઘણા છૂટા છૂટા હોવાથી તે પારદર્શક માલૂમ પડે છે. આ મેખલાના દ્રવ્ય ઉપર પડતા સૂર્યપ્રકાશથી એ ચંદ્રની પેઠે પ્રકાશિત લાગે છે.

આ મેખલાની ઉત્પત્તિ અંગે ઘણા વાદો છે, પરંતુ સામાન્ય રીતે એવું મનાય છે કે પુરાતન કાળમાં શનિના કોઈ મોટા ઉપગ્રહનો કોઈ સ્ફોટ થયો હશે અને તેનું દ્રવ્ય અસંખ્ય ટુકડા રૂપે વેરાઈ જઈને મેખલાઓ રૂપે શનિની આસપાસ ફરતું ટકી રહ્યું હશે.

પૃથ્વી ઉપરથી શનિની મેખલાઓ કોઈક વાર આખી ચક્રાકાર નજરે પડે છે અને જ્યારે મેખલાનું પૃષ્ઠ અને પૃથ્વીની કક્ષાનું પૃષ્ઠ એક જ સપાટીમાં આવે છે ત્યારે તે માત્ર એક સીધી રેખા જેવી જોવા મળે છે. આ રીતે ઈ. ૧૯૫૧માં એ માત્ર તેજરેખા જેવી દેખાતી હતી તો ફરી ૧૯૫૮માં તે સંપૂર્ણપણે ખુલ્લી જણાતી હતી. ઈ. ૧૯૫૫માં તે ફરીથી તેજરેખા જેવી અને ઈ. ૧૯૭૩-૭૪માં તે પાછી ખુલ્લી થઈ હતી. મેખલાઓ ખુલ્લી દેખાય ત્યારે શનિનું દર્શન અદ્ભુત બની રહે છે.

શનિના ઉપગ્રહો

ગુરુની પેઠે શનિને પણ ઘણા ઉપગ્રહો અથવા ચંદ્રો છે. અત્યાર સુધીમાં ૯ ઉપગ્રહો નોંધાયા છે અને કદાચ દશમો ઉપગ્રહ હોવાની પણ શકયતા છે. 'પાયોનિયર-૧૧' જ્યારે શનિની નજીકથી પસાર થશે ત્યારે આ બાબતની માહિતી ચોક્સ મળવા સંભવ છે.

એના નવ ઉપગ્રહોમાં 'ટાઈટન' નામનો ઉપગ્રહ સૌથી મોટો છે. સૂર્યમંડળમાં પણ એ મોટામાં મોટો ઉપગ્રહ છે. વળી આ એક જ એવો ઉપગ્રહ છે કે જેના ઉપર થોડું વાતાવરણ પણ છે. એનો વ્યાસ આશરે ૫,૬૩૫ કિ. મી. (૩૫૦૦ મા.) જેટલો છે. 'ટાઈટન'ની પ્રથમ શોધ હાઈગેન્સે ઈ. ૧૬૫૫માં કરી હતી. આ ઉપગ્રહ સારા દૂરબીન વડે સ્પષ્ટ જોઈ શકાય છે. શનિની ફરતે ૧૨,૨૧,૬૬૮ કિ. મી. (૭,૫૮,૮૦૦ મા.) અંતરની કક્ષામાં ૧૫ દિવસ ૨૨·૬ કલાકમાં એ એક ભ્રમણ પૂરું કરે છે. ચંદ્રની પેઠે એની એક બાજુ હમેશાં શનિની સપાટી તરફ જ રહે છે. બાકીના ઉપગ્રહોમાં પાંચ ટાઈટનથી નાની કક્ષામાં ભ્રમણ કરે છે. જ્યારે ત્રણ ટાઈટનથી દૂર છે. આ નવ ઉપગ્રહોનાં અનુક્રમે નામ ને શનિથી અંતર આ પ્રમાણે છે: મીમાસ ૧૮૫,૬૩૩ કિ.મી.(૧,૧૫,૩૦૦મા.), ઍન્સેલેડસ ૨,૩૭,૯૫૮ કિ. મી. (૧,૪૭,૮૦૦ મા.). ટેથિસ ૨,૯૪,૬૩૦ કિ. મી. (૧,૮૩,૦૦૦ મા.), ડાયોન ૩,૭૭,૩૮૪ કિ. મી. (૨,૩૪,૪૦૦ મા.), રી ૫,૨૬,૯૫૩ કિ. મી. (૩,૨૭,૩૦૦ મા.), ટાઈટન ૧૨,૨૧,૬૬૮ કિ. મી. (૭,૫૮,૮૦૦ મા.), હાઇપેરીઓન ૪,૭૯,૬૧૭ કિ. મી. (૯,૧૯,૭૦૦ મા.), ઈવાપેટસ ૩૫,૫૮,૧૦૦ કિ. મી. (૨૨,૧૦,૦૦૦ મા.) અને ફિબ ૧,૨૮,૩૪,૭૪૦ કિ. મી. (૮૦,૩૪,૦૦૦ મા.), ટાઈટનથી નજીકના પાંચ ઉપગ્રહો પ્રમાણમાં નાના છે. આ ઉપગ્રહો હલકા ખડક તથા બરફના બનેલા હશે તેમ મનાય છે. હાઇપેરીઓન ઘણો નાનો છે અને ૩૨૨ કિ. મી. (૨૦૦ મા.) વ્યાસનો છે, જ્યારે સૌથી નાનો ઉપગ્રહ તે સૌથી બહારનો ફિબ છે. ફિબ ૭૯ દિવસમાં એક પરિભ્રમણ પૂરું કરે છે.

નવ ઉપગ્રહ અને ત્રણ મેખલાથી ઘેરાએલો શનિ એક અદ્ભુત અને પ્રેક્ષણીય છતાં પ્રારબ્ધવાદીઓમાં અળખામણો ગ્રહ છે. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૫૨

ઓરી-અછબડા

ઓરીને આયુર્વેદમાં 'રોમાન્તિકા' અને સાંપ્રત વિજ્ઞાનમાં measles કહે છે; જ્યારે અછબડાને સાંપ્રત વિજ્ઞાનમાં 'chicken-pox' કહે છે.

અછબડામાં શીતળા જેવા જ મોટા દાણા નીકળે છે, પણ તે ખૂબ છૂટા હોય છે. વળી આ રોગમાં શરદી, સળેખમ, ઉધરસ બિલકુલ હોતાં નથી અને તાવ સામાન્ય હોય છે. તાવને બીજે દિવસે જ દાણા નીકળે છે. ઘણુંખરું વાંસામાં એકસાથે દાણા નીકળે છે, હાથ-પગ-મોં પર ઓછા, થોડા દિવસમાં ભીંગડાં ખરી પડે છે. તેની સારવાર શીતળા પ્રમાણે કરવી.

શીતળા અને ઓરી વચ્ચેનો ભેદ સમજી લેવા જેવો છે.

૧) શીતળામાં દાણા મસૂર જેવડા મોટા હોય છે, ઓરીના દાણા વાળના મૂળમાં ઝીણા થાય છે. ૨) શીતળા આછા હોય છે, ઓરી ઘટ્ટ. ૩) શીતળામાં તાવ વધુ હોય છે, ઓરીમાં શરદી-સળેખમ-ઉધરસ વધુ હોય છે. ૪) શીતળાના દાણા કઠણ અને સ્પર્શતાં ખૂંચે છે. ઓરીના દાણા પકડી શકાતા નથી. ૫) ઓરી મોટે ભાગે બાળકને જ થાય છે; વળી શીતળા જેટલી તેની ભયંકરતા નથી. ઓરીથી ભાગ્યે જ મૃત્યુ થાય છે અને રોગ પછીના ઉપદ્રવો કે ખોડખાંપણ પણ થતાં નથી.

ઓરીનાં લક્ષણો

૧) શરૂઆતમાં તાવ સાથે શરદી જણાય છે. બાળકના નાકમાંથી પાણી પડે છે, છીંકો અને ઉધરસ હેરાન કરે છે. ૨) ત્રણેક દિવસે પ્રથમ કપાળ અને ચહેરા ઉપર ઝીણાઝીણા દાણા નીકળે છે, પછી આખા શરીરમાં એ ફેલાય છે. પણ મોઢાને તાળવે આ દાણા થતા નથી. ૩) સાતમે દિવસે દાણા કરમાવા માંડે છે અને તાવ ધીમો પડે છે. ૪) ચામડીની આખી ખોળ નીકળી જાય છે. ૫) રોગીનું માથું દુખે છે.

સારવાર

૧) રોગીને સ્વચ્છ પથારીવાળા, સ્વચ્છ અને હવાઉજાસવાળા ઓરડામાં પૂરો આરામ મળે એ રીતે ઓઢાડીને અલગ સુવડાવી રાખવો. ૨) ખોરાકમાં દૂધ કે સાબુદાણાની કાંજી આપવી. ૩) જંગલી કેળાનાં બીનો ઘસારો પાવો અને ચોપડવો. ૪) કાળી દ્રાક્ષ, વરિયાળી ને ધાણા પાણીમાં ચોળીને તે પાણી જ વારંવાર પાવું. ૫) ઓરીના દાણા બેસી ગયા પછી હળવો રેચ આપવો ને ઠંડક કરવી ૬) ગુલકંદ, સાકર, આમલકી રસાયન, ધાત્રી રસાયન વગેરેનું સેવન કરાવવું. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**




લંડન ને પારી(સ)માં ક્રાંતિપ્રવૃત્તિ

ક્રાંતિકથામાં
ગુજરાત
૧૦

લેખક
વિષ્ણુ પંડયા

◁સરદારસિંહ રાણા ફ્રાંસમાંના એમના જેલવાસ દરમિયાનની એક દુર્લભ છબિ. 'ઇંડિયન સોશિયૉલૉજિસ્ટ'-ના એક અંકનું પહેલું પાનું ▷


THE
INDIAN SOCIOLOGIST

શ્યામજી ને સાથીઓના સ્થળાન્તરે લંડનનું સ્થાન પારીસે લીધું. આ વર્ષો દરમિયાન બે ઐતિહાસિક ઘટનાઓ બની: એક, જેની સાથે આપણા ગુજરાતી ક્રાંતિકારો પ્રત્યક્ષ-પરોક્ષ જોડાએલા છે તે, જર્મનીમાં આંતરરાષ્ટ્રીય સમાજવાદી અધિવેશનમાં ભારતીય સ્વાતંત્ર્ય અને સ્વાતંત્ર્ય-ધ્વજનો ઝળહળાટ, ને બીજું: મદનલાલ ધીંગરાએ લંડનમાં કર્ઝન વાયલીની હત્યા કરતાં મળેલી ફાંસી.

ઈ. ૧૯૦૭માં, ૧૮થી ૨૦ ઑગસ્ટ સુધી આ આંતરરાષ્ટ્રીય પરિષદ જર્મનીના સ્ટુટગાર્ટ શહેરમાં યોજાઈ હતી. તેમાં જવા શ્રીમતી કામા અને સરદારસિંહ તો તત્પર હતાં જ, ઉપરાંત હિન્ડમન નામના ઉદારમતવાદી અંગ્રેજ પણ હતા. 'ઇંડિયા હાઉસ'નું ઉદ્‌ઘાટન તેમણે જ કરેલું. પરિષદમાં ત્રણે સાથીઓ પૂરતી તૈયારી સાથે ગયા. પરિષદ-પ્રમુખ જર્મન સમાજવાદી નેતા આગેવાન ટૅટસિંગર હતા. ભારતની સ્વતંત્રતા માટેનો ઠરાવ મુકાયો કે તરત રૅમ્સે મૅકડોનલ્ડે તેનો વિરોધ કર્યો. હિન્ડમન, જોરિસ્ટ વગેરેએ સમર્થન આપ્યું. આ ઠરાવ પૂર્વે શ્રીમતી કામાએ પોતે તૈયાર કરેલો રાષ્ટ્રધ્વજ ફરકાવીને ઉદ્‌બોધન કર્યું. ધ્વજ ત્રિરંગો હતો અને તેના પર 'વન્દેમાતરમ્' લખેલું હતું. લીલો, કેસરી અને લાલ એવા ત્રણ રંગમાં, સૂર્ય ચન્દ્ર ને કમળનાં પ્રતીક સાથેનો આ ધ્વજ દુનિયાના ફલક પર પહેલી જ વાર મુક્ત રીતે ફરક્યો. તેમના જુસ્સાદાર પ્રવચનથી પ્રતિનિધિઓને લાગ્યું કે કોઈ રાજતરુણી ભાષણ કરી રહી છે! દુનિયાના માનવ સમાજના ⅕ લોકોનું બનેલું ભારત ગુલામ છે એ 'ઘાતક' અને 'અપકારક' પરિસ્થિતિને અને જુલ્મી અનિયંત્રિત બ્રિટિશ રાજ્યવ્યવસ્થાની ગુલામીને દૂર કરવા તેમણે તીવ્ર ભાષણ આપ્યું.


ભારતીય રાષ્ટ્રધ્વજને ફરકાવવાનું આ પહેલું માન બે ગુજરાતીઓને ફાળે જાય છે એ ઘટના સૂચક છે. સ્વાભાવિકરીતે જ આ ઘટના સાથે શ્રીમતી કામાનું નામ જોડાએલું છે, પરંતુ અહીં એક બીજી અજાણીતી વાતની યે ખાસ નોંધ લેવી રહી. જે રાષ્ટ્રધ્વજના પ્રકાશન વિષે સાવ નવી જ માહિતી પૂરી પાડે છે. આ માહિતી તત્કાલીન બ્રિટિશ ગુપ્તચર તંત્રના વડા જેમ્સ કૅમ્પબેલ કીરે પોતાના 'પોલિટિકલ ટ્રબલ ઈન ઇન્ડિયા' નામના માહિતીપ્રધાન પુસ્તકમાં આપી છે. એણે નોંધ્યા પ્રમાણે ૨૪ નવેમ્બર, ૧૯૦૮ના દિવસે લંડનમાં 'ઇંડિયા હાઉસ'માં એક સભા ભરાએલી. શ્રીમતી કામા તેમાં ઉપસ્થિત હતાં. આ સભામાં શ્રી બી. સી. (બિપિનચન્દ્ર) પાલનું 'હિન્દુ રાજનીતિ' પર પ્રવચન થયું. ત્યાર બાદ શ્રીમતી કામાએ પણ સંભાષણ આપ્યું. તેમાં તેણીએ બંગાળના બલિદાની ક્રાંતિકોના પંથે ચાલીને કુરબાનીની કથા રચવા અનુરોધ કર્યો. શ્રી કીર નોંધે છે: 'શ્રીમતી કામા એકેક બલિદાનીનું નામ લેતાં હતાં ત્યારે સભા તાળીઓથી ગાજી ઊઠતી હતી.' "૧૯૦૮ના હુતાત્માઓની સ્મૃતિમાં" એવા લખાણ સાથેનો એક રેશમી રાષ્ટ્રીય ધ્વજ પણ તેમણે ફરકાવ્યો.' આનો અર્થ સ્પષ્ટ છે કે ભારતીય સ્વાતંત્ર્યધ્વજ વિષે આ ક્રાંતિકારોએ ગંભીરતાથી વિચારણા કરીને, અનેક પ્રસંગોએ તેનું ધ્વજારોપણ કર્યું હશે, કે જેથી રાષ્ટ્રીય અસ્મિતાનું આ પ્રતીક જનમાનસમાં—અને વિશેષે આઝાદીના લડવૈયાઓના હૃદયમાં—દૃઢ થાય.

સ્ટુટગાર્ટે ભારતીય સ્વાતંત્ર્ય વિષે જગતના બૌદ્ધિકોનું ધ્યાન ખેંચ્યું. દરમિયાન, ઇન્ડિયા હાઉસની અને પારી(સ)માં શ્યામજી-સરદારસિંહ-શ્રીમતી કામાની ત્રિપુટીનું કાર્ય ચાલુ જ હતું. ઈ. ૧૯૦૯માં શ્યામજી કૃષ્ણ વર્માના લંડન આવવા પર પ્રતિબંધ મુકાયો. તેમણે આરંભેલી ઑક્સફર્ડની હર્બર્ટ સ્પેન્સર છાત્રવૃત્તિ બંધ કરાવવા યે હલચલ ચાલી, પણ કાયદેસર એમાં કાંઈ થઈ શક્યું નહિ.

શ્યામજી પારી(સ)માં એક અંગ્રેજ સચિવ ને નોકરની સાથે સગવડવાળા મકાનમાં રહેતા હતા. સરદારસિંહની પારી(સ)-લંડન-પારી(સ) યાત્રાઓ અવારનવાર થતી રહેતી હતી. અન્ય ક્રાંતિકારી નેતાઓ સાથેનો સંપર્ક પણ વધતો ગયો. તેમાં કેટલાક કડવામીઠા અનુભવો પણ થયા. જેમ કે શ્યામજીને બિપિનચંદ્ર પાલ અને વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય સાથે ઘર્ષણમાં ઊતરવું પડેલું. (આ વીરેન્દ્રનાથ એટલે આપણાં કવયિત્રી સરોજિની નાયડુના ભાઈ. એ એટલા બધા આક્રોશી યુવક હતા કે એક વાર પ્રો. ધર્મવીર સાથેની વાતચીતમાં, સરોજિની બ્રિટિશરોના એજન્ટનું કામ કરે છે એવું કહી દીધેલું!)

ઈ. ૧૯૦૮માં બૉમ્બપ્રવૃત્તિથી યુવકોનાં દિલોદિમાગ તરબતર હતાં. એ વર્ષના જૂનમાં લંડન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ડૉ. દેસાઇએ ઇન્ડિયા હાઉસમાં 'બૉમ્બનું સર્જન' વિષય પર ભાષણ આપ્યું. પરંતુ જ્યારે શ્રોતાઓએ તેનો વાસ્તવિક પ્રયોગ જાણવા માગ્યો ત્યારે તેણે કહ્યું: 'જ્યારે તમારામાંના કોઇને પણ પોતાના જીવના જોખમે બૉમ્બ બનાવવાની ઇચ્છા થાય ત્યારે મને મળે; હું તેને બધી જ પદ્ધતિ બતાવીશ.'

ભારતમાં ચાલતા લોકમાન્ય પરના મુકદ્દમાએ ઘણા ભારતીય નેતાઓને લંડન આવવા પ્રેર્યા હતા. એ બધા પણ ૧૯૦૮ની પાનખરમાં આવ્યા. તેમાં જી. એસ. ખાપર્ડે, લાલા લાજપતરાય, બિપિનચંદ્ર પાલ, લાલા હરદયાલ, રામભજ દત્ત વગેરે હતા. પરિણામે ઉત્સાહ અનેકગણો વધી ગયો. આઠમી નવેમ્બરે સાવરકરનું ભાષણ થયું. વિષય હતો: 'શું આપણે ખરેખર નિઃશસ્ત્ર છીએ?' એ સમયે તેમણે ધ્યાન દોર્યું કે 'રજવાડાંઓની પ્રજા અને સૈન્ય પણ બ્રિટિશરોને ભારતમાંથી હાંકી કાઢી શકે તેટલાં સક્ષમ છે. આપણે વિદેશીઓ પરત્વેના આક્રોશને વિસ્તારીએ,





◁ઈ. ૧૯૦૬ની ૭ ઑગસ્ટે કલકત્તામાં રચાએલા રાષ્ટ્રધ્વજમાં મથાળાના લાલ પટ્ટામાં આઠ કમળફૂલને બદલે એક કમળ ને સાત તારા રાખવા જેટલો ફેરફાર કરી સોશ્યાલિસ્ટ ઈન્ટરનૅશનલમાં માદામ કામાએ ફરકાવેલો ધ્વજ. જેમાં અનુક્રમે લાલ પીળા ને લીલા પટ્ટા હતા. જમણી બાજુ કર્ઝન વાયલીને મારનાર મદનલાલ ધીંગરા.

અને આપણે સફળ થઈશું—જરૂર!' આ જ દિવસોમાં સાવરકરે એક પુસ્તક લખવા માંડયું, જે ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામની વિગતો વર્ણવતું હતું. દર શનિવારે યોજાતી બેઠકમાં તેનાં પ્રકરણોનાં વાચન અને ચર્ચા થતાં. થોડા સમયમાં રિવૉલ્વર-તાલીમ શરૂ થઈ, ને પછી કર્ઝન વાયલીને ગોળીબારથી ઠાર કરવાની ઘટનાએ ઉત્પાત મચાવી દીધો.

ઈ. ૧૯૦૯ની પહેલી જુલાઈની સાંજે એ ઘટના બની. સર વિલિયમ કર્ઝન વાયલીનો એક સમારંભ ઈમ્પીરિયલ ઇન્સ્ટિટયુટમાં હતો. જુવાન મદનલાલનાં લંડનમાં અનેક તરુણતરુણીઓ મિત્રો હતાં. વાયલી સાહેબ પણ તેમને ઓળખતા હતા. આ વાયલીએ જ ભૂતકાળમાં ઉદયપુરમાં શ્યામજી કૃષ્ણ વર્માના રાજ્યના દીવાન બનવા સામે વિરોધ કરીને, એમ થવા નહિ દીધેલું. સમારંભ બહુ મોટા પાયા પર થવાનો હતો. ભારતીય સજ્જનોમાં સર કાવસજી જહાંગીર, પ્રિન્સેસ સોફિયા, દુલીપસિંહ, ફાજલભાઈ કરીમભાઈ ઈબ્રાહીમ વગેરે બ્રિટિશપરસ્તો પણ ઉપસ્થિત હતા. રાતે આઠેકના ટકોરે ધીંગરા એ સમારંભમાં દાખલ થયા. સમારંભની વ્યવસ્થાપિકા મહિલા મિસ બેકે પૂછ્યું યે ખરું: 'સ્વદેશ ક્યારે પાછા ફરવાના છો?' મદનલાલે કહ્યું: 'યુનિવર્સિટીની છેલ્લી પરીક્ષા બાકી છે, બસ; પછી ઑક્ટોબરમાં નીકળી જઈશ.' દસ–સાડા દસે કર્ઝન વાયલી, તેમનાં પત્ની, ફાજલભાઈ (જે બૉમ્બે મિલઓનર્સ એસોસીએશનના મંત્રી પણ હતા) વગેરેનું આગમન થતાં સૌનું ધ્યાન તેમના તરફ દોરાયું. અગિયારેક વાગ્યે વીખરાતા સમૂહો વચ્ચે વાયલી હિન્દી સજ્જનોની પૂછપરછ કરતા હતા, ત્યાં મદનલાલ તેમની પાસે આવ્યા અને વાયલી તેમને સાંભળવા જાય ત્યાં તો મદનલાલે કોટમાંથી રિવૉલ્વર કાઢીને ધડાધડ ચાર ગોળીઓ છોડી. વાયલીને બચાવવા એક પારસી ડૉક્ટર લાલકાકા વચ્ચે આવ્યા. હૅમલેટ અને તેના કાકા વચ્ચેની લડાઈમાં જેમ પોલોનિયસ નિષ્કારણ કપાઈ ગયો હતો તેવું લાલકાકાનું યે થયું. શાંગહાઇનો એ પારસી લંડનમાં અકારણ મોતને ભેટ્યો. છેલ્લી ગોળીથી પોતાનો ભોગ લેવાનો મદનલાલનો પ્રયત્ન સફળ ન થયો અને બીજી કોઈ મારામારી થાય એ પહેલાં, ખુરશી નીચે પડી ગએલાં ચશ્માં ઉપાડી આંખ પર ચડાવીને જાતને સ્વાધીન કરી દીધી અને થોડી વારે વૉલ્ટન સ્ટ્રીટ પોલીસ સ્ટેશને તેને લઈ જવાયો.

ધીંગરાના મુકદ્દમાએ ચોતરફી ધ્યાન ખેંચ્યું. ઇંડિયા હાઉસ તરફ બ્રિટિશ નજર વધારે કરડી થઈ. આમ સભામાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના શબ્દો ટાંકવામાં આવ્યા. શ્યામજીએ પોતાના અખબારમાં આ હત્યાને બુદ્ધિલક્ષિતાથી વિચારવા ભલામણ કરી હતી. ત્યાર પછી કેટલાક હિન્દીઓની સભાએ ધીંગરાના કૃત્યને વખોડી નાખવા પ્રયાસ કર્યો. દરમિયાન, વાયલીની હત્યા પૂર્વે જ ધીંગરાએ જે નિવેદન તૈયાર કરી રાખેલું તે પારી(સ)માં પંડિતજીએ છાપ્યું અને 'ડેઈલી ન્યૂઝે' તેને બહોળી પ્રસિદ્ધિ આપી. એ નિવેદનમાં ધીંગરાએ લલકાર્યું હતું: 'હિન્દુ તરીકેની મારી ભાવના એવી છે કે મારી માતૃભૂમિનું અપમાન એ મારા પરમેશ્વરનું અપમાન છે. મારી માતૃભૂમિનો પક્ષ એ શ્રીરામનો પક્ષ છે. મારી મા
ભૂમિની સેવા એ શ્રીકૃષ્ણની સેવા છે. હિન્દુ વંશ અને અંગ્રેજ વંશ જ્યાં સુધી હયાત હશે ત્યાં લગી ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેનો સ્વાધીનતા જંગ ચાલુ રહેશે...પરમેશ્વરનાં ચરણોમાં મારી એટલી જ પ્રાર્થના છે ભારતમાતાના પુત્ર તરીકે મારો પુનર્જન્મ થાય અને ભારતીય સ્વતંત્રા દ્વારા માનવજાતિનાં કલ્યાણ અને ઈશ્વરીય વૈભવ પોકારતું મુક્ત ભાર જગતમાં ઝળકતું થાય. ત્યાં લગી મારા જન્મજન્માંતર આ જ રીતે બલિ દાન પામો...' તા. ૧૭ ઑગસ્ટ, ૧૯૦૯ના પ્રાતઃકાળે ધીંગરા ફાંસી તખ્તા પર ચડી ગયા.

જેઈમ્સ કૅમ્પબેલ કીરના મતે શ્યામજી કૃષ્ણ વર્માનો આ હ
સાથેનો મહત્ત્વનો સંબંધ હતો. ઇંગ્લૅન્ડનાં અખબારોએ પણ આવું ચવ્યું હતું. એટલે તો ૧૭ જુલાઈ, ૧૯૦૯ના 'ટાઈમ્સ'માં પંડિત શ્યામ એ જે પ્રત્યુત્તર આપ્યો તેમાં તેમણે જણાવ્યું કે, 'વાયલી મારા
મિત્ર હતા; એટલે આ હત્યા સાથે મને જોડવો બરાબર નથી.
વાયલીની હત્યા કરનારને ભારતીય સ્વતંત્રતાસંગ્રામના શહીદ તરીકે જરૂર માન આપું છું.' શ્યામજીએ 'વાયલી અને બીજાઓને ભારત
કિસાનો પર જુલમ ગુજારનારા દુશ્મનો' તરીકે પણ વર્ણવેલા.
'ઇંડિયન સોશિયૉલૉજિસ્ટ'માં લખ્યું કે 'ધીંગરાનું નામ આદર્શ બલિવેદી પર આત્મસમર્પણ કરનાર શહીદ તરીકે અનેક પેઢી સુધી જી રહેશે.' આનો અર્થ સ્પષ્ટ હતો કે ધીંગરા એકલા જ વાયલીને ઠાર કરવા નહોતા; ઈંડિયા હાઉસના તમામ ક્રાંતિકારો હતા. મદનલાલનું બાં પડેલું જાણીતું નિવેદન તો સાવરકરે જ તૈયાર કર્યું હોવાનું જણાવાયું

બંને ઘટનાઓની વિશ્વવ્યાપી અસરો પડી. પારી(સ)થી શ્યામજી પ્રકાશને જાગૃતિને પરાકાષ્ઠાએ પહોંચાડવા માંડી હતી. પોતાના
દ્વારા ચાર 'ધીંગરા-શિષ્યવૃત્તિ' પણ જાહેર કરી. પારી(સ)માં પણ
દારસિંહ રાણાની સાથે 'ઈન્ડો–પારીસીઅન સોસાએટી'ની સ્થા
જાન્યુઆરી, ૧૯૦૮માં થઈ. તેમાં ૩૦ જેટલા ભારતીયો જોડાયા
શ્યામજીનું નામ દૂર લગી પહોંચ્યું હતું. તા. ૨૮ ઑક્ટોબર, ૧૯૧
રશિયન નવલકથાકાર મૅક્સિમ ગૉર્કીનો તેમના પરનો પત્ર આદરાંજલિ
પડઘો પાડે છે: 'મહાન ભારતના સ્વાતંત્ર્ય માટે જે ભારતીય પ્ર
માનવતાને માનવાત્માનાં ઊંડાણોની સમજ આપી છે તેની સ્વતં
માટે અથાકરીતે ઝઝૂમી રહેલા તમને મારાં અભિનંદન!' આમ ક
તેમણે આગ્રહ કર્યો છે: 'તમે—ભારતના મૅઝિની, તમે અમારા દે
પ્રજાકીય આકાંક્ષાઓને ઓળખો છો. તેથી ભારતીય પ્રજા વિષેની
ઉત્કંઠા સંતોષવી જરૂરી છે તે પણ સમજી શકો છો.' ગૉર્કીથી બીજા છે
અભિપ્રાય ગાંધીજીનો પણ છે. ઈ. ૧૯૦૬-૭માં ઇંગ્લૅન્ડમાં, તેમની
શ્યામજીની મુલાકાત પણ થએલી. પછીથી ગાંધીજીએ ડૉ. પી. જી. મહે

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'ચાકળણુ'

બે મોઢાંવાળો સાપ 'ચાકળણ', 'ચાકણ', 'ચાકળ', 'ચાકટ' વગેરે નામે ઓળખાય છે. આ બધા શબ્દો સ્ત્રીલિંગ છે. 'આંધળી ચાકણ' એમ વિશેષણ સાથે પણ તે વપરાય છે. હેમચંદ્રે 'દેશીનામમાલા'માં 'ચક્કુલંડા' કે 'ચક્કુલુંડા' એવો શબ્દ સર્પવિશેષના અર્થમાં નોંધ્યો છે. તેના પરથી 'ચાકુલંડ' દ્વારા 'ચાકળણુ' થયો અને તેનાં પ્રાદેશિક રૂપો 'ચાકણ' વગેરે.

હિંદીમાં આને મળતો શબ્દ છે 'ચુકરૈંડ'. તે સૂચવે છે કે પ્રાકૃતમાં 'ચુક્કુલંડા' એવું રૂપ પણ હોવું જોઈએ. ટર્નરને બીજાં રૂપની માહિતી ન હોવાથી તેમણે ગુજરાતીના પ્રાદેશિક રૂપ 'ચાકળ'ને સંસ્કૃત 'ચક્રલ', પ્રાકૃત 'ચક્કલ' ઉપરથી થયું હોવાનું ભૂલથી માન્યું છે. દેશ્ય 'ચક્કુલંડા', 'ચક્કુલુંડા' કે 'ચુક્કુલંડા'નું મૂળ અજ્ઞાત છે.

હરિવલ્લભ ભાયાણી

બારમાસી સાહિત્ય

બારમાસા-સંગ્રહ ખંડ ૧ : આપણે ત્યાં પાશ્ચાત્ય સાહિત્યનો હોંશથી અભ્યાસ થવા લાગ્યો અને વધવા લાગ્યો તે જેટલું ઈષ્ટ છે તેટલું આપણા પ્રાચીન-મધ્યકાલીન સાહિત્ય પ્રત્યેનું દુર્લક્ષ ઈષ્ટ નથી. તે ક્ષેત્રમાં હજુ ઘણાં સંશોધન-પ્રકાશનકાર્યને અવકાશ છે. આમ છતાં યે જે કેટલાક અભ્યાસીઓ એ ક્ષેત્રમાં પ્રશસ્ય કાર્ય કરી રહ્યા છે તેમાં ડૉ. શિવલાલ જેસલપુરાનું નામ પણ સહેજે નોંધપાત્ર બની રહે છે. મધ્યકાલના વિષયમાં એમણે પીએચ. ડી.ની ઉપાધિ મેળવ્યા બાદ એ સાહિત્યમાં સતત અભ્યાસરત રહી એને માત્ર ઉપાધિ મેળવવા પૂરતું ન રાખતાં પોતાના જીવંત રસનું ક્ષેત્ર બનાવ્યું છે તે, પીએચ. ડી. થયા બાદ તે ક્ષેત્રમાં અભ્યાસની તાળાબંધી કરી દેનાર ઘણાને માટે આદર્શ ઉદાહરણરૂપ છે.

મધ્યકાલીન સાહિત્યમાં જે કેટલાંક સાહિત્યસ્વરૂપો વિકસ્યાં હતાં તેમાં બાર માસાનું સાહિત્ય પણ નોંધપાત્ર છે. આ સંગ્રહમાં ડૉ. જેસલપુરાએ જૂની ગુજરાતીની જૈન પરંપરાની ૨૯ બારમાસીઓ સંપાદિત કરી છે. આમાંની મોટા ભાગની કૃતિઓ તો અહીં પ્રથમ વાર જ પ્રકાશન પામે છે. આવી કૃતિઓ છાપેલા રૂપમાં આપણને મળે છે ત્યારે તેના પ્રાકટ્યની પાછળ સંપાદકને જે જહેમત ઉઠાવવી પડતી હોય છે તેનો ખયાલ કોઈ પણ અભ્યાસીને આવી શક્યા વગર રહેશે નહિ. જુદેજુદે સ્થળેથી આવી હસ્તપ્રતો એકઠી કરવી, એક કૃતિની એકથી વધુ હસ્તપ્રતો મળતાં એમને સરખાવી જોવી, એ પરથી તેની અધિકૃત વાચના તૈયાર કરવી. આ બધું શ્રમ ને ઝીણી સૂઝ માગી લે છે.

વળી, કૃતિના સંપાદન ઉપરાંત તે તે કૃતિ અને તેના કવિનો મિતાક્ષરી પરિચય આપ્યો છે તે, તેમજ લગભગ સોએક પૃષ્ઠોનો શબ્દકોશ તારવી આપ્યો છે તે આ સંગ્રહની ગુણવત્તામાં વિશેષ ઉમેરો કરે છે. કૃતિઓમાં મુખ્યત્વે નેમિનાથ અને રાજિમતીને લગતી રચનાઓ છે, જ્યારે 'સ્થૂલિભદ્ર'ને લગતી કે 'રાયચંદ્રસૂરિગુરુ બારમાસ' જેવી ભોગ-રાગનો વિરોધ પ્રગટ કરી ત્યાગનું મહત્ત્વ પ્રસ્થાપતી કૃતિઓ અપવાદરૂપ બને છે. આ સર્જકો સામે ધર્મોપદેશ મુખ્ય લક્ષ્ય હોવાથી તે કૃતિઓમાં ઉચ્ચ ભવ્યત્વ જોવા મળતું ન હોવા છતાં ય, કેટલાક ખંડકોમાં તે તે સર્જકની સર્જકતાનો સારો સ્પર્શ જોવા મળી રહે છે. આ ઉપરાંત આ કૃતિઓના અહીં એકસાથે વાચનલાભથી તે કૃતિઓની સરખામણી દ્વારા સર્જકોના ને બારમાસી સ્વરૂપના તુલનાત્મક અભ્યાસનો પણ સુયોગ પ્રાપ્ત થાય છે. આથી છંદોવિધાન, ભાષા ને નિરૂપણની દૃષ્ટિએ પણ આ કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ ઉપયોગી બની રહે છે.

સંપાદકે નિવેદનમાં જૈનેતર બારમાસીઓનો બીજો ખંડ તથા ત્યાં બારમાસાના સાહિત્યસ્વરૂપ અને વિકાસનું અધ્યયન આપવાનું જે વચન આપ્યું છે તે આ સંપાદન જોયા પછી થાય છે કે વહેલું ફળદાયી બનો! આ સંપાદનથી જૂની ગુજરાતીના સાહિત્યગ્રંથોમાં એક ગણનાપાત્ર ઉમેરો થતો હોઈ કોઈ પણ સાહિત્યરસિકને તેને આવકારતાં આનંદ થશે. —ધીરુ પરીખ (પ્રકાશક: નરેન્દ્ર જેસલપુરા, ૧૩, તેજપાલ સોસાયટી, પાલડી, અમદાવાદ-૭. પાકું પૂઠું, પૃ. ૩૩૦, રૂ. ૧૫)

૭ એકાંકી-સંગ્રહો

ડિમ લાઇટ : સામાજિક અને રાજકીય વાતાવરણની કુત્સિતતાને પ્રતીકાત્મક રીતે તાકતાં, કટાક્ષમય અને ચબરાક સંવાદોથી હળવાં લાગતાં, અને મુખ્યત્વે સંવાદો દ્વારા જ (ગતિને બાજુ પર રાખી) વસ્તુવિકાસ સાધતાં પાંચ એકાંકીઓનો આ સંગ્રહ રઘુવીર ચૌધરીની સર્જકશક્તિનો સાચો પરિચય કરાવી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૬)

મરી જવાની મઝા ! : જગતની પરિસ્થિતિ વચ્ચે જીવનની ગૂંગળામણ અનુભવતો માનવી એક મૃત્યુને જ જાણે મુક્તિદ્વાર ગણી એની મઝા માણી લેવા માગે છે, એ વિષાદને અરૂઢ નાટ્યરીતિએ આલેખતાં લાભશંકર ઠાકરનાં સાત એકાંકીનો સંગ્રહ. (કાચું, પૃ. ૬૮, રૂ. ૬)

સ્વપ્ન-પિંજર : વિષય અને નિરૂપણની વિવિધતા પ્રગટાવતાં ચંદ્રકાન્ત શેઠ વંચિત નવ એકાંકીના આ પ્રથમ સંગ્રહમાં શ્રાવ્ય અને દૃશ્ય બન્ને પ્રકારની કૃતિઓ છે. (કાચું, પૃ. ૬૦, રૂ. ૬)

મોક્ષ : વર્તમાનસંસ્કૃતિનાં દૂષણોનો ભોગ બનેલા માનવીના મનોગતને વ્યક્ત કરવા મથતાં મુકુન્દ પરીખનાં આ સાત એકાંકીઓ એમની પ્રતિભાનો ઠીક ઠીક પરિચય કરાવી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૬)

મને દશ્યો દેખાય છે : રંગમંચની આધુનિક સજ્જતાનો ઉપયોગ કરી સંવાદ દ્વારા જ વિષયવસ્તુ અને પાત્રમાનસ તેમજ વિકાસને સફળતાથી નિરૂપતાં મહેશ દવેનાં ૭ એકાંકીઓનો પ્રથમ સંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૬)

શાંતિનાં પક્ષી : વિભૂત શાહનાં આમાં રજૂ થએલાં ત્રણ એકાંકીઓમાં વિષય મુખ્યત્વે પ્રણયનો છે અને નિરૂપણરીતિ રૂઢ-અરૂઢનાં મિશ્રણોની હોઈ 'ઍબ્સર્ડ'નો આભાસ જન્માવે છે. (કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૬) —ધી. પ.

અન્ય પ્રકાશનો

જીવનસંઘર્ષ : ભારતના સપૂતોમાંના ડૉ. આંબેડકરની હિંદી જીવનગાથાનો શ્રી કાન્તિભાઈ મકવાણાએ અહીં સરળ ગુજરાતી અનુવાદ રજૂ કર્યો છે. (પ્રકાશક: લેખક પોતે જ, વણકરવાસ, ટુંડેલ (જિ. ખેડા); કાચું પૂઠું, પૃ. ૩૦૪, રૂ. ૫.)

હઝરત સલમાન ફારસી : ઈસ્લામના જાણીતા હઝરત સલમાન ફારસીના લોકોપયોગી ને પ્રેરણાદાયી જીવનકાર્યને નિરૂપતી પુસ્તિકાનું આ સંવર્ધિત બીજું સંસ્કરણ. (લે. પ્રકા. સૈયદ ઈમામુદ્દીન દરગાહવાલા, દરગાહ શરીફ, નવસારી; કાચું પૂઠું, પૃ. ૮૪, રૂ. ૨.)

સત્ય સ્વપ્નનાં ફળ ને સ્ત્રી : સ્વપ્નની શુભાશુભતા, તેનાં ફળો તેમજ સ્ત્રી અને પુરુષ વિષેના સાંપ્રદાયિક વિચારોનું સંકલન મુનિશ્રી જયપદ્મવિજયે કર્યું છે. (પ્રકા. શાહ મોતીચંદ નરશી ધર્મસિંહ, ભુબલી; પત્રવ્યવહાર: કાકાભાઈ સિંહણ, જામનગર; કાચું પૂઠું, પૃ. ૪૪, કિંમત રૂ. ૧.)

યોગદર્શન : શ્રી ન. મ. જોષીએ પોતાનું સ્વાધ્યાય અને અનુભવપ્રેરિત યોગજ્ઞાન લોકભોગ્ય બનાવવાના આશયથી મહર્ષિ પતંજલિનાં યોગસૂત્રોનો અહીં પત્રોનાસ્વરૂપે અભ્યાસ-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



વિષ્ણુકુમાર પંડયા

જન્મ: તા. ૧૯-૧૦-૧૯૨૧. ચીખલી (જિ. સૂરત)માં એક્સાઈઝ ઈન્સ્પેક્ટર, વડોદરામાં ઍલેમ્બિક કૅમિકલ વર્ક્સ કં. લિ.માં અને પછી 'શ્રી સયાજીવિજય'માં મદદનીશ તંત્રી તરીકે કામ કર્યા બાદ નવી દિલ્હીમાં બ્રિટિશ હાઈ કમિશનના દફ્તરના ગુજરાતી વિભાગમાં સહાયક તંત્રી તરીકે જોડાયા અને હાલના હાઈ કમિશનની મુંબાઈની ઑફિસમાં ગુજરાતી વિભાગના વડા અને તંત્રી તરીકે સેવા આપે છે. નવી દિલ્હીમાં હતા ત્યારે ઑલ ઇંડિયા રેડિયોની ઍક્સ્ટર્નલ સર્વિસીઝ ગુજરાતી વિભાગમાં પણ સેવાઓ આપતા. બ્રિટિશ પત્રકારત્વ વિષે એક પુસ્તક, બ્રિટનના પ્રવાસની લેખમાળા, તમીળ અને બંગાળી વાર્તાઓના અનુવાદ, મૌલિક વાર્તાઓ તથા વિવિધ વિષયક સંખ્યાબંધ લેખોના લેખક. યોગના અભ્યાસી. સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવતી અંધેરીની અનેક સંસ્થાઓ સાથે સંકળાએલા.

૧ આપ બ્રિટિશ ડેપ્યુટી હાઈકમિશનના દફ્તરમાં કામ કરો છો. આ દફ્તરનું કાર્ય શું હોય છે?

ઉ. આર્થિક, રાજકીય, ઔદ્યોગિક અને અન્ય ક્ષેત્રે ભારત અને બ્રિટન વચ્ચે સહકાર અને સહચાર વધારવાનું અને એ સાથે, જો હોય તો, વિવિધ પ્રકારની ગૂંચો ઉકેલવાનું તથા એ રીતે બંને રાષ્ટ્રો વચ્ચે શકય એટલું વધુ ઐકય સાધવાનું.

૨ બ્રિટનમાં ગરીબ વર્ગને પણ સારું સાહિત્ય મળી શકે એવી કોઈ યોજના આપે ત્યાં જોઈ ખરી?

ઉ. ઈ. ૧૯૬૩ની વાત કહું. ત્યારે બ્રિટિશ પ્રકાશકો અને પ્રકાશક મંડળી તથા સરકાર વચ્ચેના સહકારથી 'ઇંગ્લિશ લૅંગ્વેજ બુક સોસાએટી' સ્થપાએલી. સસ્તા દરે 'અંગ્રેજી સાહિત્યનો વધુ પરિચય' તથા 'વર્તમાન વિજ્ઞાન.' ઉપરાંત સંગ્રહણીય વિવિધ વિષયોનાં અને વ્યાવહારિક વિષયો પર એમણે ચાર શ્રેણીમાં અનેક પુસ્તકો પ્રકટ કરેલાં.

૩ આપને કયા અંગ્રેજ સાક્ષર વધુ ગમે?

ઉ. ચ ર્લ્સ ડિકન્સ. મારે મન એ સૌથી વધુ મેધાવી છે. શેક્સપીઅરનાં મુખ્ય નાટકોની પેઠે એની શ્રેષ્ઠ નવલકથાઓ સદા આસ્વાદ્ય રહી છે. એના દરેક વાચને એમાંથી કંઈ નવું રહસ્ય, નવો રસ પ્રકટે છે.

૪ ગુજરાતીસાહિત્યમાં આપના પ્રિયલેખક, કવિ, પુસ્તકને પાત્ર?

ઉ. 'માનવીની ભવાઈ'ના લેખક પન્નાલાલ પટેલ, 'મૌન'ના કવિ હરીન્દ્ર દવે, કિશનસિંહ ચાવડાનું 'અમાસના તારા' અને જયંતી પટેલનું 'રંગલા'નું પાત્ર મને પ્રિય છે.

૫ આપને કોનું વ્યક્તિત્વ વધુ ગમ્યું?

ઉ. 'આકાશનાં પુષ્પો' જેવી કૃતિ આપનાર, હસતા ફિલસૂફ, સ્ફૂર્તિ અને પ્રસન્નતાભરી રંગીન પ્રતિભાપૂર્ણ વ્યક્તિત્વ ધરાવતા વિનયમૂર્તિ, અને વિવિધ ક્ષેત્રે ભારતનું નામ ઉજાળનાર સ્વ. ગગનવિહારી મહેતાનું.

૬ આપ કેળવણીની સંસ્થા પણ ચલાવો છો. કેળવણી માટેનું આપનું મંતવ્ય કહેશો?

ઉ. સૌરાષ્ટ્રમાં સ્વ. મનસુખરામ જોબનપુત્રાનો શારદાગ્રામનો પ્રયોગ મને કેળવણી પ્રત્યેનો ખરો અભિગમ લાગે છે.

૭ આપના ખાસ શોખ? **ઉ.** લેખન, વાચન, પ્રકૃતિદર્શનને ધ્યાન.

૮ આપ જ્યોતિષના ફલાદેશમાં માનો છો?

ઉ. બનેલી વાત કહું ઇંગ્લૅન્ડમાં દાવર દંપતીએ સ્વ. કવિ ખબરદારનાં સંસ્મરણો કહેતાં એ કહેલી. ખબરદાર જયોતિષના અભ્યાસી હતા. ગાંધીજીને એમણે એક પત્ર લખીને ૩૦મી જાન્યુઆરીએ બહાર ન નીકળવા સૂચન કરેલું. ગાંધીજીની હત્યા એ દિવસે જ થઈ હતી. ખબરદારનો પત્ર ગાંધીજીના ઓશીકા નીચેથી મળ્યો હતો. આવી જ રીતે મહમદઅલી ઝીણાને માટે જીવનું કૅન્સર ઘાતક નીવડવાની એમની આગાહી પણ ખરી પડી હતી.

વિષ્ણુકુમાર પંડ્યા

પૂરું પરિચય કરાવ્યો છે. (મુ. વિ. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૦.)

વિજ્ઞાનવાર્તા: વિજ્ઞાનના વિચાર કે બનાવને કેન્દ્રમાં રાખી કલ્પનાદોરથી ગૂંથાએલી આમાંની ૯ ટૂંકી વાર્તાઓ, તેની લખાવટ ને રસજમાવટની દૃષ્ટિએ કિશોરોને હોંશેહોંશે વાંચવી ગમે તેવી બની છે. લેખક શ્રી યશવંત મહેતા આવી બીજી નવલિકાઓ પણ આપશે એવી પતીજ પાડતો આ સંગ્રહ આવકાર્ય છે. (પ્રકાશક: પ્રકાશ સાહિત્ય ભંડાર, સૂર્યનગર, જવાહર ચોક પાસે, મણિનગર, અમદાવાદ-૮; કાચું પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૩.)

આપણી લોકવાર્તાઓ: કિશોરોમાં શૌર્ય યાગ-માનવતા આદિ સદ્ગુણોને પ્રેરતી આ ૯ કિશોરકથાઓના લેખક છે યશવંત વ્યાસ. (પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, રતનપોળ નાકા, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૨-૭૫.)

આત્મગંગોત્રીનાં પુનિતજળ: અધ્યાપક ડૉ. અમૃતલાલ યાજ્ઞિકનાં સ્વાનુભવમૂલક દૃષ્ટાંતોથી પ્રતીતિકર બનેલો શિક્ષણ અને સમાજ વિષેનો વિચારવિમર્શ પ્રગટ કરતો ૨૮ લેખોના આ સંગ્રહ કોઈ પણ શિક્ષણ-સમાજ પ્રેમીને અચૂક વાંચવો ગમશે. (પ. આર. આર. શેઠની કં. ગાંધીમાર્ગ અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૨૯૨, રૂ. ૧૨-૫૦)

મહાદેવભાઈની ડાયરી ભાગ ૧૨: પ્રખર ગાંધીવાદી મહાદેવ દેસાઈની ચંદુલાલ ભગુભાઈ દલાલ સંપાદિત ડાયરીના આ ભાગમાં ૨૧-૧૨-૨૭થી ૩૦-૮-૨૯ સુધીનો ગાળો આવરી લેવામાં આવ્યો છે. આ ગાળામાં ગાંધીજીથી દૂર રહે રહે મહાદેવભાઈએ જે નાનામોટા લેખો અને થોડી ડ યરી લખ્યાં તેને અહીં સમાવિષ્ટ કરવામાં આવેલાં છે એમાંથી બારડોલી સત્યાગ્રહ, કૉંગ્રેસ, કાઠિયાવાડ રાજકીય પરિષદ આદિની માહિતી અને પ્રવૃત્તિ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ, મોતીલાલ ને જવાહરલાલનાં રેખાચિત્રો, ને બર્મી લોકો તથા તેમના રીતરિવાજોનો કેટલોક ખ્યાલ પણ આ પુસ્તકનાં પરિશિષ્ટોમાંથી મળી રહે છે. (પ્રકા. સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ-૧૩, પાકું પૂઠું. પૃ. ૬૭૨, રૂ. ૧૦)

મહાદેવભાઈની ડાયરી ભાગ ૧૩: તા. ૩૧-૮-૨૯થી ૨૫-૪-૩૦ સુધી અને ૨૪-૧૦-૩૦થી ૨૬-૧-૩૧ સુધીના ગાળાને આવરી લેતી ઉક્ત સંપાદક દ્વારા સંપાદિત મહાદેવભાઈની ડાયરીના આ ભાગમાં ડાયરી કરતાં યે નાનામોટા લેખો જ વધુ સમાવિષ્ટ થયા છે. દક્ષિણ ભારતમાં સરદાર વલ્લભભાઈએ લડત-

નો જે પ્રચાર કર્યો તેમાંથી ઊપસી આવતા વ્યક્તિત્વનો અહીં પરિચય મળી રહે છે. તે સાથે પ્રવાસવર્ણનો અને પ્રવૃત્તિવર્ણનો પણ અહીં આગળ તરી આવે છે. (પ્રકાશક ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૪૪૪, રૂ. ૧૨)

મૂઠી ઊંચેરો માનવી : ગુજરાતના વયોવૃદ્ધ મૂક સેવક રવિશંકર મહારાજે નેવું વર્ષ પૂરાં કર્યાં ત્યારે તેમને અભિનંદતા આ ગ્રંથમાં એમના વિષેનાં સ્મરણો, અંજલિઓ, એમના જીવનકાર્યને મૂલવતા લેખો તેમજ એમની પ્રવૃત્તિની અનેક છબીઓ સમાવવામાં આવ્યાં છે. મહારાજના જીવનમાં રસ ધરાવનારને ખૂબ જ ઉપયોગી ગ્રંથ. (પ્રકા૦ અમદાવાદ જિલ્લા સર્વોદય મંડળ, નાની બ્રહ્મપુરી પોળને નાકે, ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૬૧૯, રૂ. ૩૦)

આનંદ મંગળ : રંભાબેન ગાંધીના રમૂજી ટુચકાઓ તથા વિચારકણિકાઓના આ સંગ્રહમાં કેટલાક ટુચકા સામાન્ય કક્ષાના અને સુરુચિનો ભંગ કરનારા છે તે ખટક્યા વગર રહેશે નહિ. (પ્રકા૦ સ્વાતિ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ. ૯)

નૈતિક મૂલ્યો ૧ : હિંદુ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, ઈસ્લામ વગેરે ધર્મના ગ્રંથોમાંથી જીવનપાથેય પૂરું પાડે તેવાં નૈતિક મૂલ્યોનો આ નાનકડો સંચય ઉપયોગી વાચન પૂરું પાડે છે. (પ્રકા૦ પ્રયોજક રતિલાલ અધ્વર્યુ, દત્ત સોસાયટી, અમદાવાદ-૭; કા. પૂઠું. પૃ. ૬૪, રૂ.૧-૫૦)

કુરઆન મજીદનો નીતિબોધ : આ નાનકડી પુસ્તિકામાં ઈસ્લામના પવિત્ર ગ્રંથ કુર્આન શરીફની સર્વોપયોગી આયાતોનું સરળ ભાષાંતર અપાયું છે. (પ્રકાશક ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૨-૫૦)

ગરીબી હટાવો! : ગરીબી હટાવવા માટેના સરળ ભાષામાં આત્મલક્ષી ઉપાયો ચર્ચતી આ પુસ્તિકાના લેખક છે રતિલાલ અધ્વર્યુ. (પ્રકા૦ ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૬, ૫૦ પૈસા)

દાસી જીવણસાહેબની વાણી : મધ્યકાલીન સંત કવિ દાસી જીવણના ટૂંકા જીવન પરિચય સાથે તમનાં કાવ્યોને રજૂ કરતી પુસ્તિકાનું સંપાદન કર્યું છે પ્રેમવંશ ગુરુચરણદાસજીએ. (પ્રકા૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ ૧; કા.પૂઠું. પૃ. ૮૦, રૂ. ૧)

મા આનંદમયી : મા આનંદમયીના સંક્ષિપ્ત જીવન પરિચય સાથે તેમનાં પ્રેરણાદાયી ઉપદેશ વચનોની આ પુસ્તિકા રામચંદ્ર ઠાકુરે તૈયાર કરી છે. (પ્રકા૦ ઉપર મુજબ; કાચું પૂઠું પૃ. ૫૬, ૭૫ પૈસા)

વિશ્વની નજરે સંપ્રદાયની પ્રતિભા : સહજાનંદ સ્વામી વિષે વિવિધ ક્ષેત્રની વ્યક્તિ-

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૬૨] — કરાવનાર · જલન માતરી



ચમન 'ઠક્કર'

કચ્છની ધરતીએ પણ ગુજરાતી ગઝલની સેવા કરવામાં પાછી પાની નથી કરી. એણે ઘરઆંગણે પણ ગુલ ખિલાવ્યાં છે. કચ્છની 'રંગ' સંસ્થાના પ્રાણ સમા, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનારા ફોટોગ્રાફર શ્રી પોમલભાઈ, કચ્છ પ્રદેશની બૅન્કના જનરલ સેક્રેટરી શ્રી વનેચંદભાઈ, અને કલા ખાતર હમેશાં ખડે પગે રહેનારા હસનભાઈ જમાદાર તથા અન્ય સાથીઓ જ્યાં સુધી છે ત્યાં સુધી કચ્છની ધરતી પર ગઝલ ને ગઝલકાર પણ હયાત છે. આ સંસ્થાએ ઊગતાને ઉત્તેજન આપીને ગઝલનાં ફૂલો ખિલાવ્યાં છે. ગઝલના બાગમાં અનેરો રંગ ભરવાની કોશિશ કરી છે.

એ સંસ્થાનુ એક આકાર પામેલું પુષ્પ એટલે ભુજના વતની ભાઈશ્રી ચમનલાલ કુંવરજી ઠક્કર. નામમાંથી જ 'ચમન' તખલ્લુસ રાખીને તે ગઝલ–ઉદ્યાનમાં ફોરમ પ્રસરાવી રહ્યા છે. શાયર જવાન છે એટલે એમના ઈરાદાઓ પણ જવાન છે. નાનપણથી જ ગઝલ તરફ વિશેષ રુચિ હોવાને કારણે એ દિશામાં સ્વાભાવિકરીતે જ ઢળતા ગયા છે અને ખ્યાતનામ શાયર મહેન્દ્ર 'સમીર'ની દોરવણી હેઠળ એમની કલમે આકાર લીધો છે.

તા. ૨૩-૯-૧૯૩૪ના રોજ જન્મેલા 'ચમન' ભુજમાં અનાજના જથ્થાબંધ વેપારી છે અને ઈન્ટર આર્ટ્સ સુધી અભ્યાસ કર્યો છે. સરકી જતા સમયને રોકી નથી શકાતો માટે જ સમયની પાંખ પર અસવાર થઈને ગઝલનું ગુંજન કરનારા એમના શે'રોની મજા લઈએ:

કયાંથી મળું હું આપને જ્યાં આપ ખુદ ભૂલ્યાં હતાં?
મુજ દ્વારને બદલે ટકોરા ભીંત પર માર્યા હતા!

હતી એવી તમન્ના કે સમંદર પણ તરી જાશું,
પરંતુ આખરે મૃગજળ મહીં ડૂબી ગયો છું હું.

સાથે રહીને માર્ગમાં છૂટા થયા મંઝિલ કને,
એ માર્ગ ભૂલ્યાને અમોએ હમસફર માન્યા હતા!

આવ્યો હતો મુજ હાલ કાજે તુજ કને હે ઈશ પણ
તુજ હાલને જોયા પછી દિલ ખોલવું ભારે પડ્યું.
મંદિર અને મસ્જિદ મહીં ભગવાન તો શોધ્યા જડે,
પણ માનવીને માનવીમાં શોધવું ભારે પડયું.

સરકી જતા સમયને રોકી નથી શકાતો,
એવા સમયની પાંખે અસવાર થઇ જવું છે.

અહીં ઈન્સાન પણ એવા 'ચમન' જોવા મળ્યા છે કે,
જે માનવતા વિના માનવતણા આકાર લાગે છે.

નવાજે પથ્થરોથી જિંદગીભર એમને દુનિયા,
મરણ વખતે જ બક્ષે છે મુલાયમ કૈં કફન જેવું.

ખજાનો ખ્વાબનો અણમોલ છે બીડેલ આંખોમાં,
કદી ઝિદા ઉમ્મીદોની મજારો જ્યાં નથી હોતી.

વદન પરની ઉદાસી કેમ પામે પ્યાર દુનિયાનો,
અહીં રડતા વદન પર કોઇને રડવું નથી ગમતું.
ફરું છું એટલે તો હું નયન મારાં ઝુકાવીને,
કદી મસ્તક ઝુકાવીને 'ચમન' ફરવું નથી ગમતું.

આવવાની છે ફરીથી ને ફરીથી રાતડી,
એમ માનીને વિદા આપી રહ્યો હર રાતને.
જિંદગી ખુદ ફૂલ થાશે એ જ આશામાં 'ચમન'
કંટકે ભોંકાઈને આખર મિટાવી જાતને.

જીવન અને મરણમાં બહુ જૂજ છે તફાવત,
કોઇ મરે જીવનમાં, જીવે કબરમાં કોઈ.
નાહક ફરી વળ્યો તું દુનિયા તણી બજારો,
રજ રજ વિષે વસે છે તારા જ ઘરમાં કોઇ.
લઇ હાથમાં પડેલાં બે પાંદડાં 'ચમન'માં,
આપી ગયું વસંતો ભર પાનખરમાં કોઈ.

ન આપો યાદ હૈયાના રૂઝેલા ઘાવ ખોલીને,
કહો થોડું ભલે અમને ઘણું સમજાઇ જાયે છે,
ખબર છે આપના ચાલ્યા જવાના ભેદની મુજને,
ભ્રમર કયાંથી રહે જ્યારે 'ચમન' મુરઝાઈ જાયે છે.

ઊઘડતા પૂર્વની રેખા તરફ મુજથી નજર થઈ ગઇ.
અને ઘનઘોર રજની જાણે રૂપેરી કબર થઈ ગઈ.
જવાની! તું જરા જો તો ખરી તુજ ગર્વના ટુકડા,
અવસ્થા આખરી બતલાવવા વાંકી કમર થઇ ગઈ.

સુશોભિત હોઈને પણ જે સુવાસિત થઈ નથી શકતાં,
એ કાગળનાં બધાં ફૂલો હવે કરમાય તો સારું.
'ચમન' આંધી ચડે ને વાદળાં ઘેરાય તે પહેલાં,
સમયસર કાફલો અંધાણ પરખી જાય તો સારું.

વહે છે બુંદ જ્યારે એકબીજામાં ભળી જઈને,
સરિતાને પહાડોની રૂકાવટ કયાં લગી નભશે?

તમારા ભાલ પર તો જિંદગી હારી ગયો છું હું.
ફરેબી બિંદુઓ સાગર સમાં માની ગયો છું હું.

હે દોસ્ત, એ નથી કૈં અંજામ ભૂલ કેરો,
દિલચસ્પ છે કહાની જખ્મી ચરણની પાછળ.
શું એટલું બધું એ લોભામણું હશે કે,
ચાલી ગઈ જવાની મુજ બાળપણની પાછળ!

ઓએ જે અભિપ્રાયો વ્યક્ત કર્યા છે તે અહીં ગોરધનદાસ સોરઠિયાએ સંકલિત કરીને એવી રીતે રજૂ કર્યા છે કે જે સહજાનંદ સ્વામીની પ્રતિભાનો સમ્યક્ ખ્યાલ આપી રહે છે. (પ્રકા. શ્રીજી સાહિત્ય પ્રચાર કાર્યાલય, બંગલી ચોક, બગસરા (જિ. અમરેલી); કાચું, પૃ. ૫૨, રૂ. ૧)

શ્રી નિષ્કુળાનંદ સ્વામી : સ્વામીનારાયણ સંપ્રદાયના કવિ નિષ્કુળાનંદનાં જીવન પરિચય અને કવન મૂલ્યાંકનની પુસ્તિકાની બીજી આવૃત્તિ. (પ્રકા૰ લે. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧)

શ્રી ગોપાલાનંદ સ્વામી : પ્રસ્તુત સંપ્રદાયના સંત ગોપાલાનંદનો જીવન-પરિચય કરાવતી પુસ્તિકાની બીજી આવૃત્તિ. (પ્રકા૰ લે. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ ૫૨, રૂ. ૧-૨૫)

શ્રી મુક્તાનંદ સ્વામી : પ્રસ્તુત સંપ્રદાયના સંત કવિ મુક્તાનંદ સ્વામીના જીવનકવનનો પરિચય કરાવતી પુસ્તિકાની બીજી આવૃત્તિ. (પ્રકા૰ લે. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧)

ચિંતનયાત્રા : 'પ્રબુદ્ધ જીવન'ના સ્વર્ગસ્થ તંત્રી પરમાનંદ કાપડિયાના ચિંતનગર્ભ લેખોના આ સંગ્રહમાં યુદ્ધ, અહિંસા, નિરામિષ આહાર, સામુદાયિક વિરોધમાં પ્રગટ થતું જંગલીપણું વગેરે બાબતો પરત્વે સ્વસ્થ ચિંતન જોવા મળે છે. સાથેસાથે એમણે કૂર્માચળની પરિક્રમા પણ રસમય રીતે આલેખી છે. (પ્રકા૰ શ્રી મુંબાઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪; પાકું પૂઠું, પૃ. ૩૨૪, રૂ. ૭)

યોગદર્શન : મહર્ષિ પતંજલિનાં યોગસૂત્રોને સામાન્ય જનતા પણ સમજી શકે તેવી સરળ રીતે પત્રાત્મક સ્વરૂપે નરેન્દ્રકુમાર મ. જોષીએ અહીં રજૂ કર્યાં છે, તેથી યોગ જેવો ગહન વિષય પણ સુગ્રાહ્ય બની રહે છે. (મુ. વિક્રેતા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૦)

રાષ્ટ્રીય કેળવણી : મહર્ષિ અરવિંદના કેળવણી-વિષયક મુખ્ય મુખ્ય વિચારો પ્રગટ કરતા વિવિધ અંગ્રેજી લેખોનો આ સુભગ અને શ્રદ્ધેય અનુવાદ કર્યો છે કવિ શ્રી સુન્દરમે. (પ્રકા૰ શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી; કાચું પૂઠું, પૃ. ૧૫૪, રૂ. ૭-૫૦)

—ધીરુ પરીખ

—અને છેલ્લે

વીસી-ત્રીસીના ગાળામાં ગુજરાતને ભાંડવાની સાહિત્યકારોમાં એક ફૅશન થઈ ગઈ હતી અને લેખો તથા ભાષણોમાં ગુજરાતને 'ગાંડી', 'બેકદર' આદિ વિશેષણોથી નવાજીને ઊકળાટ ઠાલવવામાં આવતો. તેનો વિરોધ કરીને કવિ નાનાલાલે આ પત્રના તંત્રીને કહેલું કે, 'માણસને જીવનમાં બે એષણા હોય છે: ધનની અને કીર્તિની. મારી તો બે પેઢીને—દલપતરામને અને નાનાલાલને ગુજરાતે એ બંને આપ્યાં છે. મારી ગુજરાતને કોઈ નગુણી કહેશો નહિ.' આટલું બોલતાં તેમનો કંઠ રૂંધાઈ ગયો ને આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં.

ચાલુ વર્ષનાં પારિતોષિકો

લેખકો-ચિત્રકારોને નિમંત્રણ

'કુમાર'ના ચાલુ વર્ષમાં નીચે મુજબનાં પારિતોષિકો આપવામાં આવનાર છે

૧) **કુમાર-ચન્દ્રક :** વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ સર્જન-પ્રવૃત્તિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક
૨) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક—૧ :** જીવનઘડતરમાં પ્રેરણારૂપ ચરિત્રલેખો માટે
૩) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક—૨ :** ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતાં વ્યક્તિચિત્રો કે પ્રસંગચિત્રો માટે
૪) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક—૩ :** વાચકોની રુચિને સંસ્કારે એવાં નવાં પૂર્ણરંગી ચિત્રો માટે
૫) રૂ. ૫૧ **દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક :** સપ્ટેમ્બર ૧૯૭૪ થી ઑગસ્ટ ૧૯૭૫ સુધીના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને
૬) રૂ. ૫૧ **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી** તરફથી વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે
૭) રૂ. ૫૧ **સ્વ. જમનાપ્રસાદ પારિતોષિક** તેમના પુત્ર શ્રી નીતિન મહેતા તરફથી ભૂગોળવિષયક શ્રેષ્ઠ લેખના લેખકને
૮) રૂ. ૩૦ **એક લેખક તરફથી :** ઈ. ૧૯૭૫ના વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ કાવ્ય માટે
૯) રૂ. ૨૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરનાં કાવ્યો પૈકી બીજા ક્રમમાં આવનાર કાવ્યને
૧૦) રૂ. ૧૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરનાં કાવ્યો પૈકી ત્રીજા ક્રમમાં આવનાર કાવ્યને
૧૧) રૂ. ૨૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરમાં પ્રકટ થએલી શ્રેષ્ઠ ગઝલ માટે
૧૨) રૂ. ૧૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરની ગઝલો પૈકી બીજા ક્રમમાં આવતી ગઝલને
૧૩) રૂ. ૫ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરની ગઝલો પૈકી ત્રીજા ક્રમમાં આવતી ગઝલને
૧૪) રૂ. ૧૫ **શ્રી દેવેન્દ્ર વી. દવે** તરફથી વર્ષ દરમિયાન પ્રકટ થયેલા શ્રેષ્ઠ સૉનેટ માટે
૧૫) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ મૌલિક વાર્તા કે એકાંકી માટે
૧૬) રૂ. ૨૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષ દરમિયાન પ્રકટ થયેલી શ્રેષ્ઠ લઘુકથા માટે
૧૭) રૂ. ૧૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષ દરમિયાન પ્રકટ થયેલી બીજા ક્રમની લઘુકથા માટે
૧૮) રૂ. ૫ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષ દરમિયાન પ્રકટ થએલી ત્રીજા ક્રમની લઘુકથા માટે
૧૯) રૂ. ૧૫ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ ફોટોગ્રાફ માટે
૨૦) રૂ. ૩૦ **'કુમાર' તરફથી :** ઈ. ૧૯૭૫ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ પરાક્રમકથા, કે ડિટેક્ટિવ કે વાર્તા માટે
૨૧) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** ઈ. ૧૯૭૫ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ મૌલિક ઐતિહાસિક વાર્તા કે વિજ્ઞાનકથા માટે
૨૨) રૂ. ૨૫ **એક સદ્ગૃહસ્થ તરફથી :** ઈ. ૧૯૭૫ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી વિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી પ્રાણીકથા માટે

શતરંજના વિશ્વવિજેતાઓ—ડેવિડ બ્રૉન્સ્ટાઈન

ગયા અંકમાં આપણે કાર્લ ફ્લેચર વિષે જોયું. આ અંકમાં Status Quo નિયમને લીધે વિશ્વવિજેતાપદથી વંચિત રહેલા બીજા મહા-ઉસ્તાદ રશિયાના ડેવિડ બ્રૉન્સ્ટાઈન વિષે જોઈએ.

બ્રૉન્સ્ટાઈનની શૈલી આક્રમક છે. ગમે તેવા પ્રખર મહાઉસ્તાદ સામે King's Gambit જેવી આક્રમક પદ્ધતિ અપનાવતાં કે આક્રમણ માટે મ્હોરાનો ભોગ આપતાં ન અચકાય તેવા એ હિંમતબાજ ખેલાડી છે. ચોવીસ વર્ષની વયે Interzonal અને ૨૬ વર્ષની વયે Candidates ટુર્નામેન્ટ જીતીને એમણે બૉટવીનિકને આહ્વાન આપવાની તક મેળવી. આપણે આગળ જોઈ ગયા છીએ તેમ તે મૅચ ૧૨-૧૨ પૉઈન્ટથી ડ્રૉ થતાં બ્રૉન્સ્ટાઈન વિશ્વવિજેતાપદ મેળવતા મેળવતા રહી ગયા.

બૉટવીનિક સામેની તે ચૅલેન્જ મૅચમાંની ૧૭મી રમત અહીં જોઇએ. સફેદ મહોરાં બૉટવિનીકના ને કાળાં બ્રૉન્સ્ટાઈનનાં છે.

1 P-Q4, N-KB3; 2 P-QB4, P-K3; 3 N-QB3, B-N5; 4 P-K3, P-QN3; 5 K-N2, B-R3; 6 P-QR3, B-K2; 7 N-N3, P-Q4! બાજી કાળાની તરફેણમાં જવાની શરૂઆત.

8 P×P, B×B; 9 N×B, P×P; 10 N-N3, Q-Q2; સફેદ કરતાં કાળાનાં મ્હોરાં વધુ સારી સ્થિતિમાં છે.

11 Q-B3, N-B3; 12 O-O, P-KN3; 13 B-Q2, O-O; 14 QN-K2, P-KR4! પોતાનાં મ્હોરાંની સારી સ્થિતિનો લાભ લેવા પ્યાદાને આક્રમક રીતે આગળ વધારે છે.

15 KR-QB1, P-R5; 16 N-B1, N-K5; 17 N-B4, P-QR4; 18 R-B2, B-Q1; 19 B-K1, N-K2; 20 Q-K2? અહીં 20 N-Q2 વધુ સારી ચાલ હતી.

20..., N-Q3; 21 P-B3, P-KN4; 22 N-Q3, Q-K3; 23 P-R4, N-N3; 24 P-R3, P-KB4; 25 B-B3, B-B3; (જુઓ આકૃતિ). કાળાનાં આગળ વધી ગએલાં પ્યાદાં અને તેને ટેકો આપતાં મ્હોરાંને લીધે બોર્ડના મોટા ભાગનો કાબૂ તે ધરાવે છે અને ધીરેધીરે સફેદને ગૂંગળાવે છે. સફેદ પાસે સારી ચાલ બાકી રહી નથી.

બ્રૉન્સ્ટાઈન



બૉટવીનિક

25..., B-B3, પછીની સ્થિતિ

26 R-K1, QR-K1; 27 Q-Q1, R-B2; 28 P-QN3; KR-K2; 29 B-N2, P-B5!

હવે સફેદ 30 P×P રમે તો કાળાને 30..., Q×R; 31 N×Q, R×N: 32 Q-Q2, N×P; પછી હુમલાની ઘણી તક રહે છે.

30 N-K5, B×N; 31 P×B, N-B2; 32 P×P, N×BP; 33 N-R2, P-B4! 34 N-N4, KPના રક્ષણમાંથી ઊંટને છુટો કરવા.

34..., P-Q5; સફેદનો ઊંટ હવે લગભગ નકામો થઈ જાય છે.

35 N-B6ch.? અહીં 35 B-B! રમવાની જરૂર હતી. તેમ છતાં કાળાની જીત નક્કી હતી, પણ આ ચાલથી સફેદ જલ્દી હારે છે.

35..., Q×N!

હવે 36 P×Q, R×Rch.; 37 Q×R, R×Qch., પછી કાળા પાસે એક મહોરું વધુ રહે છે. વળી, QPને રોકવા બીજું મહોરું પણ આપવું પડે તેમ છે માટે 36, Resigns.

સુરેશ મોદી

અથાણું

રૂપિયા-રૂપિયાવાળી બે ટિકિટ પૈકી એક ઉપર અમથાભાઈને પાંચસો રૂપિયાનું ઈનામ લાગ્યું. છતાં તેમનું મોં પડી ગએલું જોઈ મિત્રોએ તેનું કારણ પૂછતાં એમણે કહ્યું: 'એક પર તો ઈનામ લાગ્યું, પણ બીજી એળે ગઈ એનો મને બહુ અફસોસ થાય છે.'

ન્યાયાધીશ: 'તમે તમારા પતિને ખુરસી મારી એ સાચી વાત છે?'

પત્નીએ કહ્યું: 'હા, નામદાર.'

ન્યાયાધીશે પૂછ્યું: 'શા માટે?'

'કારણ કે ટેબલ એટલું વજનદાર હતું કે મારાથી ઊંચકાય તેમ ન હતું.'

વૃક્ષ-વેલ વનસ્પતિ (૩૨) બહેડો



આયુર્વેદના અતિ જાણીતા 'ત્રિફળા'માં આમળાં અને હરડે સાથે જે બહેડાંનો ઉપયોગ થાય છે તેનું વૃક્ષ તે બહેડો. રાજસ્થાનના સૂકા પ્રદેશ સિવાય ભારતમાં લગભગ બધે બહેડો ઊગે છે, અને જમીન જો કસવાળી હોય તો એ ત્રીસચાળીસ મીટર જેટલો ઊંચો વધે છે. પાનખરમાં એનાં પાન ખરી ગયા પછી લાક્ષણિક સુગંધવાળાં પ્યાલી જેવા ઘાટનાં લીલાશપડતાં રંગનાં નાનાંનાનાં ફૂલો ખીલી વસંતમાં એનાં ફળ બહેડાંનાં ગુચ્છા ઊગે છે. વસંત ઋતુનું ફળ હોવાથી (અને આ ઋતુમાં વિશેષ થતા કફ પર ગુણકારી હોઈ) બહેડાંને 'વાસન્ત' એવું નામ પણ અપાયું છે.

બહેડાં મોટાં બોર જેવડાં થાય છે, પણ એનો આકાર નિશ્ચિત નથી હોતો. એનામાં કષાય રસ અધિક હોઈ કફ-પિત્તનાશક, ઉષ્ણવીર્ય, કાસનાશક, ભેદક, રુક્ષ, નેત્રોને હિતકારક, વાળને સુંદર બનાવનાર, કૃમિ તથા સ્વરભંગને નષ્ટ કરનાર ઔષધ તરીકે આયુર્વેદમાં એનો બહોળો ઉપયોગ થાય છે. ચામડું કમાવવા તથા રંગવામાં અને શાહી બનાવવામાં પણ બહેડાં વપરાય છે.

બહેડાંનાં પાકીને ખરી પડેલાં તાજાં ફળો ઘેટાંબકરાં ખાય છે. બહેડાંનાં બીજમાંથી નીકળતું મીંજ પણ સ્વાદિષ્ટ હોય છે, પણ એની અસર ઝેરી હોય છે. ઔષધિમાં બહેડાંની છાલ જ વપરાય છે. બહેડાં, સિંધવ ને પીપરની મધ સાથે ગોળી કરી મોંમાં રાખવાથી સ્વરભંગ મટે છે. બહેડાંનું અર્ધકાચું ફળ વિરેચક અને પાકું ફળ કબજિયાત કરતું મનાય છે.

બહેડાંના વૃક્ષમાંથી એક પ્રકારનો ગુંદર નીકળે છે, જે પાણીમાં ઓગળતો નથી. બહેડાંના લાકડાને જંતુ જલ્દી લાગી શકતાં હોઈ એનો સામાન્ય કામ પૂરતો જ ઉપયોગ થાય છે.



આટલું કરો

જય થશે એ જાણું નહિ, ભય નથી એ જાણું.
જાઉં છું વંકે મારગે રૂડે, ઝંઝા કેરાં ઝુલ્ફાં ઊડે,
અહીં તો જાણે રંગ કેસૂડે
ટહુકી ઊઠે પ્રાણનું પંખી માંડ મળ્યું છે ટાણું :
જય થશે એ જાણું નહિ, ભય નથી એ જાણું.

—મકરન્દ દવે


વિનોદકાર વૂડહાઉસ

જેમની હાસ્યકલા વિષે બધા જ વિવેચકો ભલે એકમત ન હોય પણ જેમની હાસ્યકાર તરીકેની કીર્તિ વિષે કોઈ બે મત નથી તે જગવિખ્યાત અંગ્રેજ વિનોદકાર પી. જી. વૂડહાઉસનું ગયા ફેબ્રુઆરીની ૧૪મી તારીખે ન્યૂ યૉર્કમાં લૉંગ આઇલૅન્ડ ખાતે પોતાને ઘરે હૃદયરોગના હુમલાથી ૯૩ વર્ષની ઉંમરે અવસાન થયું ત્યારે એક સમર્થ હાસ્યસર્જકની વૂડહાઉસ-વાચકોને જબરી ખોટ પડયાની અનુભૂતિ થઈ હશે. હૉંગકૉંગમાં સનદી નોકરી કરતા પિતાને ત્યાં ૧૮૮૧માં જન્મી ઇંગ્લૅંડની શાળાઓમાં એમણે અભ્યાસ પૂરો કર્યો. ત્યાર બાદ પિતાએ એક બૅંકમાં નોકરી અપાવી, પણ ત્યાંના ચોપડામાં એક ટૂંકી વાર્તા લખાઈ જતાં એમની બૅંક કારકિર્દીનો અંત આવ્યો ને સાહિત્યિક કારકિર્દીનો આરંભ થયો. આમ તો શાળા-જીવન દરમિયાન જ એમની પ્રથમ રચના પ્રકટ થએલી, પણ એમના સર્જન-સહકારને મોર બેસવાની ઋતુ તો હવે પછી આવવાની હતી. અને એ સહકાર જ્યારે મહોર્યો ત્યારે? સો જેટલી નવલકથાઓ, ત્રણસોથી વધારે ટૂંકી વાર્તાઓ, પાંચસો નિબંધો, ચાળીસેક નાટકો અને સંગીતિકાઓ અને અનેક ચલચિત્રોનો સમૃદ્ધ ફાલ ઊતર્યો! શાણપણના અવતાર જેવો 'જીવ્ઝ' અને સામાન્ય બુદ્ધિ 'વૂસ્ટર' જેવાં પાત્રો વૂડહાઉસની સર્જનસૃષ્ટિનાં અમર સર્જનો છે.

વીસમી સદીમાં જ્યારે નવલકથાઓ 'ઍન્ટી-હીરો' અને ઘટનાના વિલોપમાં રાચવા લાગી હતી ત્યારે પણ વૂડહાઉસે તો વ્યવસ્થિત વિકાસ અને વિસ્તારવાળાં કથાવસ્તુથી મંડિત અનેક સફળ અને સરસ હાસ્યકૃતિઓ સર્જી હતી. એમની વાર્તાઓના અંત કદી મૃત્યુથી કરુણ બનતા નથી. એમાં ક્રૂરતા કે જાતીય આવેગોની અતિશયતા ક્યાંયે વર્તાતી નથી. સમગ્ર સૃષ્ટિ અને માનવસમાજને એક સાચા અને સહાનુભૂતિશીલ હાસ્યકારની હેસિયતથી એમણે નીરખ્યાં હતાં, અને તે પણ જરા વક્રદષ્ટિથી. આથી જ એ ઉમદા હાસ્ય, હાસ્યપૂર્ણ પરિસ્થિતિ અને હાસ્યપ્રેરક પાત્રો નિર્મી શક્યા હતા. પોતાની આસપાસના જગતના દંભ, પાખંડ અને વિકૃતિઓને હળવી કલમે એમણે ઉઘાડી પાડી હાસ્યકાર તરીકે સમાજસુધારકનું કામ કર્યું છે. આથી એમનાં પાત્રો જીવંત તો બન્યાં છે, પણ સર્જનની વિપુલતાને લીધે એમાં નામભિન્નતા સિવાય પાત્રવિધાનની એકવિધતા આવી ગઈ જણાય છે. પણ સૌથી વિશેષ મનોરંજક હોય તો તે વૂડહાઉસની શૈલી. એમાં અત્યુક્તિ ને અલ્પોક્તિનું સુભગ સંમિશ્રણ છે. એમની આ મનોરંજક શૈલીએ જ એમના વિશાળ વાચકવર્ગનાં દિલ પર જબરી પકડ જમાવી છે.



આવા લોકપ્રિય હાસ્યકારને રાજકીય પરિસ્થિતિનો ભોગ પણ બનવું પડેલું. બીજા વિશ્વયુદ્ધના અરસામાં બર્લિનથી આપેલાં કેટલાંક વાયુપ્રવચનોમાંથી ઊભી થએલી ગેરસમજને કારણે લોકોએ એમને નાઝી તરફી માનેલા,



P. G. WODEHOUSE
REMSENBURG
NEW YORK

July 31. 1967

Dear Mr Mehta,

I am so glad you have enjoyed my books.

I was interested to see that you write from Poona. My brother E. A. was Head of the College there for some time.

I am in the middle of a new novel. It is coming out very well so far, but plenty of pit-falls ahead!

Yours sincerely

P. G. Wodehouse

△ 'કુમાર'ના એક ગ્રાહક મુંબાઈના શ્રી અપૂર્વ મહેતાએ આઈન્સ્ટાઈનથી માંડી જગતના અને ભારતના અનેક મહાજનો પાસેથી પોતાને ખાસ લખાએલા પત્રો મેળવીને સંઘર્યા છે. એમાંનો સ્વ. વૂડહાઉસનો એમના પરનો પત્ર અહીં એમના જ હસ્તાક્ષરમાં આપ્યો છે. આવા અન્ય પત્રો પણ પ્રસંગોપાત્ત આ રીતે આપતા રહેવા વિચાર્યું છે.

અને વૂડહાઉસની હળવી કટાક્ષશૈલીને ન જાણીમાણી શકનાર નાઝીઓએ પોતાના વિરોધી! પરિણામે ૧૯૪૦માં નાઝીઓએ એમને અટકમાં લીધા. પછી એમની પાસે બર્લિન રેડિયો પરથી જર્મન તરફી વાયુપ્રવચનો અપાવ્યાં અને જર્મનીની જેલરૂઢિ પ્રમાણે એમની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે એમને પાછળથી છોડી પણ દીધા. જોકે બીજા વિશ્વયુદ્ધની શરૂમાં જ, એ ફ્રાન્સમાં રહેતા હતા ત્યારે, નાઝીઓનું આક્રમણ નજીક આવી પહોંચતાં મિત્રોએ ફ્રાન્સમાંનું પોતાનું રહેઠાણ ખાલી કરી જતા રહેવાની સલાહ આપેલી; પણ કૂતરાં અને બિલ્લી જેવાં પોતાનાં વહાલસોયાં પ્રાણીઓને મૂકી ચાલ્યા જવા તેમનું મન તૈયાર ન થયું, અને નાઝીઓને હાથ પડયા. એમનાં પત્ની એથલનો પ્રાણીપ્રેમ પણ પતિ જેટલો જ ઉત્કટ! વૂડહાઉસ દંપતીએ પોતાના નિવાસની આજુબાજુની ૧૧ એકર જમીનને પંખીવનમાં પલટાવી નાખી છે.

વાચકોના પ્રિય 'પી. જી.' (પેલ્હામ ગ્રેનવિલે) અને મિત્ર-પરિવારના પ્રિય 'પ્લમ'ને ઑક્સફર્ડ યુનિવર્સિટીએ ૧૯૩૯માં ડી. લિટ્.ની માનાર્હ ઉપાધિ આપેલી અને મૃત્યુ પહેલાં થોડા સમયે જ રાણી ઇલિઝાબેથે એમને 'નાઈટહૂડ' (સર)નો ઈલકાબ આપી નવાજેલા—જર્મનીથી કરેલા બ્રોડકાસ્ટથી જન્મેલા કચવાટને કારણે અતિ ઘણા મોડા, ત્રીશીના ગાળામાં અમેરિકાની ફિલ્મ સંસ્થા એમ. જી. એમ. તરફથી પોતાનાં નાટકો અને નવલકથાના પુરસ્કાર રૂપે અઠવાડિયે ૨૫૦૦ ડૉલર મેળવી વિશ્વમાં વધુમાં વધુ કમાણી કરતા લેખક તરીકે એમણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ઇંગ્લૅંડમાં જન્મ્યા છતાં ય અમેરિકા એમને એટલું જ વહાલું હતું અને માટે જ તો એમણે ૧૯૪૭માં અમેરિકા પાછા ફર્યા પછી ૧૯૫૫માં ત્યાંનું નાગરિકત્વ સ્વીકારી લીધું હતું. ૯૩ વર્ષની ઉંમર સુધી એમણે સતત લખ્યા જ કર્યું હતું, પણ વૃદ્ધત્વનો ભાર કદી અનુભવ્યો નહોતો. એક વાર એમણે માત્ર એટલું કહેલું કે ૯૦ વર્ષ પૂરાં થયા પછી હવે ઘડપણનો અનુભવ થતો હોય તેમ લાગે છે.

આમ, આયુના નવમા દશકમાં પણ યુવાન જેવી તાજગી અને તરવરાટ અનુભવનાર વૂડહાઉસના જીવનનું રહસ્ય હતું એમની માનસિક પ્રફુલ્લતા. આજે એઓ ભલે ચાલ્યા ગયા, પરંતુ એમની સમર્થ વિનોદશક્તિની પ્રતીતિ કરાવતી જે સંખ્યાબંધ કૃતિઓ તેઓ પાછળ મૂકતા ગયા છે તેમાં અનેક વાચકોને જીવનનો આનંદ અને ઉત્સાહ પૂરો પાડતા ને નિરાશાને ખંખેરી નાખવાનું કહેતા. વૂડહાઉસની પ્રસન્ન અક્ષરછવિ વર્ષો સુધી વણભૂંસાએલી અને વણભુલાએલી રહેશે. —ધીરુ પરીખ

મરીનર-૧૦ યાનની અભૂતપૂર્વ સિદ્ધિઓ

અમેરિકન અવકાશયાન 'મરીનર-૧૦'ની સુદીર્ઘ અવકાશયાત્રા અને ખાસ કરીને બુધ વિષેનાં સંશોધનોની સફળ કામગીરી પૂરી થઈ છે.

સોળ મહિનાના ગાળા દરમિયાન એણે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી તેની યાદી તો લાંબી છે, પણ તેની મહત્ત્વની કામગીરીમાં પૃથ્વી, ચંદ્ર અને સૂર્યનાં કેટલાંક અવલોકનો તેમજ શુક્ર પાસેથી એક વખત અને બુધ પાસેથી ત્રણ વખત પસાર થવાના કાર્યને ગણાવી શકાય. આ 'માંદું' અવકાશયાન આટલું મોટું કામ કરી શક્યું તે નાનીસૂની બાબત નથી.

'મરીનર-૧૦' યાને પ્રથમ ચાર મહિના વિના તકલીફે કામ આપ્યું. પછી એમાં નાનીમોટી તકલીફો શરૂ થઈ. માર્ચની ૧૫મીએ એ બુધના ગ્રહની નજીક પહોંચે તે પહેલાં એમ લાગેલું કે જો એને સરખી રીતે માર્ગદર્શન નહિ અપાય તો બુધના ગ્રહ સાથે અથડાઈને તે તૂટી પડશે. પણ એવો અકસ્માત ન થયો અને મરીનર યાન બુધથી ૩૨૦ કિલોમીટરની અંદરના અંતરે રહી પસાર થઈ શક્યું. આ પૂર્વે બુધની આટલી નજીક કોઈ યાન ગયું નહોતું.

અવકાશયાનને જરૂરી એવો વાયુ નહોતો ત્યારે વિજ્ઞાનીઓએ સૌર પવનના દબાણનો ઉપયોગ કર્યો અને કામ ચલાવ્યું. 'મરીનર-૧૦' યાને બુધના અંતર્ગત ચુંબકીય ક્ષેત્ર અંગે તપાસ કરી. પૃથ્વીને ને ગુરુને ચુંબકીય ક્ષેત્રો છે, પણ આ બંને ગ્રહોનું ભ્રમણ ઝડપી છે, જ્યારે બુધનું ભ્રમણ એટલું ઝડપી નથી. એટલે બુધને ચુંબકીય ક્ષેત્ર હોય તેવું મનાતું નહોતું.

'મરીનર-૧૦' યાન ઈ. ૧૯૭૪ના માર્ચ મહિનામાં બુધની નજીકથી પસાર થયું ત્યારે તેની અંદરનાં સાધનોએ બુધમાં ચુંબકીય ક્ષેત્ર હોવાની નોંધ લીધી, આથી અમેરિકાના વિજ્ઞાનીઓમાં એ અંગે ચર્ચા શરૂ થઈ. સૌર પવનોને લીધે તો આમ નહિ થતું હોય, એવો પ્રશ્ન કેટલાક વિજ્ઞાનીઓએ ઉઠાવેલો. પણ મરીનર યાન ૧૯૭૪ના સપ્ટેમ્બરમાં બુધ પાસેથી બીજી વખત પસાર થયું ત્યારે એની પ્રકાશિત બાજુ પરથી પસાર થયું અને ચુંબકીય ક્ષેત્રનું માપ લેવાયું નહિ. પછી તો યાનમાં કંઈક બગાડો થતાં એ ત્રીજી વાર બુધ પાસેથી પસાર થવાની આશા ન રહી, પણ સૌના આશ્ચર્ય વચ્ચે એ ત્રીજી વાર બુધની નજીક પહોંચ્યું અને તેના ચુંબકીય ક્ષેત્રની નોંધ લીધી.

ચુંબકીય ક્ષેત્ર હોવા માટે ઝડપી ભ્રમણ અનિવાર્ય છે એવો જૂનો સિદ્ધાંત આથી ખોટો ઠર્યો, અને આ ચુંબકીય ક્ષેત્ર કયા કારણે ઊભું થાય છે તે નવેસરથી વિચારવાની પરિસ્થિતિ ઊભી થઈ છે.

સૂર્યમાંથી આણ્વિક રજકણોનો સતત પ્રવાહ વહે છે એવો એક સિદ્ધાંત છે; પણ 'મરીનર-૧૦'એ શોધ કરી છે કે સૂર્ય ઉપર કેટલાક પ્રદેશો એવા પણ છે, જેમાંથી આ પ્રકારના રજકણોનો પ્રવાહ સતત વહેતો નથી. મરીનરનું અંતિમ કામ હતું કેટલાક તારાઓમાંથી આવતા નીલ લોહિત રંગના કિરણોનું પ્રમાણ માપવાનું. એ પણ એણે સારી રીતે પાર પાડયું છે ('યુસિસ')

આપણું રાષ્ટ્રીય ફળ: આરોગ્યપ્રદ કેરી

કેરી એ ગરીબ-તવંગર સમગ્ર ભારતીય પ્રજાનું પ્રિય ફળ છે. નયનમનોહર, રોચક, આરોગ્યપ્રદ અને પોષક કેરી આપણું રાષ્ટ્રીય ફળ છે.

આયુર્વેદની દૃષ્ટિએ કેરીના મરવા તૂરા, ખાટા, રુચિકારક પણ વાયુ અને પિત્ત કરનારા છે. કાચી કેરી ઘણી ખાટી અને વધારે પ્રમાણમાં ખવાય તો લોહીવિકાર અને ત્રણે દોષો પેદા કરનારી છે. કાચી કેરીના આ દોષોનું શમન કરવા તેની સાથે તેમાં હિંગ, ગોળ, આદુ મરચાં, મીઠું ઈ. વપરાય છે. આથી જ આપણાં અથાણાંમાં વાયુનાશક તેલ, કફ-વાયુનાશક મેથી, હિંગ, હળદર, મરચાં, મીઠું વગેરે નાખતાં કાચી કેરીના દોષ દૂર થાય છે અને એવું અથાણું રોચક પાચક વ્યંજન બની રહે છે.

કાચી કેરીનાં સૂર્યની ગરમીથી સૂકવેલાં આંબોળિયાં (સં. આમ્રપેશિકા) કહેવાય છે. આયુર્વેદની દૃષ્ટિએ આંબોળિયાં કે આમચૂર ભોજનમાં સ્વાદ વધારનાર, ઝાડો સાફ લાવનાર ને વાત-કફ દૂર કરનારા છે.

આપણે રોજની તુવેરની દાળમાં આમલી, લીંબુ કે કોકમનો ઉપયોગ કરીએ છીએ તેના બદલે કાચી કેરીની નાની કટકી કરીને પણ નખાય. ને મીઠું દઈ સૂકવેલાં ચીરિયાં યા આમચૂર, હવાબંધ ડબ્બામાં ભરી રાખી જ્યારે જરૂર પડે ત્યારે ભોજનની વાનીમાં ખટાશની જરૂર હોય ત્યાં વાપરી શકીએ. સામાન્ય રીતે ઝાડ પર પાકેલાં ફળ વધારે પોષક મનાય છે. કેરીમાં તેથી ઊલટું છે. કેરીનાં પાકીને ઝાડ પરથી પડેલાં શાખિયાં ખટમધુરાં, વાયુનાશક પણ પચવામાં ભારે અને થોડાં પિત્તકારક છે. ઘેર પકવેલી પાકી મધુર કેરીને ચરકે માંસ, બળ અને વીર્યને વધારનારી, સુશ્રુતે બૃહણ એટલે શરીરને પુષ્ટ કરનાર, વીર્યવર્ધક અને બળપ્રદ ગણી છે. આથી આયુર્વેદની દૃષ્ટિએ દેહને નીરોગી અને શક્તિશાળી બનાવવા ત્રણ-ત્રણ કલાકને અંતરે પ્રથમ કેરી ચૂસીને અને પછી અર્ધોશેરેક દૂધ અથવા છાશ પીને બીજો કોઈ પણ ખોરાક ન લેતાં કેરી અને દૂધ અથવા કેરી અને છાશ પર રહી કેરીની ઋતુમાં કાયાકલ્પ જેવા પ્રયોગો નિર્બળ માનવીને કરાવવામાં આવે છે. સાથે જરૂર પૂરતાં આયુર્વેદિક સાદાં વનસ્પતિજન્ય ઔષધ પણ અપાય છે. દર્દીએ પોતાનું બળાબળ જોઈ કેરી-દૂધ કે કેરી-છાશ પ્રમાણસર લઈ કરેલા આ પ્રયોગ સફળ નીવડયાના દાખલા છે. આવો પ્રયોગ કરનારે મધુર કેરીનો જ ઉપયોગ કરવો. ચાર પાંચ કલાક સુધી અધરોકાએલા દૂધની જરાક ખટાશપડતી પણ મધુર બનેલા દહીંની છાશ પીવાની હોય છે. છતાં આ સાદો પ્રયોગ કોઈ કુશળ વૈદ્યની સલાહ અને દેખરેખ નીચે કરવો એ હિતાવહ છે.

પાકી મીઠી કેરી ઘોળીને કાઢેલો ગાળેલો રસ બળપ્રદ, વાયુનાશક, વજન વધારનાર છે; પણ તે પ્રમાણસર ખાવો જોઈએ. એકાદ વાડકી સાંજે અને સવારે તેમાં ચમચો ઘી, જીરું, મીઠું, સૂંઠનો ભૂકો નાખી ખાય તો કેરીના ગુણનો લાભ મળે. વાડકે વાડકા ભરીને રસ ખાવામાં આવે, તેમાં સારા પ્રમાણમાં ઘી નાખવામાં આવે, સાથે ઈદડાં, પૂરી કે ખૂબ ઘીયુક્ત પોળી-રોટલી રોજના નિયમ કરતાં વધારે ખાવામાં આવે તો એ રસ પચવામાં ભારે, કફ પેદા કરનારો અને હૃદયને અહિતકારક બને છે એ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે.

પાકી મધુર કેરી નેત્રોને હિતકારક છે. ચામડીનો વર્ણ સુધારે છે, સારક છે અને વાત-પિત્તનો નાશ કરે છે. ઉનાળામાં પાકી કેરી હજુ મળતી ન હોય ત્યારે કાચી કેરીને છીણીને તેનો રસ કાઢી તેમાં અથવા કાચી કેરી બાફી તેનો રસ કાઢી તેમાં માટલાનું ઠંડું પાણી, ગોળ (ખાંડ નહિ), ને જરા-મીઠું નાખી બનાવેલું શરબત તૃપ્તિપ્રદ અને શીતળ છે.

સંસ્કૃત ગ્રંથોમાં આમ્રપાનક એટલે કેરીની ખાદ્યપેય વાનગી બનાવવાની એક રીત મળે છે. મીઠી પાકી કેરી ઘોળીને પાણીમાં બાફી નાખવી; તેમાં આદુ, હળદર જેવા મસાલા નાખવા; તજ-એલચીનો વઘાર કરવો. ઠંડી પડે પછી છાલ અને વધેલા પાણી સાથે ભોજનમાં વાપરવી. ગોટલામાંનો રસ ચૂસી જવો. કેરીના મધુર રસમાં ઉપરના મસાલા નાખી તજ એલચીનો વઘાર કરીને પાનક બનાવી શકાય. મજબૂત દીંટવાળી પાકી કેરીને બાફીને શાઈ દઈ તેનાં 'બફાણાં' કરવામાં આવે છે અને તે કેરીની ઋતુ પૂરી થયા પછી શ્રાવણ માસ સુધી આપણે ત્યાં ખવાય છે. તેવી જ તાજી ખાવાની આ આમ્રપાનક વાનગી છે. પાકી કેરીના મીઠા રસને થાળીમાં કે સ્વચ્છ પાટલા પર ઘી ચોપડી તેના પર પાપડની જેમ ગોળ પાલરી તેને સૂર્યના તડકામાં મૂકી સુકાવા દેવાય છે. આ કેરીના રસના પાપડ આયુર્વેદ પ્રમાણે રુચિકારક, પચવામાં હલકા, તરસ ઊલટી, પિત્ત, વાયુ, મટાડનાર ને સારક માનવામાં આવે છે.

જીરું, મીઠું અને સૂંઠ ભેળવીને ખાધેલો કેરીનો રસ ત્રણે દોષોનું શમન કરે છે. મધ ભેળવી ખાવાથી સળેખમ, વાયુ અને ક્ષીણતા દૂર થાય છે અને પ્રમાણસર ઘી ભેળવી ખાવાથી વાતપિત્તનું શમન થાય છે. મંદાગ્નિવાળાએ કેરી ચૂસી, સૂંઠ, સંચળ ને જીરું નાખી ઉકાળેલું અધોળેક પાણી પીવું, અગર એ ત્રણેની પા-અર્ધો તોલો ભૂકી પાણી સાથે ફાકવી.

(ગુજરાતમિત્ર) —જ. એ. કાનુગા

ઊંટના વાંકા દી!

'આપનાં અઢાર છે!' એવું સણસણતું કટાક્ષ-તીર બહુ ખણખોદ કર્યા કરતા ઊંટ પર શિયાળે સામું છોડયું હતું એ નિશાળના દિવસોની યાદ છે! પરંતુ એ સોનેરી દિવસો સ્મૃતિમાં જડાઈ ગયા હતા જ્યારે શૌર્ય અને વટના રાજપૂત યુગમાં સાંઢિયા પવનવેગી ગણાતા અને પંખિણી જેવી સાંઢિયણ પર કોઈ રાજકુમારીનું અપહરણ કરનારો રણમાં ઊતરી જતો કે કોઈ બહારવટિયો પીછો પકડી રહેલી ગિસ્તને થાપ આપીને અલોપ થઈ જતો. પછી તો ઢલા ખેંચતા ઊંટિયા દિલ્હીની બજારમાં જોયા અને મેડીબંધ ('ડબલ ડેકર' જેવી!) ઊંટગાડીઓ કરાચીની સડકો પર પણ જોઈ હતી.

એના બંકાળા દિવસો અને અડીખમ સાથી જેવા ઊંટની યાદ રાજસ્થાન અને કચ્છ હજુ સુધી ઝબકાવી રહ્યાં હતાં. કંડલા પહોંચવા કચ્છ સોંસરવા જતી વખતે, માલધારીઓના ડેરામાં ઊંટનાં ધણ જોવાની પણ હોંશ હતી. હાથીના મદનિયાની જેમ જ ફાંકડું નાચતા-કૂદતા તાજા જ પધારેલા ઊંટના વછેરા (?)નો તાલ મનમાંથી ખસતો નહોતો. ઊંટનો એ નેહ વધારે પાકો થયો હતો જ્યારે ઈનર મૉંગોલિયામાં મેં એકને બદલે બે ઢેકાવાળાં અને એક જાતની કેશવાળીવાળાં નમણાં ઊંટ જોયાં, ને જ્યારે એક ગામડાએ મને ભાવની ભેટ તરીકે ગરમાવા માટે જાણીતા એક કીલો ઊંટના વાળ આપ્યા હતા!

યંત્ર ને વિજ્ઞાનનાં ઘોડાપૂર નીચે આજે ઊંટનો સિતારો આથમવા લાગ્યો છે. રાજાઓ તો ઘેર બેઠા, પણ બચ્ચાડા ઊંટનું પેટિયું બંધ થવા લાગ્યું! નવી દિલ્હીની પ્રજાસત્તાક દિનની ભવ્ય સવારીની નોક જેવા જે સલમીર રસાલાની બરકંદાજોવાળી ઊંટ-ટુકડી આ વરસથી વિરમી ગઈ છે.

ઈ. ૧૯૬૫ના પાકિસ્તાનના કચ્છ પરના હુમલા વખતે ઊંટે ઉમદા દેશસેવા ધરી હતી. પરંતુ કંડલા જતાં જતાં ઊંટનાં ટોળાં ક્યાંય મળ્યાં નહિ તેનો વસવસો હતો એટલે કચ્છનું રખોપું કરી રહેલા બી. એસ. એફ. ફોજના લેફ કર્નલ કાણે ભટકાઈ ગયા ત્યારે સહેજે ઊંટની ઉઘરાણી થઈ ગઈ. છેવટે આપણું લશ્કર પણ, હજારો માઈલની રણપ્રદેશની સરહદ સાચવતા ઊંટથી ગયું? કેમ?

અને ત્યારે જ ખબર પડી કે પૈસાટકાની દુન્યવી માયાજાળ ઊંટને પણ ફાડી ખાવા લાગી છે: 'વાત કંઈક રૂપિયા આના ને પાઈની, ને કંઈક પાણીની છે. લશ્કરને હવે ઊંટ મોંઘું પડે છે. એનો માસિક નિભાવખર્ચ અત્યારે છે રૂપિયા બે હજાર! અને ઊંટ વેંઢારી શકે બહુ બહુ તો બે સૈનિકોને, જ્યારે રણને રસ્તાઓ પાડીને હવે આપણે નાથી લીધું છે. એનાથી અરધા ખર્ચમાં જીપ પાંચ જણને ફટાફટ જોઈએ ત્યાં લઈ જાય

આંગણાનાં ફૂલ-૬] પૅન્સી [મણિલાલ જ. શાહ

શિયાળુ ફૂલછોડમાં પુષ્કળ વૈવિધ્ય જોવા મળે છે. વિવિધરંગી પતંગિયાંના ને વિચિત્ર ચહેરામહોરા જેવાં દેખાતાં પૅન્સી(Pansy)નાં ફૂલ બહુ આકર્ષક હોય છે. એક જ ફૂલમાં યે ચાર-પાંચ રંગ, અને જુદાજુદા છોડ ઉપર આવાં રંગબેરંગી ફૂલ! જેણે તે જોયું ન હોય તેણે કુદરતની એક અજાયબી જોઈ નથી એમ કહીએ તો જરા યે અતિશયોક્તિ નથી.

પૅન્સીના છોડ ૩૦-૪૦ સેન્ટીમીટર ઊંચા થાય છે. દિવાળીની આસપાસ એનાં બી રોપાય છે. ચાર પાંચ દિવસમાં એ ઊગી નીકળે છે. એ પછી ત્રણેક અઠવાડિયાંમાં એના રોપ માટી સાથે હળવે હાથે ઉપાડીને કાયમના ક્યારામાં બબ્બે વેંતને અંતરે રોપી દેવા. આ પછી બીજા ફૂલછોડની માફક ખાતર, પાણી અને ગોડ આપતા રહેવું. ક્યારામાં રોપ્યા પછી દોઢ બે માસમાં એને ફૂલ આવે છે. એ ફૂલ બેએક માસ ટકે છે. ફૂલ આવી ગયા પછી બી બેસે છે. એ બી એકઠાં કરી લેવાથી બીજે વર્ષે કામ લાગે છે. પૅન્સીનાં પાન મધ્યમ કદનાં અને સહેજ અણીદાર હોય છે.

ફૂલવાળા બધા છોડની માફક પૅન્સીને પણ તડકાની જરૂર હોયછે.તેમાંયે ઊગતા સૂરજનાં કિરણો પૅન્સીને મળે તો એને ફૂલ સારા પ્રમાણમાં આવે છે. બહુ ઓછાને આનો ખયાલ હશે.

પૅન્સીનો છોડ મૂળ યુરોપથી-ખાસ કરીને ફ્રાન્સમાંથી આવ્યાનું મનાય છે.ફ્રેન્ચ ભાષામાં પૅન્સી એટલે વિચાર એવો અર્થ થાય છે. પૅન્સીનાં ફૂલ વિચારમાં ડૂબેલા ચહેરા જેવાં દેખાય છે એટલે એનું નામ પૅન્સી પડ્યું હશે?

પૅન્સીની સંકર જાતો ઘણી સુંદર થાય છે. ફૂલનું કદ મોટું ને રંગોની મેળવણી પણ અજબ!

પૅન્સીનો છોડ ચારે બાજુ એકસરખો ફેલાય છે, અને બહુ ઊંચો થતો નથી; એટલે ટોપલીમાં ઉગાડીને ઘોડી ઉપર મૂક્યો હોય કે વરંડામાં યા બારીમાં લટકાવ્યો હોય તો તે ઘણો શોભે છે. પૅન્સીના છોડને સવારનો તડકો મળતો હોય તો તે બપોરનો થોડોઘણો છાંયો વેઠી શકે છે;-બલ્કે તે તેને વધુ અનુકૂળ પડે છે.

પૅન્સીનાં ફૂલની ઋતુ લગભગ પૂરી થતાંમાં માર્ચ મહિનો પણ વીતી જવા આવ્યો હશે અને અન્ય શિયાળુ ફૂલછોડની ઋતુ પણ પૂરી થવા આવી હશે. કેટલીક જાતો એપ્રિલ આખર સુધી પણ ચાલે. ઉનાળુ ફૂલછોડનાં બી રોપવાનો સમય શરૂ થઈ ચૂક્યો છે એટલે એમાંની કેટલીક જાતોનાં નામો જોઈ



લઇએ. જોકે ઉનાળામાં આપણે ત્યાં થઈ શકે એવી જાતો બહુ ઓછી છે, એટલે એમાં શિયાળુ ફૂલછોડ જેવી વિવિધતા અને ભભક લાવી શકાતી નથી. તો ય વિચારપૂર્વકનું આયોજન કર્યું હોય તો ઠીકઠીક જાતો ઉગાડી શકાય છે.

આમાં ઊંચી જાતોમાં જાપાનીઝ સૂરજમુખી, કૉસમૉસ, હજારી ગલગોટા; મધ્યમ જાતોમાં બારમાસી,કેરીઓપ્સીઝ, ગેલાર્ડીઆ કોચીઆ; અને નીચી જાતોમાં ગોમ્ફ્રીના (બટન રોઝ), ફ્રેન્ચ જાતના હજારી ગલગોટા, ઝીનીઆ લીનરીઝ ઉગાડી શકાય. અત્યારે રોપશો તો મે-જૂન જુલાઈમાં તેનાં ફૂલ જોવા મળશે. □

છે. ઉપરાંત પાણીના કાળમાં, રોજનું પાંચ ગૅલન પાણી ઊંટને પાવાનું પણ મોંઘું પડી જાય છે.' ઊંટ પર ઊતરેલા આ વાંકા દીનો કોઈ ઈલાજ ખરો? કોઈ છેડો ખરો?


—હરિન શાહ


ડૉલર

ઑસ્ટ્રીઆના એક ભાગ બોહેમિયામાં 'યોહા (કે 'જો આ') ખિમસ્તાલ' નામે એક ગામમાં ચાંદીની ખાણ મળી. ખાણના માલિકોએ એ ચાંદીના સિક્કા બનાવી એને બજારમાં મૂકી. આ સિક્કા પર સેન્ટ યોઆખિમનું મહોરું અંકિત કરેલું હતું. 'યોઆખિમસ્તાલર' (યોઆખિમસ્તાલના સિક્કા) નામે એ સિક્કા ઓળખાતા. આગળ જતાં એ યુરોપભરમાં જાણીતા થઈ ગયા ને ટૂંકમાં 'થાલર' નામે ઓળખાવા લાગ્યા. કાળાંતરે ચાંદીનો કોઈ પણ સિક્કો 'થાલર' કહેવાતો થયો. જર્મન ભાષાના એક સ્વરૂપમાં 'થાલર'નો 'ડાલર' ઉચ્ચાર થાય છે. ડચ ને અંગ્રેજી ભાષામાં 'ડાલર' ઉચ્ચાર વધુ પ્રસર્યો ને વખત જતાં 'ડાલર'નો 'ડૉલર' બન્યો.

આ અરસામાં અમેરિકામાં જતાં નવાં સંસ્થાનોમાં સ્પેઈનનો ચાંદીનો 'પેસો' લગભગ બધે ચાલતો. અને ચાંદીના સિક્કાના અર્થમાં ખાસ કરીને ઉત્તરના પ્રદેશોમાં 'ડૉલર' તરીકે ઓળખાતો. સ્વાતંત્ર્ય બાદ અમેરિકાના સંયુક્ત રાજ્યોએ પોતાના ચલણના મુખ્ય સિક્કાને 'ડૉલર' નામ જ આપ્યું. જો કે આરંભમાં થોડો સમય ચાંદીના બદલે સોનાના ડૉલર બનતા; પણ પાછળથી સોનાના સિક્કા પાછા ખેંચી લેવાયા, પણ ડૉલર નામ તો રહ્યું જ. પોતાના મુખ્ય ચલણી સિક્કા તરીકે બીજા પણ અનેક દેશોએ 'ડૉલર' નામ અપનાવ્યું છે ને એ જે તે દેશના ડૉલર તરીકે ઓળખાય છે.

જમાઈકાના મૉન્ટેગોબેની કૉર્નવેલ કૉલેજ દ્વારા ત્યાંની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ 'પીની વૉલી' નામે એક ત્રૈમાસિક પત્ર પ્રકટ કરે છે. આ નામ ત્યાંના એક જંતુ (ફાયર ફ્લાઇ) પરથી લીધું છે. જમાઈકાના લોકો તથા વિવિધ વિશિષ્ટ સ્થળોના ઇતિહાસ અને વર્તમાન અંગેની ઉપયોગી ને સવિશેષ માહિતીઓ આપવા સાથે પોતાના શૈક્ષણિક અનુભવો વધારવા અને એક ઉમદા પ્રકારના સામયિકનું પ્રકાશન કરવાનો એમનો હેતુ છે અને એ માટે પ્રકાશન યોગ્ય સામગ્રી એકઠી કરવા વિદ્યાર્થીઓ દ્વારા નવનિર્માણની આ પણ એક રીત છે. ત્યાંના વિદ્યાર્થીઓ ટેઈપ રેકૉર્ડર ને કૅમેરા લઈને દેશમાં બધે ઘૂમી વળે છે.






ટિકિટ-સંગ્રહ

કોઈ પણ આધુનિક સેનાની કાર્યક્ષમતાનો આધાર એને જ્યાં જોઈએ ત્યાં અને જે જોઈએ તે સાધનસામગ્રી જ્યારે જોઈએ ત્યારે પહોંચતી કરવાની સુવ્યવસ્થા પર છે. ભારતમાં એ માટે 'આર્મી ઑર્ડનન્સ કોર' નામક એક દળ છે. તેની સ્થાપનાની બસોમી જયંતી નિમિત્તે ૮મી એપ્રિલે એક ખાસ ટિકિટ બહાર પડી છે, જેના પરના તોપના રેખાંકનની વધતી જતી જાડાઈ અને ઘેરા બનતા રંગ દ્વારા એના વિકાસનું સૂચન કર્યું છે. બીજી ટિકિટ આ જ માસમાં ૧૧મી તારીખે 'આર્યસમાજ'ની સ્થાપનાની શતાબ્દી નિમિત્તે બહાર પડી છે. આર્યસમાજનો પરિચય આ અંકમાં અન્યત્ર.

માસમાસ(એપ્રિલ-મે)ના આકાશમાં



એક ગ્રીક પુરાણકથા છે કે આર્ગોસ નજીક લર્નાના કળણમાં હાઈડ્રા નામે નવ મસ્તકવાળો એક જળરાક્ષસ સાપ રહેતો હતો. એના ઉચ્છ્વાસનો સ્પર્શ પણ જીવલેણ નીવડે એટલો એ ઝેરી હતો એટલું જ નહિ, એનાં નવમાંનું એક મસ્તક અમરત્વવાળું હતું, આથી એને મારવાનું શકય નહોતું. હર્ક્યુલસે એ માટે બીડું ઉઠાવ્યું. સળગતા બાણ વડે ત્રાસ આપી એણે હાઈડ્રાને એના દરમાંથી બહાર નીકળવા ફરજ પાડી અને પછી એનાં મસ્તક કાપી નાખ્યાં. પણ તુરત ફરી નવાં મસ્તક ફૂટી નીકળ્યાં. અંતે હર્ક્યુલસના સારથિ અને ભત્રીજા ઇઓલાઉસે કપાએલાં માથાંને સ્થાને સળગતાં ઊંબાડિયાં અને પેલા અમર મસ્તક પર ભારે શિલા દાબી રાખીને તથા એના પેટમાં તીખાં તીર ભોંકી દઈને એના ઘાવ રૂઝાતા અટકાવી એનો અંત આણ્યો. સિંહ અને કર્કની દક્ષિણે આકાશમાં ઝાંખા તારાઓના એક લાંબા તારમંડળને પશ્ચિમમાં આ 'હાઈડ્રા'નું નામ અપાયું છે. આપણે એને 'વાસુકિ' નાગનું નામ આપ્યું છે.

આ વાસુકિ (Hydra)ની ફેણના સ્થાને જે પાંચેક તારાઓનું જૂથ દેખાય છે તે 'આશ્લેષા'ની નક્ષત્રમાં સત્યાવીસ ગણના થાય છે. એનાથી આગળ એક જરા વધુ ચળકતો તારો એ 'સર્પમણિ' કે 'એકાકી' (Alphara) નામે ઓળખાય છે.

વાસુકિની બાજુમાં જ પ્યાલી ઘાટે ગોઠવાએલા તારાઓનું 'ચષક' (Crater) તારામંડળ છે, ને તેની બાજુમાં જ છે 'હસ્ત' (Corvus). હસ્તની ગણના પણ સત્યાવીસ નક્ષત્રમાં થાય છે. એના તુરત દેખાતા ચાર તારા અને પાસે જ બીજા બે ઝાંખા તારાને હસ્તની પાંચ આંગળીઓ કહી છે. જાણે ઉષાની સખી ચિત્રલેખાના તેજે રસમાં બોળાએલા હાથની આકાશી ફલક પર પડેલી એ છાપ છે!

બીજું એક મોટું મંડળ તે 'કન્યા' (Virgo) રાશિનું. સિંહ પછીની આ રાશિના તારાઓમાં 'ચિત્રા' (Spica કે Azimech) તારો એની તેજસ્વિતાથી તુરત ધ્યાન દોરે છે. 'ચિત્રા' પણ સત્યાવીસમાંનું એક નક્ષત્ર છે. કન્યા રાશિનો આ મુખ્ય નીલ શ્વેત તારો ચિત્રા આપણાથી ૨૨૦ પ્રકાશ વર્ષ દૂર છે. 'કન્યા' તારામંડળના વિસ્તારમાં લાખો પ્રકાશવર્ષ દૂર અનેક તારાવિશ્વના ગુચ્છ છે અને તેમાં કેટલીક વમળ (સ્પાઈરલ) આકારે રચાએલી નિહારિકાઓ પણ છે.

આ ઉપરાંત, આ વિસ્તારમાં બે બીજાં નાનાં મંડળો પણ જોઈ લઈએ. એક છે 'વાસુકિ' અને સિંહ' વચ્ચેનું 'સેક્સ્ટન્સ' (Sextans) અને બીજું 'કન્યા'ની ઉત્તરે 'કેશ' (Coma Berenices). કેશના નાનકડા વિસ્તારમાં છૂટાછવાયા સંખ્યાબંધ તારાઓનો સમૂહ પ્રેક્ષણીય છે.

પ્લાસ્ટિક જેવી ઍલ્યુમિનિયમ મિશ્રિત ધાતુ

વિજ્ઞાનીઓએ પ્લાસ્ટિક જેવી ઍલ્યુમિનિયમની મિશ્ર ધાતુ શોધી કાઢી છે. રમકડાં, રેફ્રિજરેટરમાં વસ્તુઓ મૂકવાનાં ખાનાં બનાવવા, કે એ પ્રકારનાં અન્ય સાધનો માટે આ નવી ધાતુ વાપરી શકાશે. 'સુપાલ-૧૫૦'ના નામે ઓળખાતી આ નવી મિશ્ર ધાતુને ગમે તેવો ઘાટ આપી શકાય છે. વળી તે વજનમાં હળવી, કાટ ન ચડે તેવી તથા ઘણી ટકાઉ છે. જ્યારે એને ગરમ કરવામાં આવે છે ત્યારે તૂટી જતાં પહેલાં એની મૂળ લંબાઈ કરતાં દસગણી એ ખેંચાય છે, જ્યારે ઍલ્યુમિનિયમ ધાતુ તો મૂળ લંબાઈના પંદર ટકા જ ખેંચી શકાય છે. પોલિથિન પ્લાસ્ટિકની જેમ 'સુપાલ-૧૫૦' ધાતુને ઉત્પાદનની એક જ પ્રક્રિયામાં ધાર્યો ઘાટ આપી શકાય છે.

(યુસિસ)

ગણિતગમ્મત

$$\frac{૭^{૩}-૫^{૩}-૩^{૩}+૧^{૩}}{૭+૫+૩+૧} = ૩(૭-૫+૩-૧)$$

$$\frac{૯^{૩}-૭^{૩}-૫^{૩}+૩^{૩}}{૯+૭+૫+૩} = ૩(૯-૭+૫-૩)$$

$$\frac{૧૧^{૩}-૯^{૩}-૭^{૩}+૫^{૩}}{૧૧+૯+૭+૫} = ૩(૧૧-૯+૭-૫)$$

ચાર ક્રમિક એકી સંખ્યાઓના આ સંબંધ ગમે તેટલી મોટી સંખ્યા માટે પણ મેળવી શકાય છે.

—રાજેન્દ્ર શાહ

પરદેશનાં પત્રમિત્રો

માત્ર વિદેશ અને પરદેશમાં વસતા હિંદી પત્રમિત્રોનાં જ નામ આ વિભાગમાં પ્રકટ થાય છે. વળી અહીં પ્રકટ થતાં નામો ઉપરાંતની કોઈ યાદી અમારી પાસે રહેતી ન હોઈ વ્યક્તિગત રીતે મોકલવાનું શકય નથી, એટલે એ અંગે તથા આ નામો પ્રકટ કરવા સિવાય એ વિષેની અન્ય કોઈ બાબતોની અમારી જવાબદારી ન હોઈ એ માટે પૃચ્છા ન કરવાની સૌ મિત્રોને વિનતિ છે.

નીચે આપેલાં દરેક નામ-સરનામાં પછી આ રીતે—( )કૌંસમાં પત્રમિત્રની જાતિ (M=પુરુષ, F=સ્ત્રી) અને વય દર્શાવ્યાં છે.

(1) Sissy Bochzelt, A-8700 Leoben-Lerchenfeld F 4, Austria. (F-14) Sports, music, (2) Sally Flanagan, Dooroy, Clonbur Co. Galway, Ireland (F-16) General interests. (3) Peter Bachmaier, A-8707 Leoben-Goss, Austria. (M-13) Stamps, electronics, model building. (4) Robert Mac Donald, 29 September Road. Liverpool 5, England. (M-15) General interests. (5) Mapabi A. G. Steveni, P. O. Box 654, Mbale, Uganda, East Africa. (M-16) Stamps, postcards, reading, cycling, dancing, pop music.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૩ (૧૯૩૩) હિમાલય અને દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ પરથી પહેલી વાર વિમાનનું ઉડ્ડયન થયું.

તા. ૭ (૧૯૫૨) બે વર્ષે અને પોણા ચાર કરોડના ખર્ચે તૈયાર થએલી ૨૭ માઈલ લાંબી મુકેરીઅન–પઠાણકોટ રેલવે લાઈન ખુલ્લી મુકાઈ. મધ્ય અને દક્ષિણ ભારતને આવરી લેતી આજની 'મધ્ય' રેલવે એટલે કે અગાઉની 'જી. આઈ. પી.' (ગ્રેટ ઇન્ડિયન પેનિન્સ્યુલર) રેલવે પણ આ (એપ્રિલ) માસની ૧૬મી તારીખે ઈ. ૧૮૫૩માં ખુલ્લી મુકાઈ હતી.

તા. ૯ (૧૮૬૫) ઍપોમેટૉક્સ ખાતે જનરલ લીએ જન. ગ્રાંટ સમક્ષ શરણાગતિ સ્વીકારી અને અમેરિકાના આંતરવિગ્રહનો અંત આવ્યો. આ વિગ્રહના વિજેતા જન. ગ્રાંટનો જન્મ પણ એપ્રિલની ૨૭મી તારીખે (ઈ. ૧૮૨૨) થએલો. આ આંતરવિગ્રહનો આરંભ પણ આ જ માસની ૧૨મીએ ફોર્ટ સમ્ટર પરની ગોલંદાજી સાથે થએલો. (ઈ. ૧૮૬૧) ને આ વિગ્રહમાં સૌ પ્રથમ મોતને ભેટનાર ચાર સૈનિકો લડાઈમાં નહિ, પણ મૅસાચુસેટ્સથી વૉશિંગ્ટન ડી.સી. જતી લશ્કરી ટુકડી બાલ્ટિમોરમાંથી પસાર થઈ ત્યારે ત્યાંના લોકોએ એના પર કરેલા પથ્થરમારાથી મરેલા.

તા. ૧૬ (૧૮૮૯) ગયા મહિને જેને બ્રિટનનો નાઈટહૂડ (સર) નો ખિતાબ એનાયત થયો એ જગવિખ્યાત હાસ્યનટ અને ફિલ્મનિર્માતા ચાર્લી ચૅપ્લિનનો જન્મ. એની માતા તખ્તા પર 'રંગલી'ના જેવું પાત્ર ભજવતી અને પિતા અચ્છા ગાયક હતા. પિતાના અકાળ અવસાનથી અત્યંત ગરીબીમાં ઊછરતા ચાર્લીએ છેક બાળવયથી તખ્તા પર કામ કરવા માંડેલું. ને પછી અમેરિકા પહોંચી જઈ ત્યાં નાનીનાની મૂગી ફિલ્મોમાં અભિનય આપવા માંડયો. 'ધી વૉવ-વૉવ', 'અ નાઈટ ઈન અ લંડન ક્લબ', 'અ નાઈટ ઈન અન ઇંગ્લિશ મ્યુઝિક હૉલ' વગેરે એની ત્યારની જાણીતી ફિલ્મો છે. એ પછી 'મેકિંગ અ લિવિંગ' અને તેના પછી 'ધ કિડ ઑટો-રેઈસ' એ ઈ. ૧૯૧૪ની એની લગભગ પાંત્રીસ જેટલી નાની ફિલ્મોમાંની જાણીતી છે. લઘરવઘર રખડુ ભોપા જેવી એની લાક્ષણિક હાસ્યાસ્પદ અદાનો અહીંથી આરંભ થયો. બીજે વર્ષે પણ સોળ જેટલી ફિલ્મો તૈયાર થઈ જેમાં 'ધ બૅન્ક'ની કથા અને દિગ્દર્શન પણ એનાં જ હતાં. એની ખ્યાતિ અને કમાણી ખૂબ વધી હતી. આ જ અરસામાં 'અ બીઝી ડે'માં ઈર્ષાળુ પત્નીનો ને 'અ વૂમન'માં નાયિકાનો સ્ત્રીપાઠ પણ એણે કર્યો છે.

તે પછીનાં બએક વર્ષમાં એણે બબ્બે રીલની બીજી બારેક ફિલ્મો બનાવી જેમાંથી 'ધ ફાયરમૅન', 'ધ ઍડવેન્ચરર' અને 'વન એ. એમ.' જાણીતી છે. 'વન એ. એમ.'માં બહુ જ ઓછી જગ્યામાં હરીફરીને એણે ભજવેલું દારૂડિયાનું પાત્ર બહુ વખણાયું હતું. ત્યાર બાદની એની અનેક ફિલ્મોમાંથી 'અ ડૉગ્સ લાઈફ', 'ટિલીઝ પંકચર્ડ રોમાન્સ', 'સોલ્જર્સ આર્મ', 'મે-ડે', 'સની સાઈડ', 'ધ કિડ, 'અ કિસ ફૉર સિન્ડ્રેલા', 'ધ આઈડલ કલાસ' વગેરે પ્રખ્યાત છે.

બીજી બાજુ ઈ. ૧૯૧૯માં ચાર્લીએ ડી. ડબ્લ્યુ. ગ્રિફિથ, એ સમયના વિખ્યાત ઍક્ટર ડગ્લાસ ફેરબૅન્કસ અને એની ખ્યાતનામ અભિનેત્રી પત્ની મેરી પિકફર્ડ સાથે મળીને 'યુનાઇટેડ આર્ટિસ્ટ કૉર્પો.' નામે ફિલ્મ-નિર્માણ સંસ્થા સ્થાપી હતી. એમાં તૈયાર કરેલી આઠેક ફિલ્મોમાં 'ગોલ્ડ રશ', 'ધ સર્કસ', 'સિટી લાઈટ', 'મૉડર્ન ટાઈમ્સ' અને 'ધ ગ્રેઈટ ડિક્ટેટર' બહુ સફળ રહી. આ છેલ્લી ફિલ્મમાં એણે હિટલર ને એના સાથીદારોની નકલ દ્વારા એમના પર અજબ કટાક્ષ કર્યો હતો. આ છેલ્લી ફિલ્મમાં પહેલી જ વાર ચાર્લીનો અવાજ પણ સાંભળવા મળ્યો.

પણ બીજા વિશ્વયુદ્ધનાં પાછલાં વર્ષો દરમિયાન એના પર ઠીકઠીક



ચાર્લી ચૅપ્લિન, એની વિવિધ લાક્ષણિક અદામાં

આફતો ઊતરી પડી. જોન બેરી નામની એક સ્ત્રીએ ચાર્લીને પોતાના બાળકનો પિતા ઠેરવી એ અંગે એના પર દાવો માંડયો. રશિયાના પક્ષમાં પોતાનો મત પ્રકટ કરવા બદલ અમેરિકન પ્રજામાં પણ એની નાલેશી થઈ. બીજી બાજુ 'એલિસ ઈન વન્ડરલૅન્ડ' ચિત્રનું કામ પણ એના હાથ પર હતું. પણ આ બધી આફતોમાંથી નીકળી એણે પોતાનું કામ જારી રાખ્યું અને ૧૯૪૭માં એનું 'મૉસ્યૉર વર્દૂ' રજૂ થયું. એમાં એણે મૂકેલા શાંતિવાદના સંદેશને અમેરિકનોએ યુદ્ધ અંગેની વક્રદૃષ્ટિ તરીકે ઘટાવવાથી એ ચિત્ર અમેરિકામાં ઊપડયું નહિ. વળી, પોતાની લાક્ષણિક અદા છોડી ચાર્લીએ એમાં છેલબટાઉ ખૂનીનું ગંભીર પાત્ર ભજવેલું. અદાકારીનો આ ફેરફાર પણ ઘણાને ગમ્યો નહિ. પણ અમેરિકા બહાર અન્યત્ર યે ફિલ્મને સારો આવકાર મળેલો.

ઈ. ૧૯૫૨થી એણે, વિખ્યાત નાટયલેખક યુજિન ઓ' નીલની પુત્રી અને પોતાની ચોથી પત્ની ઊના (ઓ' નીલ) સાથે અમેરિકા છોડી સ્વિટ્ઝરલૅન્ડમાં વાસ કર્યો હતો. આ અગાઉ ૧૯૧૮માં એણે મિલ્ડ્રેડ હૅરિસ સાથે લગ્ન કરેલું જે સંબંધ બે જ વર્ષ ટકેલો. તે પછી 'ધ આઈડલ કલાસ'માં એની સાથે કામ કરતી ઍડના પરવિયન્સની પુત્રી લોલિતા (પછીથી લિટા ગ્રે) સાથે અને ત્યાર બાદ 'મૉડર્ન ટાઈમ્સ'માં એની સાથે કામ કરતી 'પોલેટ ગૉડાર્ડ' સાથે એ પરણેલો. ઊના સાથે એને ઈ. ૧૯૪૨થી પરિચય થએલો અને ત્યારે માત્ર એ ૧૮ વર્ષની જ હતી.

છેલ્લે છેલ્લે ચાર્લીએ 'લાઈમ લાઈટ', 'અ કિંગ ઈન ન્યૂ યૉર્ક' અને 'અ કાઉન્ટેસ ફ્રૉમ હૉંગકૉંગ' એ ત્રણ ફિલ્મો બનાવી, પોતાનાં જૂનાં ચિત્રોમાં સંગીત બેસાડયું અને આત્મકથા લખી.

અત્યંત ગરીબીમાંથી આગળ વધી બહુ ઓછા સમયમાં દુનિયાભરમાં એણે નામના મેળવી. લઘરવઘર રખડુ મુફલિસના પોતાના લાક્ષણિક પાત્ર દ્વારા અનેક હાસ્યાસ્પદ છબરડા રજૂ કરી ગરીબ ભોળા આદમીના જીવનની કરુણતાને એણે આગવી રીતે ઊપસાવીને અદાકારીનું એક અજબ દૃષ્ટાંત પૂરું પાડયું છે. બે વિશ્વયુદ્ધ વચ્ચેના ગાળામાં એણે ઉત્તરોત્તર ઉત્તમ ફિલ્મો આપી, જેના પર પૂર્ણતઃ એના અભિનયનો વ્યાપ ને પ્રભાવ હતો.

તા. ૨૮ (૧૯૫૨) અમેરિકા સાથે શાંતિ કરારો કરી જાપાને ફરીથી પોતાનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું. બીજા વિશ્વયુદ્ધમાં અજબ યુદ્ધશૌર્ય બતાવ્યા છતાં મળેલી હાર અને ઍટમ બૉંબના ભયાનક અનુભવ બાદ અમેરિકન વર્ચસ્વમાંથી છૂટયા પછીના બે દાયકામાં એણે વિવિધ ક્ષેત્રે જે વિકાસ સાધી બતાવ્યો છે તે પ્રજાકીય તથા રાષ્ટ્રીય પુરુષાર્થનું અનુકરણીય અને પ્રેરક ઉદાહરણ છે.

તા. ૩૦ (૧૯૪૫) જર્મનીને બીજા વિશ્વયુદ્ધમાં ખેંચી જનાર અને શરૂ શરૂમાં લગભગ સમગ્ર યુરોપ પર ધાક બેસાડી જનાર ઍડોલ્ફ હિટલરે એ યુદ્ધમાં હાર પામતાં આપઘાત કર્યો. એનો જન્મ પણ એપ્રિલની ૨૦મી તારીખે (ઈ. ૧૮૮૯) થએલો. જર્મનીના વાદે ચડીને ઈટાલીને યુદ્ધમાં ઘસડી જનાર તેના સરમુખત્યાર બેનિટો મુસોલિની પણ ૨૮મી એપ્રિલે (૧૯૪૫) દેશવાસીઓના હાથે માર્યો ગયો હતો.

જિંદગી વાટે નથી 'કિસ્મત' ઉતાવળ કામની,
ચાલનારા પહોંચશે ને દોડનારા થાકશે.

— કિસ્મત કુરેશી



ઈ. પૂર્વે ૧૫૦ વરસનો ઈઝરાએલનો સિક્કો 'શેકેલ.' શેકેલનો મૂળ અર્થ થાય છે: વજન.

ગાંધીજીએ તિલક સ્વરાજ્ય ફાળો જાહેર કર્યો ત્યારે ફાળો ઉઘરાવવા ફરતા સ્વામી આનંદ ડૉ. હરિપ્રસાદ પાસે ગયા. ડૉક્ટરે ચેકબુક મંગાવી રૂા. ૫૦૦નો ચેક ફાડચો. દાક્તર જેવા મધ્યમ સ્થિતિના માણસ તરફથી આવડી રકમ આવતી જોઈ સ્વામી આશ્ચર્યથી સ્તબ્ધ થઈ બોલી ઊઠચા: 'દાક્તર, તમે?' ડૉક્ટરે કહ્યું: 'ગાંધીજીએ દેશ માટે સર્વસ્વનો ત્યાગ કરવાનું કહ્યું છે. મારી પાસે બૅંકમાં જે કાંઈ બચત હતી તે આજે કાઢી આપી છે. હવેથી માત્ર શરીરની સેવા આપી શકીશ.'

કહેવતોના અર્થ: 'સલુક હોય તો મલુક ખવાય'—સલુક = સંપ, સારી રીતભાત; મલુક = ઉત્તમ વસ્તુ; એમ એ બે શબ્દોના અર્થ સમજાતાં સ્પષ્ટ થતી પ્રબોધક કહેવત. એને મળતી બીજી કહેવત: 'સંપ ત્યાં જંપ.'



હિમાલયનાં શિખરો હિમાચ્છાદિત હોઈ ત્યાં કાતિલ ઠંડી હોય છે, જ્યારે એની તળેટીમાં ગરમ પ્રદેશની વનસ્પતિઓ ઊગે છે!

ગણિતગમ્મત (મ. ના. ખત્રી)

૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, એ એકથી અનુક્રમે આઠ આંકડા છે. એમાંની ખૂબી જુઓ:

$(૮+૭+૬+૫)-(૪+૩+૨+૧)=૪^૨$

$(૮^૨+૭^૨+૬^૨+૫^૨)-(૪^૨+૩^૨+૨^૨+૧^૨)=૧૨^૨$

$(૧+૨+૩+૪+૫+૬+૭+૮)=૩૬=૬^૨$

$\left\{\frac{(૮^૨+૭^૨+૬^૨+૫^૨)-(૪^૨+૩^૨+૨^૨+૧^૨)}{(૧+૨+૩+૪+૫+૬+૭+૮)}\right\}=૨^૨$

$(૭^૨+૬^૨+૧^૨)-(૪^૨+૩^૨+૨^૨)=(૧+૮)^૨$

$(૧\times૨+૩\times૪)+(૫\times૬)+(૭\times૮)=૧૦૦$

$(૧\times૮)+(૨\times૭)+(૩\times૬)+(૪\times૫)=૬૦$

અને $૧૦૦^૨-૬૦^૨=૮૦^૨$

$(૨^૨+૪^૨+૬^૨+૮^૨)-(૧^૨+૩^૨+૫^૨+૭^૨)=૬^૨$

અનેકાર્થી શબ્દ: **મુંડ** = માથું કે ખોપરી; મુંડન કરેલો એક સાધુ; એક ઉપનિષદ: ગાયોનો સમૂહ; પશુને બાંધવાનો ખીલો; મુખી કે મુખ્ય માણસ; હજામ; એક જાતનું લોઢું; ગિલ્લીદંડાની રમતમાં વપરાતો શબ્દ; ચાર ઇંચનું માપ-મૂઠી; કુંઠિત; મંદ બુદ્ધિનું; હલકું; મગ.

ટપાલ-ટિકિટની કથા



ઈ. ૧૯૩૫માં રાજા જ્યૉર્જ પાંચમાની રજતજયંતી નિમિત્તે બ્રિટને ચાર ખાસ ટપાલ ટિકિટો બહાર પાડી. એમાંની આ એક 'અલ્ટ્રામરીન' (ગળી જેવા) રંગમાં હતી. પણ અજમાએશ માટે છાપખાનામાં 'પ્રશ્યન બ્લ્યૂ' (લીલાશપડતા વાદળી) રંગમાં પણ તેની કેટલીક છાપ લેવાએલી. કોઈ ચૂકથી એ અજમાયશી નમૂનાના ત્રણ તાવ (૩૬૦ ટિકિટો) લંડનમાં નૉર્થ એડમૉન્ટનની સબ પોસ્ટ ઑફિસમાં વેચાણમાં આવી ગયા ને એમાંની ૪૦ ટિકિટો વેચાઈ પણ ગઈ. પછી અકસ્માત એક સંગ્રાહકે આ રંગફેર જોતાં બાકીની બધી ટિકિટો ખરીદી લઈ વધુ ભાવે ટિકિટોના વેપારીને આપી ને વેપારીએ એ એકએક ટિકિટ ૪૦ પાઉન્ડે વેચી! હવે સંગ્રાહકો પેલી અગાઉ વેચાઈ ગએલી ટિકિટો ખોળે છે. હજી એમાંની ૨૮નો પત્તો નથી. કદાચ એ નાશ પામી હશે, યા કોને ખબર કદાચ ક્યાંકથી મળી પણ આવે. જોજો, તમારી પાસે તો નથી ને?

માએ દુકાનદારને ઊધડો લીધો! 'મેં બે રતલ મીઠાઈ મંગાવી ને તમે મારા દીકરાને દોઢ રતલ જ મીઠાઈ આપીને બે રતલના પૈસા પડાવી લીધા!'

મીઠાઈવાળો: 'માવડી, મેં તો બે રતલ બરોબર તોળીને આપી હતી. પણ તમે તમારા દીકરાને તોળી જોયો?'



કલાકણિકા: પૂનાના રાજા કેલકર સંગ્રહાલયમાં સચવાએલી આ 'મકર વીણા'માં કર્ણમધુર સૂર વહાવતી તંતુરચના જ નહિ, ચક્ષુનોય આકારસર્જનના કલાકૌશલનો પણ સમન્વય છે.



હંમેશાં સદ્માર્ગે અનુસરીએ।
પરસ્પર વફાદાર રહીએ।
એકબીજાંના ઘાતક ન બનીએ।
હિંસા ન આચરીએ।
બીજાંના દૃષ્ટિબિન્દુને સમજીએ।
અને સંગઠિત બનીએ॥

ઋગ્વેદ

આપણે સૌ ભારતીય છીએ



દુનિયાની સાત વ્યક્તિઓમાં
એક ભારતીય છે.
વિભિન્ન જાતિઓમાં વહેંચાયેલ છતાં
આપણે એક પ્રજા છીએ.
ભારતીય હોવાનું આપણને ગૌરવ છે.

માહિતી-ગુજ-૫-'૭૪